# આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

## નો યોર કસ્ટમર[KYC]અને

## એન્ટિ મની લોન્ડરિંગ [AML] મેઝર્સ પોલિસી

*(સુધારો 7મી ઓગસ્ટ, 2024થી અમલી)*

*(વર્ઝન–XI)*

| *વર્ઝન નંબર* | *થી અમલી* | *બોર્ડની મંજૂરી તારીખ* |
|---|---|---|
| I | ડિસેમ્બર 2010 | 27મી ડિસેમ્બર, 2010 |
| II | ઓક્ટોબર 2015 | 19મી ઓક્ટોબર, 2015 |
| III | એપ્રિલ 2017 | 28મી માર્ચ, 2017 |
| IV | એપ્રિલ 2018 | 24મી એપ્રિલ, 2018 |
| V | એપ્રિલ 2019 | 30મી એપ્રિલ, 2019 |
| VI | ઓગસ્ટ 2020 | 18મી ઓગસ્ટ, 2020 |
| VII | મે 2021 | 28મી મે, 2021 |
| VIII | ફેબ્રુઆરી 2022 | 14મી ફેબ્રુઆરી, 2022 |
| IX | ઓગસ્ટ 2023 | 09મી ઓગસ્ટ, 2023 |
| X | જાન્યુઆરી 2024 | 10મી જાન્યુઆરી, 2024 |
| XI | ફેબ્રુઆરી 2024 | 08મી ફેબ્રુઆરી, 2024 |
| XII | ઓગસ્ટ, 2024 | 7મી ઓગસ્ટ, 2024 |

**અનુક્રમણિકા**


| અનુ. નં. | વિષય | પાનાં નં. |
|---|---|---|
| 1 | પ્રસ્તાવના | 4 |
| 2 | પ્રકરણ–I<br>અમલપાત્રતા અને વ્યાખ્યાઓ | 5-11 |
| 3 | પ્રકરણ–II<br>સામાન્ય | 12-13 |
| 4 | પ્રકરણ–III<br>ગ્રાહકસ્વીકાર્યતા પોલિસી | 13-14 |
| 5 | પ્રકરણ– IV<br>જોખમવર્ગીકરણ અને સંચાલન | 14-16 |
| 6 | પ્રકરણ– V<br>ગ્રાહકઓળખ પ્રક્રિયા(CIP) | 16-16 |
| 7 | પ્રકરણ–VI<br>ગ્રાહકડ્યુ ડિલિજન્સ(CDD)પ્રક્રિયા:<br>ભાગI- ગ્રાહકડ્યુ ડિલિજન્સ (CDD)પ્રક્રિયાવ્યક્તિગત સંજોગોમાં | 16-21 |
| | ભાગII- CDDપગલાં સંપૂર્ણ માલિકીની પેઢી માટે | 21-22 |
| | ભાગIII-CDDપગલાં કાનૂની એકમો માટે | 22-24 |
| | ભાગIV–લાભાર્થી માલિકની ઓળખ | 24 |
| | ભાગV-પ્રવર્તમાનડ્યુ ડિલિજન્સ | 24-27 |
| | ભાગVI– વિસ્તારેલી અને સરળીકૃતડ્યુ ડિલિજન્સપ્રક્રિયા | 27-29 |
| 8 | પ્રકરણ–VII<br>રેકર્ડ સંચાલન | 29-30 |
| 9 | પ્રકરણ–VIII<br>ફાયનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ- ઈન્ડિયાને જરૂરિયાતોનું રિપોર્ટિંગ | 30-30 |
| 10 | પ્રકરણ– IX<br>આંતરરાષ્ટ્રીય કરારો હેઠળ જરૂરિયાતો/ફરજો | 31-34 |

| | | |
|---|---|---|
| 11 | પ્રકરણ– X<br><br>અન્ય સૂચનાઓ | 34-38 |
| 12 | પરિશિષ્ઠI<br><br>ડિજિટલKYCપ્રક્રિયા | 38-39 |
| 13 | પરિશિષ્ઠII<br><br>PIS હેઠળ પાત્રતા ધરાવનારા FPIs માટે KYCદસ્તાવેજો | 39-41 |
| 14 | પરિશિષ્ઠIII<br><br>ઓછા જોખમવાળા વર્ગના ગ્રાહકો માટે વિચારણા કરવા યોગ્ય વધારાના KYC દસ્તાવેજોની યાદી | 41-42 |
| 15 | પરિશિષ્ઠIV<br><br>CTR/STRવ્યવહારો માટે નિદર્શનાત્મક યાદી | 43-44 |

**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

નો યોર કસ્ટમર [KYC]અને એન્ટિ મની લોન્ડરિંગ (AML)પગલાંની પોલિસી

## 1. પ્રસ્તાવના

કંપની, આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ની સ્થાપના વર્ષ 1990માં કરાઈ હતી અને નેશનલ હાઉસિંગ બેંક સમક્ષ (NHB) તેની નોંધણી કરાઈ હતી અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયંત્રિત કરવામાં આવી હતી. કંપનીએ RBI/NHBની આવશ્યકતા અનુસાર KYC & AML પોલિસી (પોલિસી) અપનાવેલી છે, તેમજ સમયાંતરે યોગ્ય લાગે તે રીતે આ પોલિસીમાં સુધારા-વધારા કરેલા છે, જે માટે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મંજૂરી મેળવેલી છે.

આ પોલિસીને આરંભમાં 10મી એપ્રિલ, 2006ની તારીખ ધરાવતા નો યોર કસ્ટમર (KYC) માર્ગદર્શિકાઓ તથા એન્ટિ-મની લોન્ડરિંગ માપદંડો અંગે NHB દ્વારા જારી કરાયેલા ને NHB (ND)/DRS/Pol-ના.13/2006 રેફરન્સ નંબર ધરાવતા જાહેરનામાંના અનુસંધાનમાં ઘડવામાં આવી હતી, જે શ્રેષ્ઠ કોર્પોરેટ પ્રણાલિઓનો એક હિસ્સો હતી. NHB દ્વારા તેના 11મી ઓક્ટોબર, 2010ની તારીખ ધરાવતા પરિપત્ર નં.NHB/ND/DRS/Pol. ના. 33/2010 -11 થકી જારી કરાયેલી માર્ગદર્શિકાઓમાં કરાયેલા સુધારાઓ અનુસાર આ પોલિસીને સુધારીને અપડેટ કરાઈ હતી અને તેમાં સમયાંતરે 2 જુલાઈ, 2018ના રોજ જારી કરાયેલા માસ્ટર પરિપત્ર NHB(ND)/DRS/REG/MC-04/2018અને 11 માર્ચ, 2019ના રોજ જારી કરાયેલા પરિપત્ર નં. NHB/ND/DRS/પોલિસી પરિપત્ર નં.94/ 2018-19 દ્વારા જાહેર કરાયેલા એન્ટિ-મની લોન્ડરિંગ માપદંડો તથા KYC માર્ગદર્શિકાઓ મુજબ વધુ સુધારા કરાયા હતા.

આ પોલિસીમાં ફરીથી 24મી એપ્રિલ, 2018ના રોજ યોજાયેલી બોર્ડની બેઠકમાં સમીક્ષા કરીને બોર્ડ દ્વારા મંજૂર કરાઈ હતી અને તેની પછીથી 30મી એપ્રિલ, 2019ના રોજ યોજાયેલી બોર્ડની બેઠકમાં તેની સમીક્ષા કરીને સુધારો કરાયો હતો અને તે પછી બોર્ડની 19 મે, 2020ની તારીખના પરિપત્ર નં. RBI/2019-20/235,DOR.NBFC(HFC).CC.ના.111/03.10.136/2019-20અને નં. RBI/DBR/2015-16/18 અનુસાર 18મી ઓગસ્ટ, 2020ના રોજ યોજાયેલી તેની બેઠકમાં યોગ્ય રીતે મંજૂર કરાયેલી હતી.

20 એપ્રિલ, 2020ની તારીખના માસ્ટર ડાયરેક્શન DBR.AML.BC.ના.81/ 14.01.001/2015-16 કે જેના હેઠળ નો યોર કસ્ટમર (KYC) ડાયરેક્શન, 2016 (“**માસ્ટર ડાયરેક્શન ઓનKYC/ RBI માસ્ટર ડાયરેક્શન**”). વધુમાં, બોર્ડ ઑફ ડાયરેક્ટર્સે 28 મે, 2021ના યોજાયેલી તેમની મીટિંગમાં પણ નીતિની સમીક્ષા અને સુધારો કાર્યા પછી મંજૂર કરી છે, જે સર્ક્યુલર નં. RBI/2021-22/35 DOR.AML.REC.No.15/14.01.001/2021-22 તારીખ 10 મે, 2021 સુધી અપડેટેડ છે, કેવાયસી વિશે માસ્ટર ડિરેક્શન (એમડી) સુધારા સંબંધે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા 14મી ફેબ્રુઆરી, 2022ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં કથિત પોલિસીની સમીક્ષા કરવામાં આવી હતી. વધુમાં કથિત પોલિસીની 09મી ઓગસ્ટ, 2023ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા પણ સમીક્ષા કરવામાં આવી હતી, જે KYC પર માસ્ટર ડાયરેક્શન (MD)માં સુધારા અંગે પરિપત્ર નંબર RBI/2023-24/24 DOR.AML REC.111/14.01.001/2023 -2024 તારીખ 28મી એપ્રિલ, 2023 અને 2023 RBI/2023-24/25 DOR.AML.REC.13/14.01.001/2023-24 તારીખ 4થી મે સુધી અપડેટ કરવામાં આવી હતી. વધુમાં કથિત પોલિસીની 10મી જાન્યુઆરી, 2024ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા છેલ્લીવાર સમીક્ષા કરવામાં આવી હતી, જે KYC પર માસ્ટર ડિરેક્શન (MD)માં સુધારા અંગે પરિપત્ર નંબર RBI/2023-24/69-DOR.AML.REC.44/14.01.001/2023-24 તારીખ 17મી ઑક્ટોબર, 2023, સુધી અપડેટ કરવામાં આવી હતી.

તદ્દપરાંત ભારત સરકાર દ્વારા બહાર પડાયેલા જાહેરનામાં મુજબના પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005 (અને તેમાં સમયાંતરે કરાયેલા સુધારા મુજબ)ની જોગવાઈઓના સંબંધમાં, કંપનીએ ગ્રાહકને સામેલ કરતી વેળાએ તેમજ એકાઉન્ટ આધારિત સંબંધની સ્થાપના કરીને અથવા તો અન્યત્ર ટ્રાન્ઝેક્શન હાથ ધરતી વેળાએ તેની ઓળખ માટે ચોક્કસ પ્રક્રિયાને અનુસરવી પડે તેમજ તેમના ટ્રાન્ઝેક્શન પર નિરીક્ષણ રાખવું પડે. AHFL દ્વારા સમયાંતરે કરાતા સુધારા તેમજ અમલપાત્રતા મુજબ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005ની જોગવાઈઓના અમલ માટે પગલાં ભરવાં પડે. આમ, આ પોલિસીને ગ્રાહકને જાણવા/સમજવા તેમજ તેમના નાણાકીય વ્યવહારોને સારી રીતે સમજવા ઘડાઈ છે જેના બદલામાં કંપનીને તેમના જોખમોનું યોગ્ય સંચાલન કરવામાં તેમજ મની લોન્ડરિંગની પ્રવૃત્તિઓ માટે ગુનાખોરો દ્વારા તેનો ઉપયોગ ટાળવામાં મદદ મળશે.

આ પોલિસીમાં હવે ભારતીય રિઝર્વ બેંકના (RBI) 10 મે, 2021ના રોજ અપડેટ કરાયેલા પરિપત્ર નં. માસ્ટર ડાયરેક્શન DBR.AML.BC.ના.81/ 14.01.001/2015-16 થકી જાહેર કરાયેલા લેટેસ્ટ સુધારા મુજબ ફેરફારો કરાઈ રહ્યા છે, જેથી RBI માસ્ટર ડાયરેક્શન ઓન નો યોર કસ્ટમર (KYC) ડાયરેક્શન, 2016 ("માસ્ટર ડાયરેક્શન ઓન KYC/ડાયરેક્શન્સ")ની ઉપર મુજબની જોગવાઈઓ અનુસાર આવા સુધારાના અનુસરણમાં જારી કરાયેલી વહીવટી સૂચનાઓ સહિતની જરૂરી અપડેટ્સ કરવાની જોગવાઈ કરાઈ છે. આ પોલિસીનો બોર્ડ દ્વારા મંજૂરી અપાયાની તારીખથી તાત્કાલિક અમલ થશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા પરિપત્ર નં. RBI/2023-24/69-DOR.AML.REC.44/14.01.001/2023-24 તારીખ 17મી ઑક્ટોબર, 2023 દ્વારા પરિપત્ર કરવામાં આવેલા સુધારા અનુસાર આ પોલિસીમાં સુધારો કરવામાં આવ્યો હતો. વધુમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા પરિપત્ર નંબર RBI/2023-24/107 DOR.AML.REC.66/14.01.001/2023-24 તારીખ 4થી જાન્યુઆરી, 2024 દ્વારા પરિપત્ર કરાયેલા નવીનતમ સુધારા અનુસાર પોલિસીમાં સુધારો કરવામાં આવ્યો હતો.

## પ્રકરણ I
## અમલપાત્રતા અને વ્યાખ્યાઓ

**2. અમલપાત્રતા**

આ પોલિસી ભારતીય રિઝર્વ બેંકના નિયમન હેઠળના તમામ એકમોને લાગુ પડશે, ખાસકરીને માસ્ટર ડાયરેક્શન્સ ઓન KYCના 3 (b) (xiv)માં કરાયેલી વ્યાખ્યા મુજબ, જેમાં અન્યત્ર ઉલ્લેખિત ખાસ સંજોગો અપવાદરૂપ રહેશે.

આ પોલિસી વિદેશમાં આવેલી કંપનીની એ બ્રાન્ચ અને બહુમતિ માલિકીની સબસિડિયરીઓને પણ લાગુ પડશે, જેની મર્યાદા યજમાન દેશના સ્થાનિક કાયદાઓને વિરોધાભાસી ન રહે ત્યાં સુધી રહેશે, જેની શરત એ હશે કે:

i. જ્યાં લાગુ પડતા કાયદાઓ અને નિયમો હેઠળ આ માર્ગદર્શિકાના અમલ પર પ્રતિબંધ હશે, તો તેને RBIના ધ્યાને લવાશે. RBI ML/TF જોખમો/ FATF નિયમોનું સંચાલન કરવા માટે કંપની દ્વારા લેવામાં આવનાર વધારાના પગલાંની અરજી સહિત કંપની દ્વારા વધુ જરૂરી પગલાં લેવાની સલાહ આપી શકે છે.

ii. RBI અને યજમાન દેશના નિયમનકાર દ્વારા નિર્ધારિત KYC/AML માપદંડોમાં તફાવત હશે તો કંપનીની બ્રાન્ચ/સબસિડિયરીઓએ બંનેમાંથી જે વધુ આકરા નિયમનો હશે તેને આત્મસાત કરવાના રહેશે.

iii. વિદેશમાં સ્થાપિત બેંકની બ્રાન્ચ/સબસિડિયરીઓ બંનેમાંથી વધુ આકરા નિયમનોને સ્વીકારી શકે છે એટલે કે, ભારતીય રિઝર્વ બેંક અને તેમના ઘરેલુ દેશના નિયમનકાર દ્વારા નિર્ધારિત માપદંડોમાંથી.

આ પોલિસીમાં એકાઉન્ટના કોઈ પણ સંદર્ભને લોન એકાઉન્ટ અથવા ધિરાણ ટ્રાન્ઝેક્શન તરીકે સંદર્ભિત કરાશે. કંપની હવે ડિપોઝીટ સ્વીકારતી નથી, જો કે, પ્રવર્તમાન ડિપોઝિટને સંલગ્નતાની મર્યાદા સુધી જરૂરિયાતો લાગુ પડશે.

**3. વ્યાખ્યાઓ**

અન્યત્ર જરૂરિયાત હોય તેના સિવાય, પોલિસીના હેતુસર, અહીં ઉલ્લેખિત શરતોનો મતલબ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002ને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005ની જોગવાઈઓની સાથે વંચાણે લેવા ઉપરાંત ડાયરેક્શન્સમાં તેમને ફાળવાયેલા અર્થનો પણ સંદર્ભ ધારણ કરશે. આ પોલિસીના સંદર્ભમાં નિદર્શનાત્મક રીતે, નીચેની શરતોનો ફાળવાયેલો મતલબ આ રહેશે. (જે ડાયરેક્શન્સ, એક્ટ અને નિયમોની જોગવાઈઓને આધિન હશે):

i. "આધાર નંબર"નો મતલબ આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016ની (2016ના 18) જોગવાઈ 2ના ક્લોઝ (a)માંતેને ફાળવાયેલા મુજબનો રહેશે;

ii. "એક્ટ" અને "નિયમો"નો મતલબ અનુક્રમે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005, અને તેમાં થતા સુધારા મુજબ રહેશે.

iii. આધાર પ્રમાણભૂતતાના સંદર્ભમાં "પ્રમાણભૂતતા"નો મતલબ, આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016ની કલમ 2ના પેટા-વિભાગ (c)માં નિર્ધારિત કરાયા મુજબની પ્રક્રિયા રહેશે.

iv. લાભાર્થી માલિક(BO):-

a. જ્યાં ગ્રાહક**એ કંપની** છે, લાભાર્થી માલિક કુદરતી વ્યક્તિ(ઓ) છે કે જેઓ એકલા અથવા સાથે મળીને અથવા એક અથવા વધુ ન્યાયિક વ્યક્તિઓ સાથે, નિયંત્રણાત્મક માલિકીપણાના હિતો ધરાવે છે અથવા અન્ય સંદર્ભ દ્વારા નિયંત્રણનો અમલ કરે છે.

સ્પષ્ટીકરણ- આ પેટા-કલમના હેતુસર-

1. "નિયંત્રણાત્મક માલિકીપણાના હિત"નો મતલબ થાય કંપનીના શેર અથવા મૂડી અથવા નફાના 25 ટકા કરતા વધુ માલિકીપણું/હકપાત્રતા.
2. "નિયંત્રણ"માં મોટાભાગના ડાયરેક્ટર્સની નિમણૂંકના અથવા મેનેજમેન્ટ કે પોલિસી નિર્ણયોને નિયંત્રિત કરવાના અધિકારનો સમાવેશ થાય છે જે શેરહોલ્ડિંગ અથવા મેનેજમેન્ટ અધિકારો અથવા શેરહોલ્ડર્સ કરાર અથવા વોટિંગ કરારની રૂએ મળે છે.

b. જ્યાં ગ્રાહક ભાગીદારી પેઢી છે, તેમાં લાભાર્થી માલિક એ કુદરતી વ્યક્તિ(ઓ), છે, પછી તે એકલા કાર્યરત હોય કે મળીને, અથવા એક અથવા વધુ ન્યાયિક વ્યક્તિઓ હોય, અને ભાગીદારીની મૂડી અથવા નફામાં 10 ટકા કરતા વધુ માલિકીપણું/હકપાત્રતા ધરાવતા હોય. સમજૂતી- આ પેટા-કલમના હેતુ માટે, "નિયંત્રણ" માં મેનેજમેન્ટ અથવા પોલિસીના નિર્ણયને નિયંત્રિત કરવાનો અધિકાર શામેલ હશે.

c. જ્યાંગ્રાહક**એ સ્થાપિત એસોસિયેશન અથવા વ્યક્તિઓની સંસ્થા** છે, તેમાં લાભાર્થી માલિક કુદરતી વ્યક્તિ છે, જે, એકલા અથવા સાથે મળીને, અથવા એક અથવા વધુ ન્યાયિક વ્યક્તિ દ્વારા કાર્યરત થાય છે, જે સ્થાપિત એસોસિયેશન અથવા વ્યક્તિઓની સંસ્થાની મિલ્કત અથવા મૂડી અથવા નફામાં 15 ટકાથી વધુ માલિકીપણું/હકપાત્રતા ધરાવતા હોય.

   સ્પષ્ટીકરણઃ શબ્દ 'વ્યક્તિઓની સંસ્થા'માં સોસાયટીઓ સામેલ છે. જેમાં કોઈ કુદરતી વ્યક્તિની ઉપરના (a),(b)અથવા(c)હેઠળ ઓળખ કરાતી નથી, તેમાં લાભાર્થી માલિક એવી સંલગ્ન કુદરતી વ્યક્તિ છે કે જે સિનિયર મેનેજિંગ અધિકારીનો હોદ્દો ધરાવે છે.

d. જ્યાં ગ્રાહક એક ટ્રસ્ટ છે, ત્યાં લાભાર્થી માલિક(કો)ની ઓળખમાં ટ્રસ્ટના અધિકૃત, ટ્રસ્ટીની ઓળખમાં સામેલ થશે, ટ્રસ્ટમાં 10%અથવા વધુ હિત ધરાવનાર લાભાર્થી અને એવી અન્ય કોઈ કુદરતી વ્યક્તિની ઓળખ કે જે નિયંત્રણની ચેઈન અથવા માલિકીપણા દ્વારા ટ્રસ્ટ પર અંતિમ અસરકારક નિયંત્રણનો ભોગવટો ધરાવતા હોય.

v. "પ્રમાણિત નકલ" –કંપની દ્વારા પ્રમાણિત નકલ મેળવવાનો મતલબ થાય આધાર નંબરના ધારકના પૂરાવાની નકલની તુલના કરવી કે જેમાં ઓનલાઈન વેરિફિકેશન કરતી શકાતું નથી અથવા સત્તાવાર માન્ય દસ્તાવેજ કે જેને ગ્રાહક દ્વારા ઓરિજિનલ સાથે પ્રસ્તુત કરાયો હોય અને ધારામાં સામેલ જોગવાઈઓ અનુસાર કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નકલ પર તેની નોંધ ટપકાવાઈ હોય.

   એ શરતે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (ડિપોઝિટ) રેગ્યુલેશન્સ, 2016માં નિર્ધારિત કરાયા મુજબ બિન-નિવાસી ભારતીયો (NRIs) અને ભારતીય મૂળની વ્યક્તિઓ (PIOs), વૈકલ્પિક રીતે, ઓરિજિનલ પ્રમાણિત નકલ, કે જેને નીચેનામાંથી કોઈ એક દ્વારા પ્રમાણિત કરાઈ હોય તે પ્રાપ્ત કરી શકાય:

   - ભારતમાં નોંધાયેલી શિડ્યુલ કોમર્શિયલ બેંકની વિદેશી બ્રાન્ચના અધિકૃત અધિકારી,
   - ભારતીય બેંકના જેની સાથે સંબંધ હોય તેવી વિદેશી બેંકની બ્રાન્ચ,
   - નોટરી જાહેર વિદેશમાં,
   - કોર્ટ મેજિસ્ટ્રેટ,
   - જજ,
   - જ્યાં બિન-નિવાસી ગ્રાહક વસવાટ કરે છે તે દેશમાં ભારતીય દૂતાવાસ/ કોન્સ્યુલેટ જનરલ.

vi. "સેન્ટ્રલ KYC રેકોર્ડ રજિસ્ટ્રી" (CKYCR)નો મતલબ થાય એવું એકમ કે જેની વ્યાખ્યા નિયમના નિયમ 2(1) હેઠળ કરાઈ હોય જેનો હેતુ ગ્રાહકના ડિજિટલ સ્વરૂપના KYCરેકર્ડની પ્રાપ્તિ, સંગ્રહ, સુરક્ષિત કરીને પુનઃપ્રાપ્ત કરવાનો હોય.

vii. "**નિર્ધારિત ડાયરેક્ટર**"નો મતલબ થાય એવી વ્યક્તિ કે જેને કંપની દ્વારા PML એક્ટના પ્રકરણ IV હેઠળ લદાયેલી ફરજોના એકંદર અનુસરણને સુનિશ્ચિત કરવા માટે નિમાયેલી હોય અને જે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા યોગ્ય રીતે અધિકૃત પૂર્ણ-કાલીન ડાયરેક્ટર અથવા મેનેજિંગ ડાયરેક્ટર હોય

   સ્પષ્ટીકરણ- આ નિયમના હેતુસર, શબ્દ "મેનેજિંગ ડાયરેક્ટર" અને "પૂર્ણ-કાલીન ડાયરેક્ટર"નો મતલબ કંપની ધારા, 2013માં તેમને ફાળવાયા મુજબનો રહેશે.

viii. "ડિજિટલ KYC"નો મતલબ ગ્રાહકનો લાઈવ ફોટો અને સત્તાવાર માન્ય દસ્તાવેજ અથવા આધારના કબજાનો પૂરાવો કેપ્ચર કરવો, જ્યાં ઓફલાઈન વેરિફિકેશન કરી શકાતું નથી, અને તેની સાથે સ્થળના અક્ષાંસ અને રેખાંશને પણ કેપ્ચર કરવા કે જ્યાં કંપનીના અધિકારી દ્વારા આ ધારાની જોગવાઈઓ અનુસાર આવો લાઈવ ફોટો કેપ્ચર કરવામાં આવ્યો હોય.

ix. "ડિજિટલ હસ્તાક્ષર"નો મતલબ પણ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000 (2000ના 21)ના વિભાગ (2)ના પેટાવિભાગ (1)ની કલમ

(p)માં તેને ફાળવાયા મુજબ રહેશે.

x. “સમકક્ષ ઈ-દસ્તાવેજ”નો મતલબ થાય દસ્તાવેજનો ઈલેક્ટ્રોનિક સમકક્ષ, કે જેને આવા દસ્તાવેજને જારી કરનાર સત્તાવાળાએ જારી કર્યો હોય અને સાથે તેના માન્ય ડિજિટલ હસ્તાક્ષર પણ હોય જેમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (પ્રિઝર્વેશન એન્ડ રિટેન્શન ઓફ ઈન્ફોર્મેશન બાય ઈન્ટરમિડિયેટરીઝ પ્રોવાઈડિંગ ડિજિટલ લોકર ફેસિલિટિસ) રૂલ્સ, 2016ના નિયમ 9 અનુસાર ગ્રાહકના ડિજિટલ લોકર એકાઉન્ટ દ્વારા જારી કરાયેલા દસ્તાવેજો પણ સામેલ હોય.

xi. “ગ્રુપ” – “ગ્રુપ” શબ્દનો અર્થ આવકવેરા અધિનિયમ, 1961 (1961 ના 43) ની કલમ 286 ની પેટા- વિભાગ (9) ની કલમ (e) માં તેને સોંપેલ સમાન અર્થ હશે.

xii. “નો યોર ક્લાયન્ટ (KYC) આઈડેન્ટિફાયર”નો મતલબ થાય એવો યુનિક નંબર અથવા કોડ કે જે સેન્ટ્રલ KYC રેકર્ડ રજિસ્ટ્રી દ્વારા ગ્રાહકને ફાળવાયો હોય.

xiii. “બિન-નફાકારક સંસ્થાનો” (NPO) મતલબ થાય એવી સંસ્થા કે સંગઠન કે જે આવકવેરા અધિનિયમ, 1961 (1961 ના 43) ની વિભાગ 2 ની કલમ (15) માં ઉલ્લેખિત ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે રચાયેલ જેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, 1860 અથવા તેના જેવા જ સરકારી કાયદા હેઠળ નોંધાયેલું કોઈ ટ્રસ્ટ અથવા સોસાયટી અથવા કોઈ કંપની કે જેની નોંધણી કંપની ધારા, 2013ની કલમ 8 હેઠળ થઈ હોય (2013 ના 18).

xiv. “સત્તાવાર માન્ય દસ્તાવેજ” (OVD)નો મતલબ થાય પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, આધાર નંબરના કબજાનો પૂરાવો, વોટર આઈ કાર્ડ કે જેને ભારતીય ચૂંટણી પંચ દ્વારા જારી કરાયું હોય, NREGA દ્વારા જારી કરાયેલું જોબ કાર્ડ કે જેની પર રાજ્ય સરકારના કોઈ અધિકારીએ હસ્તાક્ષર કરેલો હોય અને રાષ્ટ્રીય વસતિ પત્રક દ્વારા જારી કરાયેલો પત્ર કે જેમાં નામ અને સરનામાંનો ઉલ્લેખ હોય.

આ માટેની શરત એ કે,

a. જ્યાં ગ્રાહક OVD તરીકે આધાર નંબરના કબજાનો પોતાનો પૂરાવો રજૂ કરે છે, ત્યાં તે તેને એવા સ્વરૂપમાં પ્રસ્તુત કરી શકે છે જે રીતે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયું હોય.

b. જ્યાં OVD કે જેને ગ્રાહકે રજૂ કર્યું હોય તેમાં અપડેટેડ સરનામું ન હોય, તો નીચેના દસ્તાવેજો અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજોને તે મુજબ રહેઠાણના પૂરાવાના મર્યાદિત હેતુસર OVD તરીકે ધારી લેવાશે:-

   i. ઉપયોગના બિલ કે જે કોઈ પણ સર્વિસ પ્રોવાઈડરના હોય અને બે મહિનાથી જૂના ન હોય (લાઈટ, ટેલિફોન, પોસ્ટ-પેઈડ મોબાઈલ ફોન, પાઈપ્ડ ગેસ, પાણીનું બિલ);

   ii. મિલ્કત અથવા મ્યુનિસિપલ વેરાની રસીદ;

   iii. પેન્શન અથવા ફેમિલિ પેન્શન પેમેન્ટ ઓર્ડર્સ (PPO) કે જે સરકારી વિભાગો અથવા જાહેર સાહસો દ્વારા નિવૃત્ત કર્મચારીઓને અપાય છે, જો તેમાં સરનામું હોય તો;

   iv. રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારી વિભાગ, વૈધાનિક અથવા નિયમનકારી સંસ્થા, જાહેર ક્ષેત્રના સાહસો, શિડ્યુલ કોમર્શિયલ બેંક, નાણાકીય સંસ્થાઓ અને લિસ્ટેડ કંપનીઓ દ્વારા જારી કરાયેલા નોકરીદાતા તરફથી રહેઠાણની ફાળવણીનો પત્ર તેમજ સત્તાવાર નિવાસની ફાળવણી માટે આવા નોકરીદાતા સાથે થયેલા રજા અને પરવાના કરાર;

c. ગ્રાહકે OVDની સાથે ઉપર ‘b’માં નિર્ધારિત દસ્તાવેજો રજૂ કર્યાના ત્રણ મહિનામાં વર્તમાન સરનામું રજૂ કરવું

d. જ્યાં OVD કોઈ વિદેશી નાગરિક દ્વારા રજૂ કરાયું હોય અને જેમાં સરનામાની વિગતો ન હોય, તો આવા સંજોગોમાં વિદેશી અધિકારક્ષેત્રના સરકારી વિભાગો દ્વારા જારી કરાયેલા દસ્તાવેજો તેમજ ભારતમાંના વિદેશી દૂતાવાસો અથવા મિશન દ્વારા જાર કરાયેલા પત્રને રહેઠાણના પૂરાવા તરીકે માન્ય રખાશે.

   સ્પષ્ટીકરણઃ આ જોગવાઈના હેતુસર, પૂરાવો રજૂ કર્યા બાદ નામમાં ફેરફાર હશે તો પણ દસ્તાવેજને OVD તરીકે ધારી લેવાશે જેની શરત એ રહે કે તેની સાથે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલું લગ્નનું પ્રમાણપત્ર અથવા ગેઝેટ જાહેરનામું સમર્થનમાં હોવું જોઈએ, જે નામમાં આવા ફેરફારને સૂચવતું હોય.

xv. “ઓફલાઈન વેરિફિકેશન”નો મતલબ પણ આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016ની (2016ના 18)ની કલમ 2ના નિયમ (pa)માં નિર્ધારિત કરાયા મુજબ થાય.

xvi. “પર્સન”નો મતલબ ધારામાં નિર્ધારિત કરાયા મુજબ થાય અને તેમાં સામેલ છે:

   a. કોઈ વ્યક્તિ,
   b. હિન્દુ અવિભક્ત કુટુંબ,

c. કંપની,
d. પેઢી,
e. વ્યક્તિઓની સંસ્થા અથવા વ્યક્તિઓનું એસોસિયેશન કે જેની સ્થાપના કરાઈ હોય કે ન હોય
f. દરેક કૃત્રિમ ન્યાયિક વ્યક્તિ, કે જે ઉપરનામાંની કોઈ પણ એક વ્યક્તિની (aથી e) વ્યાખ્યામાં આવતી ન હોય, અને
g. એવી દરેક એજન્સી, ઓફિસ અથવા બ્રાન્ચ કે જેની માલિકી અથવા નિયંત્રણ ઉપરની વ્યક્તિમાંથી કોઈનું પણ હોય (aથી f)

xvii. "પ્રિન્સિપાલ ઓફિસર"નો મતલબ થાય મેનેજમેન્ટ સ્તરના એવા અધિકારી કે જેને કંપનીએ નોમિનેટ કર્યા હોય, જે નિયમોના નિયમ 8 હેઠળ માહિતી રજૂ કરવા માટે જવાબદાર હોય.

xviii. "શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન"નો મતલબ થાય એવું"ટ્રાન્ઝેક્શન" કે જે નીચે નિર્ધારિત કરાયા મુજબનું હોય, જેમાં એવા ટ્રાન્ઝેક્શનનો પ્રયાસ સામેલ હોય, પછી તે રોકડમાં કરાય કે ન કરાય, કે જે સારી ભાવનામાં વર્તતી વ્યક્તિ સાથે કરાય:

a. શંકાના વાજબી ઘેરાને અવકાશ આપે છે કે તેમાં કોઈ ગુનાઇત આવક સામેલ હોઈ શકે છે કે જેને ધારાના પરિશિષ્ટમાં નિર્ધારિત કરાયેલ હોય, પછી ભલેને તેમાં ગમેતે મૂલ્ય સામેલ હોય;અથવા
b. અસામાન્ય અથવા અસ્પષ્ટ જટિલતાના સંજોગોમાં તે આચર્યાનું જણાય;અથવા
c. જેમાં કોઈ આર્થિક તર્ક અથવા *બોના-ફાઈડ* ઉદ્દેશ દેખાતો ન હોય;અથવા
d. જેનાથી શંકાનો મજબૂત આધાર ઊભો થાય કે તેમાં ત્રાસવાદને લગતી પ્રવૃત્તિનું ધિરાણ સામેલ હોઈ શકે છે.

સ્પષ્ટીકરણઃ ત્રાસવાદને લગતી પ્રવૃત્તિઓને ધિરાણને સમાવતા ટ્રાન્ઝેક્શનમાં ત્રાસવાદ, ત્રાસવાદી કૃત્યો માટે અથવા ત્રાસવાદી, ત્રાસવાદી સંગઠન અથવા ત્રાસવાદને ધિરાણ માટે પ્રયાસ કરનારા અથવા ધિરાણ કરનારા વ્યક્તિ સાથે સંકલિત અથવા જોડાયેલા હોવાની શંકા ધરાવતા ફંડના ટ્રાન્ઝેક્શનનો સમાવેશ થાય છે.

xix. 'સ્મોલ એકાઉન્ટ'નો મતલબ થાય સેવિંગ્સ એકાઉન્ટ કે જે PML નિયમો, 2005ના પેટા-નિયમ (5)ની શરતોમાં ખોલાયું હોય. સ્મોલ એકાઉન્ટ અને નિયંત્રણોની કામગીરીની વિગતોને આવા એકાઉન્ટ માટે અમલી બનાવાશે અને તેને RBI માસ્ટર ડાયરેક્શન્સની કલમ 23માં નિર્ધારિત કરાયેલા છે.

xx. "ટ્રાન્ઝેક્શન"નો મતલબ થાય એવી વસ્તુની ખરીદી, વેચાણ, લોન, ગીરોખત, પ્લેજ, ભેટ, તબદિલી, ડિલિવરી અથવા વ્યવસ્થા કે જેમાં સામેલ હોય:

a. એકાઉન્ટ ખોલાવવું;
b. ગમેતે ચલણમાં ફંડને જમા કરાવવું, ઉપાડવું, વિનિમય અથવા તબદિલી, પછી તે રોકડમાં હોય કે ચેક દ્વારા, પેમેન્ટ ઓર્ડરથી અથવા અન્ય સાધનથી અથવા ઈલેક્ટ્રોનિક અથવા અન્ય બિન-ભૌતિક માધ્યમથી હોય;
c. સેફ્ટી ડિપોઝિટ બોક્સ અથવા અન્ય સ્વરૂપના સેફ ડિપોઝિટનો ઉપયોગ;
d. કોઈ વિશ્વાસ આધારિત સંબંધ સ્થાપવો;
e. કોઈ પેમેન્ટ આંશિક અથવા પૂર્ણ સ્વરૂપે કરવું અથવા મેળવવું, કોઈ કરાર આધારિત અથવા અન્ય કાનૂની ફરજના ભાગરૂપે; અથવા
f. કોઈ કાનૂની વ્યક્તિ અથવા કાનૂની વ્યવસ્થાની રચના કરવી.

KYC અંગે માસ્ટર ડાયરેક્શનમાં નિર્ધારિત અર્થને લગતી શરતો, સિવાય કે સંદર્ભમાં અન્યત્ર જરૂર પડે, ત્યાં સુધી તેનો અર્થ તેને નીચે મુજબ નિર્ધારિત કર્યા મુજબ રહેશે:

i. "કોમન રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ"(CRS)નો મતલબ થાય કરવેરાની બાબતોમાં મ્યુચ્યુઅલ એડમિનિસ્ટ્રેટિવ આસિસ્ટન્સ અંગેના ઠરાવના અનુચ્છેદ 6 પર આધારિત આપમેળે વિનિમયની માહિતી માટે હસ્તાક્ષર કરાયેલા બહુપક્ષીય કરારના અમલીકરણ માટેના માપદંડોના સેટનું રિપોર્ટિંગ.

ii. "કોરસ્પોન્ડન્ટ બેંકિંગ" કોરસ્પોન્ડન્ટ બેંકિંગ એ એક બેંક ("કોરસ્પોન્ડન્ટ બેંક") દ્વારા બીજી બેંક ("રિસ્પોન્ડન્ટ બેંક") માટે બેંકિંગ સેવાઓની જોગવાઈ છે. રિસ્પોન્ડન્ટ બેંકોને રોકડ વ્યવસ્થાપન (દા.ત. વિવિધ કરન્સીમાં વ્યાજ ધરાવતા અકાઉન્ટ્સ), આંતરરાષ્ટ્રીય વાયર ટ્રાન્સફર, ચેક ક્લિયરિંગ, ચૂકવવાપાત્ર-થ્રુ અકાઉન્ટ્સ અને વિદેશી વિનિમય સેવાઓ સહિતની વ્યાપક શ્રેણીની સેવાઓ પૂરી પાડવામાં આવી શકે છે.

iii. "ગ્રાહક"નો મતલબ થાય એવી વ્યક્તિ કે જે કંપની સાથે કોઈ નાણાકીય વ્યવહાર અથવા પ્રવૃત્તિમાં જોડાયેલો છે અને જેમાં એવી વ્યક્તિનો સમાવેશ થાય છે કે જેના વતી વ્યવહાર અથવા પ્રવૃત્તિ કરાઈ છે, અને જે તેમાં કાર્યરત છે.

iv. "વોક-ઈનગ્રાહક"નો મતલબ થાય એવી વ્યક્તિ કે જેનો કંપની સાથે એકાઉન્ટ-આધારિત સંબંધ નથી, પરંતુ કંપની સાથે વ્યવહાર હાથ ધરે છે.

v. “ગ્રાહકડ્યુ ડિલિજન્સ (CDD)”નો મતલબ થાય ઓળખના વિશ્વસનીય અને સ્વતંત્ર સ્રોતોનો ઉપયોગ કરીને ગ્રાહક તથા લાભાર્થી માલિકની ઓળખ કરીને તેને વેરિફાય કરવા.

સમજૂતી - CDD, એકાઉન્ટ-આધારિત સંબંધ શરૂ કરતી વખતે અથવા રૂ. પચાસ હજાર જેટલી અથવા તેનાથી વધુની રકમનો પ્રસંગોપાત વ્યવહાર કરતી વખતે, પછી ભલે તે એક જ વ્યવહાર તરીકે હાથ ધરવામાં આવે અથવા ઘણા વ્યવહારો કે જે જોડાયેલા હોય, અથવા કોઈપણ આંતરરાષ્ટ્રીય નાણાં ટ્રાન્સફર ઓપરેશનમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છે:

a. ગ્રાહકની ઓળખ, ઓળખના વિશ્વસનીય અને સ્વતંત્ર સ્રોતોનો ઉપયોગ કરીને તેમની ઓળખની ચકાસણી, જ્યાં લાગુ હોય ત્યાં વ્યાપારી સંબંધોના હેતુ અને ઉદ્દેશ્યની પ્રકૃતિ વિશે માહિતી મેળવવી;

b. ગ્રાહકના વ્યવસાયની પ્રકૃતિ અને તેની માલિકી અને નિયંત્રણને સમજવા માટે વાજબી પગલાં લેવા;

c. ગ્રાહક લાભાર્થી માલિક વતી કાર્ય કરી રહ્યો છે કે કેમ તે નિર્ધારિત કરવું અને ફાયદાકારક માલિકની ઓળખ કરવી અને ઓળખના વિશ્વસનીય અને સ્વતંત્ર સ્રોતોનો ઉપયોગ કરીને લાભકારી માલિકની ઓળખ ચકાસવા માટેના તમામ પગલાં લેવા.

vi. “ગ્રાહકઓળખ”નો મતલબ થાય CDDની પ્રક્રિયા હાથ ધરવી.

vii. “FATCA”નો મતલબ થાય ફોરેન એકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયન્સ એક્ટ ઓફ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA) કે જે આંતર જોડાણરૂપે, યુ.એસ. કરદાતા અથવા વિદેશી એકમો કે જેમાં યુ.એસ. કરદાતાઓ નોંધપાત્ર માલિકીપણાના હિતો ધરાવે છે તેમના દ્વારા ધારણ કરાયેલા નાણાકીય એકાઉન્ટ્સ વિશે રિપોર્ટ કરવાની વિદેશી નાણાકીય સંસ્થાઓ માટે આવશ્યકતા સર્જે છે.

viii. “IGA”નો મતલબ થાય આંતર સરકાર કરાર કે જે ભારત સરકાર અને USA વચ્ચે થયો છે જેનો ઉદ્દેશ USAના FATCAના અનુસરણ તેમજ આંતરરાષ્ટ્રીય કર અનુસરણમાં સુધારણા કરવાનો છે.

ix. “KYC ટેમ્પલેટ્સ”નો મતલબ થાય એવા ટેમ્પલેટ્સ કે જેને CKYCRને KYC ડેટાના રિપોર્ટિંગ અને તેના એકત્રીકરણને અનુકૂળ બનાવવા વ્યક્તિઓ અને કાનૂની એકમો માટે તૈયાર કરાયું છે.

x. “નોન-ફેસ-ટુ-ફેસગ્રાહકો”નો મતલબ થાય એવા ગ્રાહક કે જેઓ કંપનીની બ્રાન્ચ/ ઓફિસે ગયા અથવા કંપનીના અધિકારીને મળ્યા વિના જ લોન એકાઉન્ટ ખોલાવે છે.

xi. “પ્રવર્તમાન ડ્યુ ડિલિજન્સ”નો મતલબ થાય લોન એકાઉન્ટના વ્યવહારોનું નિયમિત નિરીક્ષણ જેથી સુનિશ્ચિત કરી શકાય કે તે ગ્રાહકો, ગ્રાહકોના વ્યવસાય અને જોખમની પ્રોફાઈલ અને ફંડ /સંપત્તિના સ્રોતો વિશે કંપનીના જ્ઞાન સાથે સમરૂપ છે.

xii. "ચૂકવવાપાત્ર-થ્રુ અકાઉન્ટ્સ " શબ્દ ચૂકવવાપાત્ર-થ્રુ અકાઉન્ટ્સ એ કોરસ્પોન્ડન્ટ અકાઉન્ટ્સને સંદર્ભિત કરે છે જેનો ઉપયોગ તૃતીય પક્ષો દ્વારા તેમના પોતાના વતી વ્યવસાય વ્યવહાર કરવા માટે થાય છે.

xiii. “સમયાંતરે અપડેશન”નો મતલબ થાય CDD પ્રક્રિયા હેઠળ એકત્ર કરાયેલા દસ્તાવેજો, ડેટા અને માહિતીને અપ-ટુ-ડેટ રાખવાનું સુનિશ્ચિત કરવા લીધેલા પગલાં જેના માટે પ્રવર્તમાન રેકર્ડની સમીક્ષા કરાય અને સમયાંતરે રિઝર્વ બેંક દ્વારા જેને નિર્ધારિત કરાય.

xiv. “રેગ્યુલેટેડ એન્ટિટીઝ” (REs) નો અર્થ છે:-

a) તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકો (SCBs)/ પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs)/ સ્થાનિક ક્ષેત્રની બેંકો (LABs)/ તમામ પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો (UCBs)/રાજ્ય અને કેન્દ્રીય સહકારી બેંકો (StCBs/CCBs) અને કોઈપણ અન્ય એન્ટિટી કે જેને બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ના વિભાગ 22 હેઠળ લાઇસન્સ આપવામાં આવ્યું છે, જેને એક ગ્રુપ તરીકે 'બેંક' તરીકે સંદર્ભિત કરવામાં આવશે.

b) અખિલ ભારતીય નાણાકીય સંસ્થાઓ (AIFIs)

c) બધી નોન-બેંકિંગ ફાયનાન્સ કંપનીઓ (NBFCs), મિસલેનિઅસ (વિવિધ) નોન-બેંકિંગ કંપનીઓ (MNBC) અને રેસિડ્યુરી (શેષ) નોન-બેંકિંગ કંપનીઓ

d) એસેટ રિકન્સ્ટ્રક્શન (સંપત્તિ પુનઃનિર્માણ) કંપનીઓ (ARC)

e) તમામ પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર્સ (PSPs)/ સિસ્ટમ પાર્ટિસિપન્ટ્સ (SPs) અને પ્રીપેડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ ઈશ્યુઅર્સ (PPI ઈશ્યુઅર્સ)

f) તમામ અધિકૃત વ્યક્તિઓ (APs) સહિત જેઓ મની ટ્રાન્સફર સર્વિસ સ્કીમ (MTSS) ના એજન્ટ, જે નિયમનકાર દ્વારા નિયંત્રિત છે.

નેશનલ હાઉસિંગ બેંકમાં નોંધાયેલ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તેના નોટિફિકેશન મુજબ નિયંત્રિત હાઉસિંગ ફાઈનાન્સ

કંપની હોવાને કારણે કંપનીને નિયમન કરાયેલ એન્ટિટી તરીકે ગણવામાં આવે છે.

xv. "શેલ બેંક" નો અર્થ એવી બેંક છે કે જે દેશમાં તે ઇન્કોર્પોરેટ થઇ છે અને લાઇસન્સ ધરાવે છે, તે દેશમાં કોઈ ભૌતિક ઉપસ્થિતિ ધરાવતી નથી, અને જે નિયંત્રિત નાણાકીય ગ્રુપ સાથે અસંબંધિત છે જે અસરકારક એકીકૃત દેખરેખને આધીન છે. ભૌતિક હાજરીનો અર્થ છે દેશની અંદર સ્થિત અર્થપૂર્ણ મન અને વ્યવસ્થાપન. ફક્ત સ્થાનિક એજન્ટ અથવા નિમ્ન-સ્તરના સ્ટાફનું અસ્તિત્વ ભૌતિક હાજરીનું નિર્માણ કરતું નથી.

xvi. “વિડિયો આધારિત ગ્રાહક ઓળખ પ્રક્રિયા (V-CIP)”: CDD હેતુ માટે જરૂરી ઓળખની માહિતી મેળવવા અને સ્વતંત્ર ચકાસણી દ્વારા અને પ્રક્રિયાના ઓડિટ ટ્રેઇલ જાળવતા ગ્રાહક દ્વારા આપવામાં આવેલી માહિતીની સત્યતાની ખાતરી કરવા કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ચહેરાની ઓળખ અને ગ્રાહક ડ્યુ ડિલિજન્સ સાથે સીમલેસ, સુરક્ષિત, જીવંત, માહિતી-સંમતિ આધારિત ગ્રાહક સાથે ઑડિયો-વિઝ્યુઅલ ઈન્ટરેક્શન (ક્રિયાપ્રતિક્રિયાઓ) હાથ ધરીને ગ્રાહકની ઓળખની વૈકલ્પિક પદ્ધતિ. નિર્ધારિત ધોરણો અને પ્રક્રિયાઓનું પાલન કરતી આવી પ્રક્રિયાઓને આ મુખ્ય નિર્દેશના હેતુ માટે ફેસ-ટુ-ફેસ CIP ની સમાન ગણવામાં આવશે.

xvii. "વાયર ટ્રાન્સફર સંબંધિત વ્યાખ્યા નીચે મુજબ છે-

a) બેચ ટ્રાન્સફર: બેચ ટ્રાન્સફર એ સંખ્યાબંધ વ્યક્તિગત વાયર ટ્રાન્સફરનું બનેલું ટ્રાન્સફર છે જે એક જ નાણાકીય સંસ્થાઓને મોકલવામાં આવે છે પરંતુ આખરે અલગ-અલગ વ્યક્તિઓ માટે ન પણ હોઈ શકે.

b) લાભાર્થી: લાભાર્થી એ કુદરતી અથવા કાનૂની વ્યક્તિ અથવા કાનૂની વ્યવસ્થાને સંદર્ભિત કરે છે જે/જેને વિનંતી કરેલ વાયર ટ્રાન્સફરના પ્રાપ્તકર્તા તરીકે ઉત્પત્તિકર્તા દ્વારા ઓળખવામાં આવે છે.

c) લાભાર્થી RE: તે RBI દ્વારા નિયંત્રિત નાણાકીય સંસ્થાને સંદર્ભિત કરે છે, જે ઓર્ડર કરતી નાણાકીય સંસ્થા પાસેથી સીધા અથવા મધ્યસ્થી કંપની દ્વારા વાયર ટ્રાન્સફર મેળવે છે અને લાભાર્થીને ફંડ ઉપલબ્ધ કરાવે છે.

d) કવર ચુકવણી: કવર ચુકવણી એ વાયર ટ્રાન્સફરને સંદર્ભિત કરે છે જે જે ઓર્ડર કરતી નાણાકીય સંસ્થા દ્વારા લાભાર્થી નાણાકીય સંસ્થાને સીધા જ મોકલવામાં આવેલા ચુકવણી મેસેજને ઓર્ડર કરતી નાણાકીય સંસ્થા પાસેથી લાભાર્થી નાણાકીય સંસ્થાને એક અથવા વધુ મધ્યસ્થી નાણાકીય સંસ્થાઓ દ્વારા ફંડિંગ સૂચના (કવર)ના રાઉટીંગ સાથે જોડે છે.

e) ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર: ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર એ કોઈપણ વાયર ટ્રાન્સફરને સંદર્ભિત કરે છે જ્યાં ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા અને લાભાર્થી નાણાકીય સંસ્થા વિવિધ દેશોમાં સ્થિત હોય. આ શબ્દ વાયર ટ્રાન્સફરની કોઈપણ ચેઈનનો પણ ઉલ્લેખ કરે છે જેમાં ઓછામાં ઓછી એક નાણાકીય સંસ્થાઓ અલગ દેશમાં સ્થિત હોય.

f) ડોમેસ્ટિક વાયર ટ્રાન્સફર: ડોમેસ્ટિક વાયર ટ્રાન્સફર એ કોઈપણ વાયર ટ્રાન્સફરને સંદર્ભિત કરે છે જ્યાં ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા અને લાભાર્થી નાણાકીય સંસ્થા ભારતમાં સ્થિત હોય. તેથી, આ શબ્દ વાયર ટ્રાન્સફરની કોઈપણ ચેઈનને સંદર્ભિત કરે છે જે સંપૂર્ણપણે ભારતની સરહદોમાં થાય છે, ભલે પછી ચુકવણી મેસેજ ટ્રાન્સફર કરવા માટે ઉપયોગમાં લેવાતી સિસ્ટમ અન્ય દેશમાં સ્થિત હોય.

g) નાણાકીય સંસ્થા: વાયર-ટ્રાન્સફર સૂચનાઓના સંદર્ભમાં, 'ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યુશન' શબ્દનો એ જ અર્થ હોવો જોઈએ જે તેને FATF ભલામણોમાં દર્શાવવામાં આવ્યો છે, જે સમયાંતરે સુધારેલ છે.

h) ઇન્ટરમીડિઅરિ (મધ્યસ્થી) કંપની: ઇન્ટરમીડિઅરિ (મધ્યસ્થી) કંપની એ નાણાકીય સંસ્થા અથવા અન્ય કોઈપણ એન્ટિટીને સંદર્ભિત કરે છે, જેનું RBI દ્વારા નિયમન કરવામાં આવે છે જે સીરીયલ અથવા કવર ચુકવણી ચેઈનમાં વાયર ટ્રાન્સફરના મધ્યસ્થી તત્વને સંભાળે છે અને ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા અને લાભાર્થી નાણાકીય સંસ્થા અથવા અન્ય મધ્યસ્થી નાણાકીય સંસ્થા વતી વાયર ટ્રાન્સફર મેળવે છે અને ટ્રાન્સમિટ કરે છે.

i) ઓર્ડર આપતી (ઓર્ડરિંગ) કંપની: ઓર્ડર આપતી (ઓર્ડરિંગ) કંપની એ નાણાકીય સંસ્થાને સંદર્ભિત કરે છે, જેનું RBI દ્વારા નિયમન કરવામાં આવે છે, જે વાયર ટ્રાન્સફરની શરૂઆત કરે છે અને ઉત્પત્તિકર્તા વતી વાયર ટ્રાન્સફરની વિનંતી પ્રાપ્ત કરવા પર ફંડ ટ્રાન્સફર કરે છે.

j) ઉત્પત્તિકર્તા (ઑરિજિનેટર): ઉત્પત્તિકર્તા (ઑરિજિનેટર) એ અકાઉન્ટ ધારકને સંદર્ભિત કરે છે જે તે અકાઉન્ટમાંથી વાયર ટ્રાન્સફરની મંજૂરી આપે છે, અથવા જ્યાં કોઈ અકાઉન્ટ નથી, કુદરતી અથવા કાનૂની વ્યક્તિ પાસેથી કે જે વાયર ટ્રાન્સફર કરવા માટે ઓર્ડર આપતી નાણાકીય સંસ્થાને ઓર્ડર આપે છે.

k) સીરીયલ ચુકવણી: સીરીયલ ચુકવણી એ ચુકવણીની સીધી અનુક્રમિક ચેઈનને સંદર્ભિત કરે છે જ્યાં વાયર ટ્રાન્સફર અને તેની સાથેનો ચુકવણી મેસેજ ઓર્ડર આપતી નાણાકીય સંસ્થાથી લાભાર્થી નાણાકીય સંસ્થાને સીધી રીતે અથવા એક અથવા વધુ મધ્યસ્થી નાણાકીય સંસ્થાઓ (દા.ત., કોરસ્પોન્ડન્ટ બેંકો) દ્વારા એકસાથે પસાર થાય છે.

l) સ્ટ્રેટ-થ્રુ પ્રોસેસિંગ: સ્ટ્રેટ-થ્રુ પ્રોસેસિંગ એ ચુકવણી વ્યવહારોનો ઉલ્લેખ કરે છે જે મેન્યુઅલ હસ્તક્ષેપની જરૂરિયાત વિના ઇલેક્ટ્રોનિક રીતે હાથ ધરવામાં આવે છે.

m) યુનિક ટ્રાન્ઝેક્શન રેફરન્સ નંબર (અનન્ય વ્યવહાર સંદર્ભ નંબર): યુનિક ટ્રાન્ઝેક્શન રેફરન્સ નંબર એ અક્ષરો, સંખ્યાઓ અથવા પ્રતીકોના સંયોજનને સંદર્ભિત કરે છે, જે ચુકવણી અને સેટલમેન્ટ સિસ્ટમ અથવા વાયર ટ્રાન્સફર માટે ઉપયોગમાં લેવાતી મેસેજિંગ સિસ્ટમના પ્રોટોકૉલ અનુસાર પેમેન્ટ સર્વિસ પ્રોવાઇડર દ્વારા નક્કી કરવામાં આવે છે.

n) વાયર ટ્રાન્સફર: વાયર ટ્રાન્સફર એ ઉત્પત્તિકર્તા વતી ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા નાણાકીય સંસ્થા દ્વારા કરવામાં આવેલ કોઈપણ વ્યવહારને સંદર્ભિત કરે છે જે લાભાર્થી નાણાકીય સંસ્થામાં લાભાર્થીને ફંડની રકમ ઉપલબ્ધ કરાવવાના હેતુથી કરવામાં આવે છે, પછી ભલે તે ઉત્પત્તિકર્તા અને લાભાર્થી સમાન વ્યક્તિ હોય.

અહીં નિર્ધારિત કરાયા સિવાયના અન્ય તમામ એક્સપ્રેશન્સનો મતલબ તેમને બેન્કિંગ નિયમન ધારા, 1949, ભારતીય રિઝર્વ બેંક ધારા, 1935, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005, આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016 અને તેના હેઠળ કરાયેલા નિયમનો, કોઈ પણ વૈધાનિક સુધારણા અથવા તેમાં કરાયેલી ફેર-રચના અથવા કોમર્શિયલ અનુસરણમાં કરાયેલા ઉપયોગ હેઠળ જે પણ કેસ હોય તે મુજબ તેને કરાયેલી ફાળવણી અનુસાર રહેશે.

## પ્રકરણ – II

### <u>સામાન્ય</u>

4. (a) પોલિસી, કોઈ પણ સુધારણા અથવા પુનરાવર્તન સહિતની, કે જેને કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અથવા બોર્ડની અન્ય કોઈ સમિતિ દ્વારા યોગ્ય રીતે મંજૂર કરાયા હશે કે જેને સત્તા અપાયેલી હશે.

(b) આ પોલિસી કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપનીને પણ લાગુ પડશે અને પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, 2002 (2003 ના 15) ના પ્રકરણ IV ની જોગવાઈઓ હેઠળ જવાબદારીઓ નિભાવવાના હેતુથી અમલમાં મૂકવામાં આવશે. તે અનુસાર, દરેક કંપની કે જે ગ્રુપનો ભાગ છે, મની લોન્ડરિંગ અને ટેરર ફાઇનાન્સિંગ સામે ગ્રુપ-વ્યાપી કાર્યક્રમો અમલમાં મૂકશે, જેમાં ક્લાયન્ટ ડ્યુ ડિલિજન્સ અને મની લોન્ડરિંગ અને ટેરર ફાઇનાન્સ રિસ્ક મેનેજમેન્ટ અને આવા હેતુઓ માટે જરૂરી માહિતી શેર કરવા માટે ગ્રુપ-વ્યાપી પોલિસીનો સમાવેશ થાય છે અને આવા પ્રોગ્રામ્સમાં ગ્રુપ કંપનીને લાગુ પડતું હોય ત્યાં સુધી ગોપનીયતા અને વિનિમય કરાયેલ માહિતીના ઉપયોગ અંગેના પર્યાપ્ત સંરક્ષણનો સમાવેશ થાય છે, જેમાં ટિપિંગ-ઓફને નિવારવા માટેના સંરક્ષણનો સમાવેશ થાય છે.

(c) નીતિનો ઉદ્દેશ PML એક્ટ/નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાનો છે, જેમાં આ સંદર્ભે નિયમનકારી સૂચનાઓ પણ સામેલ છે અને મની લોન્ડરિંગ, ટેરર ફાઇનાન્સિંગ, પ્રસાર ધિરાણ અને અન્ય સંબંધિત જોખમોથી ઉદ્ભવતા ભય સામે રક્ષણ પૂરું પાડે છે. ઉપરોક્ત મુજબની કાનૂની/નિયમનકારી જરૂરિયાતોનું પાલન સુનિશ્ચિત કરતી વખતે, કંપની જોખમોનું વધુ સારી રીતે સંચાલન કરવા માટે, FATF ધોરણો અને FATF માર્ગદર્શિકા નોંધોને ધ્યાનમાં લઈને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પ્રથાઓ અપનાવવા અંગે પણ વિચારી શકે છે.

**5. પોલિસીમાં નીચે મુજબના ચાર ચાવીરૂપ તત્ત્વો સામેલ હશે:**

(a) ગ્રાહકસ્વીકૃતિ પોલિસી;

(b) જોખમવર્ગીકરણ અને સંચાલન;

(c) ગ્રાહકઓળખ પ્રક્રિયાઓ (CIP);અને

(d) વ્યવહારોનું નિરીક્ષણ

**5A. કંપની દ્વારા કરાયેલું મની લોન્ડરિંગ અને ત્રાસવાદને ફાયનાન્સિંગનું જોખમ મૂલ્યાંકન**

(a) કંપની દ્વારા સમયાંતરે 'મની લોન્ડરિંગ (ML) અને ત્રાસવાદને ફાયનાન્સિંગનું (TF)જોખમઆકલન' કરાશે જેથી ગ્રાહકો, રાષ્ટ્રો અથવા ભૌગોલિક વિસ્તારો, પ્રોડક્ટ્સ, સેવાઓ, વ્યવહારો અથવા ડિલિવરી ચેનલ્સ માટે તેના મની લોન્ડરિંગ અને ત્રાસવાદને ફાયનાન્સિંગના જોખમોને ઓળખી, તેનું આકલન કરીને તેના ખાળવા માટે અસરકારક પગલાં લઈ શકાય.

આકલન પ્રક્રિયા હેઠળ તમામ સંલગ્ન જોખમોની વિચારણા કરીને જ એકંદર જોખમનું સ્તર નિર્ધારિત કરીને યોગ્ય સ્તર અને પ્રકારના ખાળવાનાં પગલાં લેવા જોઈએ. આંતરિક જોખમ મૂલ્યાંકન વેળાએ, કંપની દ્વારા એકંદર ક્ષેત્ર-વાર જોખમો, કોઈ શકે તો, તેની નોંધ લેવાશે કે જેની નિયમનકાર/સુપરવાઈઝર દ્વારા કંપની સાથે સમયાંતરે વહેંચણી કરાઈ શકે છે.

(b) કંપનીના જોખમ આકલનનું સુયોગ્ય દસ્તાવેજીકરણ કરવુ જોઈએ અને તે તેના પ્રકાર, કદ, ભૌગોલિક ઉપસ્થિતિ, પ્રવૃત્તિઓ/માળખાઓની જટિલતા, વગેરે આધારિત હોવી જોઈએ. તદ્દપરાંત જોખમ આકલન કવાયતના સમયાંતરનું પણ

કંપનીના બોર્ડ દ્વારા અથવા કંપનીના બોર્ડની કોઈપણ સમિતિ દ્વારા, જેને આ અંગે સત્તાધિકાર સોંપવામાં આવ્યો છે, જોખમ આકલન પ્રક્રિયાના પરિણામ સાથે સુસંગત રીતે નિર્ધારણ કરાવું જોઈએ. જો કે, તેની ઓછામાં ઓછી વાર્ષિક સમીક્ષા થવી જોઈએ. ઊંચા જોખમી ગ્રાહક હોય તો, જોખમ આકલન કવાયત અર્ધ-વાર્ષિક ધોરણે હાથ ધરાવી જોઈએ.

(c) આ કવાયતના પરિણામને બોર્ડ અથવા બબોર્ડની કમિટિ સમક્ષ રજૂ કરાવું જોઈએ કે જેને આ સંબંધમાં સત્તા અપાઈ હોય, અને જે સમકક્ષ સત્તાવાળાઓ અથવા સ્વ-નિયમનકારી સંસ્થાઓ માટે ઉપલબ્ધ હોવું જોઈએ.

5B. કંપની દ્વારા ઓળખાયેલા જોખમના સંચાલન અને તેને ખાળવા માટે જોખમ આધારિત અભિગમ (RBA) લાગુ કરાશે, અને તે મુજબ તેમાં બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી નીતિઓ, નિયંત્રણો અને પ્રક્રિયાઓ હશે. કંપની ઓળખી કઢાયેલ ML/TF જોખમો અને બિઝનેસના કદને ધ્યાનમાં રાખીને CDD પ્રોગ્રામ અમલમાં મૂકશે. તદુપરાંત, કંપની દ્વારા નિયંત્રણોનું નિરીક્ષણ કરીને તેનું અમલીકરણ કરીને જરૂર મુજબ વિસ્તારાશે.

## 6. નિર્ધારિત ડાયરેક્ટર

(a) “નિર્ધારિત ડાયરેક્ટર”નો મતલબ થાય એવી વ્યક્તિ કે જેને કંપની દ્વારા નિર્ધારિત કરાઈ છે જેથી PML એક્ટના પ્રકરણ IV હેઠળ લાગુ કરાયેલી ફરજોનું એકંદર અનુસરણ સુનિશ્ચિત કરી શકાય અને બોર્ડ દ્વારા નિયમો નોમિનેટ કરાય. કંપનીએ આ પોલિસી હેઠળ તેના “નિર્ધારિત ડાયરેક્ટર” તરીકે મેનેજિંગ ડાયરેક્ટર/ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરની નિમણૂંક કરી છે અને તેની NHB/RBI અને FIU-INDને જાણ કરી દેવાઈ છે.

(b) નિર્ધારિત ડાયરેક્ટરના નામ, હોદ્દા સરનામાં અને સંપર્ક વિગતોની ઉપરાંત અગાઉ અપાયેલી માહિતીમાં કોઈ પણ ફેરફાર થાય તો તેની જાણ, NHB/RBI અને FIU-INDને કરવાની રહેશે.

(c) કોઈ પણ સંજોગોમાં પ્રિન્સિપાલ ઓફિસરની 'નિર્ધારિત ડાયરેક્ટર' તરીકે નિમણૂંક કરી શકાશે નહીં.

## 7. પ્રિન્સિપાલ ઓફિસર

(a) કંપની દ્વારા “પ્રિન્સિપાલ ઓફિસર”ની નિમણૂંક કરાશે (મુખ્યત્વે તે સામાન્ય મેનેજર અથવા કંપનીના CMD/MD સ્તરથી તુરત નીચેનો અધિકારી હશે). કંપનીએ આ પોલિસી હેઠળ તેના ચીફ કમ્પ્લાયન્સ ઓફિસર અને પ્રિન્સિપાલ ઓફિસરની નિમણૂંક કરી દીધી છે અને તેના વિશે NHB/RBI અને FIU-INDને જાણ કરી દેવાઈ છે.

(b) પ્રિન્સિપાલ ઓફિસર જ કાયદા/ નિયમનો હેઠળ જરૂર મુજબ અનુસરણ સુનિશ્ચિત કરવા, વ્યવહારોના નિરીક્ષણ, અને વહેંચણી તથા માહિતીના રિપોર્ટિંગ માટે જવાબદાર રહેશે.

(c) પ્રિન્સિપાલ ઓફિસરના નામ, હોદ્દા સરનામાં અને સંપર્ક વિગતોની ઉપરાંત અગાઉ અપાયેલી માહિતીમાં કોઈ પણ ફેરફાર થાય તો તેની જાણ, NHB/RBI અને FIU-INDને કરવાની રહેશે.

## 8. પોલિસીનું અનુસરણ

(a) કંપની આ પોલિસીનું આના દ્વારા અનુસરણ સુનિશ્ચિત કરશેઃ

(i) KYC અનુસરણના ઉદ્દેશ માટે ‘સિનિયર મેનેજમેન્ટ’ની રચના કોણ કરે છે તેનો ઉલ્લેખ.

(ii) પોલિસી અને પ્રક્રિયાઓના અસરકારક અમલીકરણ માટે જવાબદારીની ફાળવણી.

(iii) કાનૂની અને નિયમનકારી જરૂરિયાતો સહિત કંપનીની પોલિસીઓ અને પ્રક્રિયાઓના અનુસરણની કામગીરીના સ્વતંત્ર મૂલ્યાંકન.

(iv) KYC/AML નીતિઓ અને પ્રક્રિયાઓના અનુસરણની ખરાઈ કરવા સહવર્તી/ આંતરિક ઓડિટ પ્રણાલિ.

(v) ત્રિમાસિક ઓડિટ નોટ્સ અને ઓડિટ સમિતિના અનુસરણની પ્રસ્તુતિ.

(b) કંપનીએ સુનિશ્ચિત કરવું પડે કે KYC નિયમોના અનુસરણને નિર્ધારિત કરવા માટે નિર્ણયાત્મક કામગીરીનું આઉટસોર્સિંગ કરાય નહીં.

(નોંધઃ કંપની (આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ) ના સંદર્ભમાં સિનિયર મેનેજમેન્ટનો અર્થ કંપનીના સંપૂર્ણ સમયના ડિરેક્ટર્સ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર્સ, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ જે સીધા કંપનીના MD અને CEO ને રિપોર્ટિંગ કરે છે એવો થાય છે.)

# પ્રકરણ–III

## ગ્રાહકસ્વીકૃતિપોલિસી

9. કંપનીની ક્રેડિટ પોલિસીના સ્વરૂપમાં કંપનીએ ગ્રાહક સ્વીકૃતિ પોલિસી ઘડી છે.

10. ગ્રાહક સ્વીકૃતિ પોલિસીમાં હોઈ શકે તેવા સામાન્યપણાના પાસાઓ સાથે પૂર્વગ્રહમુક્તપણે, AHFL દ્વારા સુનિશ્ચિત કરાવું જોઈએ કે:

(a) કોઈ ગ્રાહકને કોઈ અનામી અથવા કાલ્પનિક/ બેનામી નામથી સ્વીકારાય નહીં, અથવા લોન ખાતું ખોલાય નહીં.

(b) કોઈ ગ્રાહકને સ્વીકારાય નહીં, અથવા લોન ખાતું ન ખોલાય જ્યાં AHFL યોગ્ય CDD પગલાંને લાગુ કરવા અસમર્થ છે, જેના માટે ક્યાંતો ગ્રાહકનો અસહકાર જવાબદાર છે અથવા તો ગ્રાહક દ્વારા રજૂ કરાયેલી માહિતી/ દસ્તાવેજની બિન-આધારપાત્રતા. કંપની ગ્રાહકના સંબંધમાં સુસંગત CDD પગલાંઓનું પાલન કરવામાં અસમર્થ હોય ત્યારે, જો જરૂરી હોય તો, કંપની STR ફાઇલ કરવા અંગે વિચારશે.

(c) CDDપ્રક્રિયાના અનુસરણ વિના કોઈ વ્યવહાર અથવા લોન એકાઉન્ટ-આધારિત સંબંધ સધાતો નથી.

(d) લોન ખાતું ખોલવા માટે અને સમયાંતરે અપડેશન દરમિયાન KYC ઉદ્દેશ માટે મંગાવેલી ફરજિયાત માહિતી, નિર્ધારિત કરાય.

(e) 'વૈકલ્પિક'/વધારાની માહિતી, કે જે ક્રેડિટ પોલિસી મુજબ હોય તે પ્રાપ્ત કરાય અને લોન એકાઉન્ટ ઓપન કરવામાં આવે તે પછી ગ્રાહકની અભિવ્યક્ત સંમતિ મેળવાય.

(f) કંપની દ્વારા બ્રાન્ચ/ UCIC સ્તરે જ CDD પ્રક્રિયાલાગુ કરાય. આમ, જો કંપનીનો પ્રવર્તમાન KYC અનુસરણ કરનાર ગ્રાહક એ જ કંપનીમાંથી વધુ લોન સુવિધા મેળવવા ઈચ્છે, તો નવેસરથી CDD કવાયત કરવાની કોઈ જરૂર ન રહે.

(g) CDD પ્રક્રિયાનું તમામ સંયુક્ત અરજદારો માટે અનુસરણ કરાય છે.

(h) જે સંજોગોમાં ગ્રાહકને અન્ય વ્યક્તિ/ એકમ વતી કાર્યરત થવા અનુમતિ અપાય છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરાવો જોઈએ.

(i) ગ્રાહકની ઓળખ અન્ય કોઈ વ્યક્તિ અથવા સંસ્થા સાથે મળતી નથી આવતી તે સુનિશ્ચિત કરવા યોગ્ય પ્રણાલિ સ્થાપિત કરાય, કે જેના નામનો RBI દ્વારા પરિપત્ર કરાયેલ મંજૂરીની યાદીમાં ઉલ્લેખ હોય.

(j) કોઈ પણ ગ્રાહકને સ્વીકારવો ન જોઈએ, અથવા લોન એકાઉન્ટ ખોલવું ન જોઈએ કે જે એવી વ્યક્તિ અથવ સંસ્થા સાથે જોડાયેલું હોય કે જેનું નામ RBI દ્વારા જારી કરાયેલી નેગેટિવ યાદીમાં જોવા મળે.

(k) જ્યાં પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (PAN) મેળવાય છે, તેને જારી કરનાર સત્તાવાળાની વેરિફિકેશન ઓથોરિટી પાસેથી વેરિફાય કરવાનું રહેશે.

(l) ગ્રાહક પાસેથી સમકક્ષ ઈ-દસ્તાવેજ પ્રાપ્ત કરાય ત્યાં, કંપની દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, **2000** (**2000**ના **21**)ની જોગવાઈઓ અનુસાર ડિજિટલ હસ્તાક્ષરને કંપની વેરિફાય કરશે.

(m) જ્યાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST) વિગતો ઉપલબ્ધ હોય, ત્યાં GST નંબર ઈશ્યૂ કરનાર સત્તાધિકારીની શોધ/ચકાસણી સુવિધામાંથી ચકાસવામાં આવશે.

11. ગ્રાહકસ્વીકાર્યતા પોલિસીના પરિણામે જાહેર જનતાના સભ્યોને નાણાકીય સુવિધાનો ઈનકાર નહીં કરી દેવાય, ખાસકરીને આર્થિક અથવા સામાજિક રીતે પછાત વર્ગના લોકોને.

11A. જ્યાં કંપનીને મની લોન્ડરિંગ અથવા ટેરર ફાઇનાન્સિંગની શંકા હોય, અને કંપની વ્યાજબીપણે માને કે CDD પ્રક્રિયા કરવાથી ગ્રાહકને ટિપ-ઓફ થશે, ત્યાં કંપની CDD પ્રક્રિયાનું અનુસરણ કરશે નહીં, અને તેના બદલે FIU-IND સાથે STR ફાઇલ કરશે.

### પ્રકરણ–IV

## જોખમવર્ગીકરણ અને મેનેજમેન્ટ

12. જોખમવર્ગીકરણ અને મેનેજમેન્ટ માટે, AHFL એક જોખમ-આધારિત અભિગમ ધરાવશે જેમાં નીચેની બાબતો સામેલ હશે.

(a) ગ્રાહકોનું વર્ગીકરણ **નીચા, મધ્યમ અને ઊંચા**જોખમની કેટેગરીમાં કરાશે, જેનો આધાર આકલન તેમજ કંપનીની જોખમ અંગેની વિચારધારા પર રહેશે.

(b) ગ્રાહકોના જોખમ-વર્ગીકરણ માટેના વ્યાપક સિદ્ધાંતોનો કંપની દ્વારા નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(c) ગ્રાહકની ઓળખ, સામાજિક/ નાણાકીય દરજ્જા, વ્યાપારી પ્રવૃત્તિના પ્રકાર, અને ગ્રાહકના વ્યાપાર અને તેમના લોકેશન વિશેની માહિતી ગ્રાહકોને તેમજ વ્યવહારોને આવરી લેતા ભૌગોલિક જોખમ, ઓફર કરવામાં આવેલ ઉત્પાદનો/સેવાઓનો પ્રકાર, ઉત્પાદનો/સેવાઓની ડિલિવરી માટે વપરાતી ડિલિવરી ચેનલ, હાથ ધરાયેલા વ્યવહારના પ્રકારો - રોકડ, ચેક/નાણાકીય સાધનો, વાયર ટ્રાન્સફર, ફોરેક્સ વ્યવહારો વગેરે જેવા માપદંડોના આધારે જોખમ વર્ગીકરણ કરાશે. ગ્રાહકની ઓળખની વિચારણા કરતી વેળાએ, જારી કરનારા સત્તાવાળાઓ દ્વારા ઓફર કરાતી ઓનલાઈન અથવા અન્ય સેવાઓ દ્વારા ઓળખ દસ્તાવેજની પુષ્ટિ કરવાની બાબતનો નીચે મુજબ ઉલ્લેખ કરી શકાય:

આ AML /જોખમ આધારિત ગ્રાહક વર્ગીકરણનો નીચે ઉલ્લેખ કરાયો છે, જે સમયાંતરે નિર્ધારિત થઈ શકનારી અન્ય કોઈ નિયમનકારી જરૂરિયાતને આધિન રહેશે:

| | |
|---|---|
| નીચુંજોખમ | નીચા જોખમવાળા વ્યક્તિગત ગ્રાહકો એવા વ્યક્તિગત ગ્રાહકો અને એકમો છે (ઉંચી નેટવર્થ સિવાયના) કે જેમની ઓળખ તથા સંપત્તિના સ્ત્રોતોની આસાનીથી ઓળખ કરી શકાય છે અને તેમની સાથેના વ્યવહારો મોટાભાગે જાણીતી પ્રોફાઈલ દ્વારા કન્ફર્મ થઈ શકે છે. આમાં નીચેની બાબતો સામેલ છે:<br>1. પગારદાર કર્મચારી જેઓ બેંકમાં પગારની ક્રેડિટ મેળવે છે<br>2. સ્વરોજગાર ધરાવનાર વ્યક્તિ/ ભાગીદારી પેઢી<br>3. સરકારી વિભાગ અથવા સરકારની માલિકીની કંપની કર્મચારી<br>4. લિમિટેડ કંપનીઓ (જાહેર અને ખાનગી) કર્મચારી<br>5. ભાગીદારી પેઢી (રજિસ્ટર્ડ કરાર)<br>6. રૂ. 25 લાખ સુધી NRIને લોન, કે જેમાં NRO એકાઉન્ટ દ્વારા પરત ચૂકવણી હોય.<br>7. રૂ. 25 લાખ સુધીના તમામ લોનના કિસ્સામાં, કે જેમાં આવકનું મૂલ્યાંકન આવકના ઔપચારિક પૂરાવા દસ્તાવેજો વિના અથવા સરોગેટ પદ્ધતિઓથી કરાતું હોય, દા.ત. રોકડમાં પગારદાર, કોઈ આવકના પૂરાવા વિનાની લોન અને અનૌપચારિક સ્વ-રોજગાર ધરાવનાર ગ્રાહક.<br>8. રૂ. 25 લાખ સુધીની તમામ થાપણો બેંક એકાઉન્ટ દ્વારા. |
| મધ્યમજોખમ | 1. NGO, ટ્રસ્ટ, ચેરિટી અને દાન મેળવતી સંસ્થાઓ<br>2. ટ્રસ્ટ/ સોસાયટી એકાઉન્ટ<br>3. ઊંચી નેટવર્થ ધરાવનારી વ્યક્તિઓ (જેમાં રૂ. 1 કરોડ કરતા વધુની રોકાણપાત્ર સરપ્લસ હોય)<br>4. કંપની કે જેમાં પરિવારનું શેરહોલ્ડિંગ અથવા લાભાર્થી માલિકીપણું હોય.<br>5. રૂ. 25 લાખથી વધુની તમામ લોનનું મૂલ્યાંકન સરોગેટ પદ્ધતિથી અથવા ઔપચારિક આવકના પૂરાવાના દસ્તાવેજ વિના કરાશે.<br>6. NRIને રૂ. 25 લાખથી વધુની લોન, કે જેમાં લોનની પરત ચૂકવણી NRO ખાતા વડે કરાતી હોય.<br>7. રૂ. 25 લાખથી ઉપરની બધી ડિપોઝિટ, જે વ્યક્તિગત અને રજિસ્ટર્ડ એકમોની હોય. |

| | |
|---|---|
| ઊંચુ જોખમ | 1. રાજકીય રીતે એક્સપોઝ્ડ વ્યક્તિઓ(PEP)<br>2. PEPના પરિવારજનો તથા નિકટના સંબંધીઓ<br>3. ઘણી મોટી રકમના રોકડ વ્યવહારો (રૂ.10 લાખ અને વધુના તેમ જ એફઆઈયુ-આઈએનડીને જાણ કરાયેલા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનો)<br>4. જાહેર માહિતી અનુસાર શંકાસ્પદ પ્રતિષ્ઠા ધરાવનારી વ્યક્તિઓ ઉપલબ્ધ.<br>5. જે વ્યક્તિઓના આવકના સ્રોતોની ખબર નથી અથવા કોઈ દસ્તાવેજી પુરવો મળે એમ નથી.<br>6. ગ્રાહકો અથવા શંકાસ્પદ વ્યક્તિઓ સાથે રૂબરૂ નહીં એવી પરોક્ષ મુલાકાત. |

(d) ગ્રાહકનું જોખમ વર્ગીકરણ અને આવા વર્ગીકરણ માટેના ચોક્કસ કારણોને ગોપનીય રાખવામાં આવશે અને ગ્રાહકને ટિપિંગ ઓફ ટાળવા માટે ગ્રાહકને જાહેર કરવામાં આવશે નહીં.

સંભવિત જોખમને લગતી ગ્રાહકની ભિન્ન કેટેગરીમાંથી એકત્રિત કરેલી અન્ય માહિતી, બિન-હસ્તક્ષેપકારી છે તે શરતે તેનો ક્રેડિટ પોલિસીમાં ઉલ્લેખ કરી શકાય છે.

ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા એન્ટિ-મની લોન્ડરિંગ (AML) સ્ટાન્ડર્ડ્સ અને કોમ્બેટિંગ ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ (CFT) સ્ટાન્ડર્ડ્સ, ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) અને અન્ય એજન્સીઓ દ્વારા ઈશ્યૂ કરાયેલ માર્ગદર્શન નોંધ અંગે કરાયેલી ભલામણોનો જોખમ આકલન માટે ઉપયોગ થવો જોઈએ.

## પ્રકરણ V

## <u>ગ્રાહકઓળખ પ્રક્રિયા(CIP)</u>

13. કંપનીએ નીચેના સંજોગોમાં ગ્રાહકની ઓળખ કરવી જોઈએ:

(a) ગ્રાહક સાથે લોન એકાઉન્ટ-આધારિત સંબંધનિ શરૂઆત.

(b) જ્યારે તેણે પ્રાપ્ત કરેલા ગ્રાહક ઓળખ ડેટાની અધિકૃતતા અથવા યોગ્યતા વિશે શંકા થાય.

(c) એજન્ટ તરીકે ત્રાહિત પક્ષની પ્રોડક્ટ્સ વેચતા, પોતાની પ્રોડક્ટ્સ વેચતા, ક્રેડિટ કાર્ડના બાકી લેણાંની ચૂકવણી/પ્રિપેઈડ/ટ્રાવેલ કાર્ડના રિલોડિંગ તથા અન્ય પ્રોડક્ટ્સ માટે જે પચાસ હજાર રુપિયાથી વધુની હોય.

(d) નોન-એકાઉન્ટ આધારિત ગ્રાહક માટે વ્યવહાર હાથ ધરતા, કે જે વોક-ઈન ગ્રાહક છે, જ્યાં રકમ પચાસ હજાર રુપિયાની સમકક્ષ અથવા વધુ હોય, પછી તે એક વ્યવહારમાં થઈ હોય અથવા સંખ્યાબંધ વ્યવહારમાં હોય.

(e) જ્યારે કંપની પાસે એ માનવાને કે શંકા કરવાને કારણ હોય કે ગ્રાહક જાણી જોઈને કોઈ વ્યવહારને શ્રેણીબદ્ધ રીતે પચાસ હજાર રુપિયાની ટોચમર્યાદાથી નીચે માળખાકૃત કરી રહ્યો છે.

(f) કંપનીએ સુનિશ્ચિત કરવું પડે કે AFHL પાસેથી લોન લેતી વેળાએ પ્રસ્તાવના મંગાય નહીં.

14. લોન-એકાઉન્ટ આધારિત સંબંધની શરૂઆત વેળા ગ્રાહકની ઓળખને વેરિફાય કરવાના હેતુસર, કંપની તેના મતે નીચેની શરતોને આધિન રહીને, થર્ડ પાર્ટી દ્વારા કરાયેલા ગ્રાહક ડ્યુ ડિલિજન્સ પર આધારિત રહી શકે છે:

(a) સેન્ટ્રલ KYC રેકર્ડ રજિસ્ટ્રીમાંથી અથવા થર્ડ પાર્ટી પાસેથી બે દિવસમાં થર્ડ પાર્ટીએ હાથ ધરેલા ગ્રાહકના ડ્યુ ડિલિજન્સની માહિતી અથવા રેકર્ડ તરત જ મેળવાય.

(b) ગ્રાહક ડ્યુ ડિલિજન્સ સંબંધિત અન્ય સંલગ્ન દસ્તાવેજીકરણ અને ઓળખ ડેટાની નકલ વિનંતી કરાયે થર્ડ પાર્ટી પાસેથી વિના વિલંબે

ઉપલબ્ધ કરાવાય તે માટે કંપની દ્વારા પૂરતાં પગલાં લેવાવા જોઈએ.

(c) ગ્રાહક ડ્યુ ડિલિજન્સના અનુસરણ માટે થર્ડ પાર્ટીનું નિયમન, નિરીક્ષણ અથવા સુપરવિઝન કરાય છે અને પગલાં લેવાય છે અને PML એક્ટ હેઠળ જરૂરિયાતો અને ફરજો અનુસાર રેકર્ડ-જાળવણીની જરૂરિયાતો પૂર્ણ કરાય.

(d) થર્ડ પાર્ટી ઊંચુ જોખમ ધરાવતા દેશમાં અથવા ન્યાયક્ષેત્રમાં સ્થિત ન હોવી જોઈએ.

(e) ગ્રાહક ડ્યુ ડિલિજન્સ અને લાગુ પડે તે રીતે વિસ્તારેલા ડ્યુ ડિલિજન્સનાં પગલાં લેવા માટેની અંતિમ જવાબદારી તો કંપનીની જ રહે છે.

# પ્રકરણVI

## ગ્રાહકડ્યુ ડિલિજન્સ(CDD)પ્રક્રિયા

## ભાગA–વ્યક્તિગત સંજોગોમાં ગ્રાહકડ્યુ ડિલિજન્સ(CDD) પ્રક્રિયા

**15.** CDD હાથ ધરવા, કંપનીએ લોન-આધારિત સંબંધ સ્થાપતી વેળાએ અથવા કોઈ વ્યક્તિ લાભાર્થી માલિક, અધિકૃત હસ્તાક્ષરકર્તા અથવા પાવર ઓફ એટર્નીધારક હોય કે જે કોઈ કાનૂની એકમ સાથે સંબંધિત હોય તો નીચેની વિગતો વ્યક્તિ પાસેથી પ્રાપ્ત કરવી પડે:

(a) આધાર નંબર જ્યાં,

(i) તેઓ આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016ની (2016ના 18)ની કલમ 7 હેઠળ નોટિફાય કરાયેલી કોઇ સ્કીમ હેઠળ લાભ અથવા સબસિડી મેળવવા ઈચ્છુક હોય;અથવા

(ii) તેઓ PML એક્ટની કલમ 11Aની પેટા-કલમ (1)ની પ્રથમ જોગવાઈના સંબંધમાં પોતાનો આધાર નંબર સ્વૈચ્છિક રીતે રજૂ કરવાનું નક્કી કરે; અથવા

(b) આધાર નંબરના કબજાનો પૂરાવો કે જ્યાં ઓફલાઈન વેરિફિકેશન હાથ ધરી શકાય તેમ હોય;અથવા

(c) આધાર નંબરના કબજાનો પૂરાવો કે જ્યાં ઓફલાઈન વેરિફિકેશન હાથ ધરી શકાતું ન હોય અથવા અન્ય કોઈ OVD અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ કે જેમાં તેમના સરનામા અને ઓળખની વિગતો સામેલ હોય;અને

(d) CKYCR માંથી રેકોર્ડ ડાઉનલોડ કરવા માટે સ્પષ્ટ સંમતિ સાથે KYC ઓળખકર્તા; અને

(e) પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (PAN) અથવા તેની સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ અથવા ફોર્મ નં. 60 જે આવક-વેરા ધારા નિયમો, 1962માં નિર્ધારિત કરાયા મુજબ હોય; અને

(f) ગ્રાહકના વ્યાપારના પ્રકાર અને નાણાકીય દરજ્જાના સંબંધમાં આવા અન્ય ઓળખ દસ્તાવેજો જેમાં સામેલ હોય, અથવા જેની સમકક્ષ ઈ-દસ્તાવેજ હોય કે જેની કંપનીની ક્રેડિટ પોલિસી અનુસાર કંપની દ્વારા જરૂર હોય:

એ શરતે કે જ્યાં ગ્રાહક પ્રસ્તુત કરી ચૂક્યો હોય:

i) PML એક્ટની કલમ 11Aની પેટા-કલમ (1)ની પ્રથમ જોગવાઈના સંબંધમાં આધાર નંબર, જેમાં કંપનીએ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પૂરી પડાયેલી ઈ-KYC પ્રમાણભૂતતા સુવિધાનો ઉપયોગ કરીને ગ્રાહકના આધાર નંબરની પ્રમાણભૂતતા હાથ ધરી હોય. તદુપરાંત, આવા સંજોગોમાં, ગ્રાહક સેન્ટ્રલ આઈડેન્ટિટિઝ ડેટા રિપોઝિટરીમાં ઉપલબ્ધ ઓળખની માહિતી અનુસાર સરનામાંથી અલગ વર્તમાન સરનામું પૂરું પાડવા ઈચ્છતો હોય, તો તે કંપનીને આ સંબંધે સ્વ-ઘોષણા પૂરી પાડી શકે છે.

ii) ઓફલાઈન વેરિફિકેશન હાથ ધરવાનું હોય ત્યાં આધારના કબજાનો પૂરાવો, કંપનીએ ઓફલાઈન વેરિફિકેશન હાથ ધરવાનું રહેશે.

iii) કોઈ પણ OVD ઈ-ડોક્યુમેન્ટની સમકક્ષ, કંપનીએ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000 (2000ના 21)ની જોગવાઈઓ અનુસાર ડિજિટલ હસ્તાક્ષર તેમજ પરિશિષ્ટ I હેઠળ નિર્ધારિત કર્યા મુજબ લાઈવ ફોટો લઈને તેમાં આવતા કોઈ પણ નિયમના મુદ્દાને વેરિફાય કરવા જોઈએ.

iv) કોઈપણ OVD અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો જ્યાં ઓફલાઇન ચકાસણી હાથ ધરી શકાતી નથી, પરિશિષ્ટ I હેઠળ નિર્દિષ્ટ કર્યા મુજબ કંપની ડિજિટલ KYC દ્વારા ચકાસણી હાથ ધરશે,

v) ઉપરોક્ત કલમ (d) હેઠળ KYC ઓળખકર્તા, કંપની વિભાગ 56 અનુસાર CKYCR પાસેથી KYC રેકોર્ડ્સ ઓનલાઈન મેળવશે.

આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016ની કલમ 7 હેઠળ નોટિફાય કરાયેલી કોઈ સ્કીમ હેઠળ સબસિડી અથવા કોઈ લાભ પ્રાપ્ત કરવા ઈચ્છુક વ્યક્તિ માટે ઈ-KYC પ્રમાણભૂતતા કોઈ ઈજા, બિમારી અથવા વૃદ્ધાવસ્થા

અથવા અન્યત્ર રૂબરૂ ન આવવાને લીધે, અથવા તેના જેવા કારણથી પાર પાડી ન શકાય તો તે સંજોગોમાં, કંપનીએ આધાર નંબર પ્રાપ્ત કરવા ઉપરાંત, પસંદગીપૂર્વક ઓફલાઈન વેરિફિકેશન હાથ ધરવા અથવા ગ્રાહક પાસેથી અન્ય કોઈ OVDની પ્રમાણિત નકલ અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજ પ્રાપ્ત કરીને વૈકલ્પિક રીતે પાર પાડવું જોઈએ. આ રીતે કરાયેલી CDD કંપનીના અધિકારી દ્વારા અભૂતપૂર્વ રીતે હાથ ધરાશે અને આવા અપવાદરૂપ હેન્ડલિંગ સહવર્તી ઓડિટનો જ હિસ્સો રહેશે. કંપનીએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે અપવાદરૂપ સંજોગોની કેન્દ્રીયકૃત અપવાદરૂપ ડેટાબેઝમાં નોંધ કરાય. આ ડેટાબેધમાં અપવાદ, ગ્રાહકની વિગતો, અપવાદને અધિકૃત કરનારા નિર્ધારિત અધિકારીનું નામ તથા કોઈ વધારાની વિગતો હોય તો તેની ફાળવણીના આધારની વિગતોની પ્રાપ્તિ કરવાની રહેશે. આ ડેટાબેઝ કંપની દ્વારા સમયાંતરે કંપનીના આંતરિક ઓડિટ/ઈસ્પેક્શન આધારિત રહેશે અને તે સુપરવાઈઝરી સમીક્ષા માટે ઉપલબ્ધ હશે.

સ્પષ્ટીકરણ 1: ગ્રાહક આધાર નંબર ધરાવતા આધાર નંબરના કબજાના પૂરાવાને રજૂ કરે ત્યારે કંપનીએ સુનિશ્ચિત કરવાનું રહે કે, આવા ગ્રાહક યોગ્ય રીતે પોતાના આધાર નંબરને છેકે અથવા કાળી સહીથી ઢાંકે છે જ્યાં ઉપરોક્ત કલમ (i) મુજબ આધાર નંબરની પ્રમાણભૂતતા જરૂરી નથી.

સ્પષ્ટીકરણ2:બાયોમેટ્રિક આધારિત ઈ-KYCપ્રમાણભૂતતા કંપની દ્વારા લાગુ પડતા કાયદાના અનુસરણને આધિન રહીને કરી શકાય.

સ્પષ્ટીકરણ3: આધાર (નાણાકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016 અને તેના હેઠળ ઘડાયેલા નિયમનોના અનુસરણમાં જ આધારનો ઉપયોગ, આધારની પ્રસ્તુતિનો પૂરાવો વગેરે થવા જોઈએ.

16. આધાર OTP આધારિત ઈ-KYCનો ઉપયોગ કરીને નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં ખોલાયેલા લોન એકાઉન્ટ, નીચેની શરતોને આધિન રહેશે. કંપની વધુ ડિપોઝિટ સ્વીકારી શકતી ન હોવાથી આ ફક્ત ધિરાણ સુવિધા માટે સંલગ્ન રહેશે:

i. OTP દ્વારા પ્રમાણભૂતતા માટે ગ્રાહક તરફથી ચોક્કસ સંમતિ મળવી જોઈ.
ii. આવા લોન અકાઉન્ટ્સ માટે જોખમ ઘટાડવાના પગલા તરીકે, કંપની એ સુનિશ્ચિત કરશે કે વ્યવહાર સંબંધિત ચેતવણીઓ, OTP વગેરે, ફક્ત આધાર સાથે નોંધાયેલા ગ્રાહકના મોબાઈલ નંબર પર જ મોકલવામાં આવે છે. કંપનીએ તેના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો (MITC) માં આવા લોન અકાઉન્ટ્સમાં મોબાઇલ નંબર બદલવાની વિનંતીઓ સાથે વ્યવહાર કરવા માટે ડ્યુ ડિલિજન્સની સશક્ત પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરી છે.
iii. માત્ર ટર્મ લોન મંજૂર કરવામાં આવશે. મંજૂર કરાયેલી મુદતની લોનની એકંદર રકમ કંપનીની ક્રેડિટ પોલિસી અને ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા સમયાંતરે નિર્ધારિત KYC પોલિસીમાં નિર્ધારિત રકમ કરતાં વધુ હોવી જોઈએ નહીં.
iv. ઓટીપી આધારિત ઈ-કેવાયસીની મદદથી ખોલેલા લોન અકાઉન્ટ્સને આ પૉલિસી હેઠળ ઓળખ કરવાની હોય એ એક વર્ષથી વધારે માન્ય ન રાખવા જોઈએ. જો વી-સીઆઈપી હેઠળ આધારની વિગતોનો ઉપયોગ કર્યો હોય તો પ્રક્રિયાને તેની પૂર્ણતામાં નવા આધાર ઓટીપી પ્રમાણભૂતતા સહિત અનુસરવાની રહેશે.
v. જો ઉપર ઉલ્લેખ મુજબની CDD પ્રક્રિયા એક વર્ષમાં પૂર્ણ નહીં કરાય તો કોઈ વધુ ઉધારને મંજૂરી નહીં અપાય.
vi. ગ્રાહક પાસેથી એ સંબંધનું ઘોષણાપત્ર લઈ લેવાનું કે અન્ય કોઈ પણ રિપોર્ટિંગ એકમ સાથે નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં KYC આધારિત OTPનો ઉપયોગ કરીને કોઈ અન્ય એકાઉન્ટ ખોલાયું નથી અથવા ખોલાશે પણ નહીં. તદુપરાંત, સીKYCઆરમાં KYC માહિતીને અપલોડ કરતી વેળાએ, કંપનીએ પણ સ્પષ્ટ દર્શાવવું પડે કે આવા એકાઉન્ટ ઈ-KYC આધારિત OTPનો ઉપયોગ કરીને ખોલાય છે. કંપનીએ અન્ય રિપોર્ટિંગ એકમો દ્વારા નોન-ફેસ-ટુ-ફેસ માધ્યમમાં OTP આધારિત ઈ-KYC પ્રક્રિયા સાથે ખોલાયેલા એકાઉન્ટની KYC માહિતીના આધારે એકાઉન્ટ ખોલવા જોઈએ નહીં.
vii. કંપની પાસે કોઈ પણ બિન-અનુસરણ/ઉલ્લંઘનના સંજોગોમાં એલર્ટ જનરેટ કરવાની પ્રણાલિ સહિત ચુસ્ત નિરીક્ષણ પ્રણાલિ હોવી જોઈએ, જેથી ઉપરોક્ત ઉલ્લેખિત શરતોના અનુસરણને સુનિશ્ચિત કરી શકાય.

**17.** નિમ્નલિખિત સંચાલિત કરવા માટે કંપની V-CIP હાથ ધરી શકે છે:

i) વ્યક્તિગત ગ્રાહકો માટે નવા ગ્રાહક ઓન-બોર્ડિંગના કિસ્સામાં CDD, માલિકી ફર્મના કિસ્સામાં માલિક, અધિકૃત હસ્તાક્ષરકર્તાઓ અને કાનૂની એન્ટિટી (LE) ગ્રાહકોના કિસ્સામાં લાભદાયી માલિકો (BOs).

તે શરતે કે, માલિકી ફર્મના CDD ના કિસ્સામાં, કંપની માલિકની CDD હાથ ધરવા સિવાય, એકમાત્ર માલિકી માટેના CDD પગલાંમાં ઉલ્લેખ કર્યા મુજબ, માલિકી ફર્મના સંબંધમાં પ્રવૃત્તિ પુરાવાના સમકક્ષ ઈ-દસ્તાવેજ પણ મેળવશે.

ii) ઉપરના પોઇન્ટ નંબર 16 મુજબ આધાર OTP આધારિત e-KYC પ્રમાણીકરણનો ઉપયોગ કરીને નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં ખોલવામાં આવેલા વર્તમાન ખાતાઓનું રૂપાંતરણ.

iii) પાત્ર ગ્રાહકો માટે KYC નું અપડેટ/સમયાંતરે અપડેટ.

V-CIP હાથ ધરવાનું પસંદ કરતી કંપની, નીચે મુજબના લઘુત્તમ ધોરણોનું પાલન કરશે:

**(a) V-CIP ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

i) કંપનીએ બેંકો માટે લઘુત્તમ બેઝલાઇન સાયબર સુરક્ષા અને સ્થિતિસ્થાપકતા માળખા પર RBI માર્ગદર્શિકા જે સમયાંતરે અપડેટ કરવામાં આવે છે તેમ જ IT જોખમો પર અન્ય સામાન્ય માર્ગદર્શિકા. ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના પોતાના પરિસરમાં હોવું જોઈએ અને V-CIP કનેક્શન અને ઈન્ટરેક્શન તેના પોતાના સુરક્ષિત નેટવર્ક ડોમેનમાંથી આવશ્યકપણે ઉદ્ભવશે. પ્રક્રિયા માટે કોઈપણ ટેક્નોલોજી સંબંધિત આઉટસોર્સિંગ RBI ની સુસંગત માર્ગદર્શિકાઓનું પાલન કરતી હોવી જોઈએ. જ્યાં ક્લાઉડ ડિપ્લોયમેન્ટ મોડલનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં તે સુનિશ્ચિત કરવામાં આવશે કે આવા મોડલમાં ડેટાની માલિકી માત્ર કંપની પાસે જ છે અને વિડિયો રેકોર્ડિંગ સહિતનો તમામ ડેટા કંપનીના વિશિષ્ટ રૂપે માલિકીના/લીઝ કરાયેલા સર્વર(સર્વર્સ) પર ટ્રાન્સફર કરવામાં આવે છે, ક્લાઉડ સર્વર સહિત, જો કોઈ હોય તો, V-CIP પ્રક્રિયા પૂર્ણ થયા પછી તરત જ અને ક્લાઉડ સેવા પ્રદાતા અથવા કંપનીના V-CIP ને મદદ કરતા તૃતીય-પક્ષ ટેક્નોલોજી પ્રદાતા દ્વારા કોઈ ડેટા જાળવી રાખવામાં આવશે નહીં.

ii) કંપની યોગ્ય એન્ક્રિપ્શન ધોરણો મુજબ ગ્રાહક ઉપકરણ અને V-CIP એપ્લિકેશનના હોસ્ટિંગ પોઇન્ટ વચ્ચે ડેટાના એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનની ખાતરી કરશે. ગ્રાહકની સંમતિ ઑડિટેબલ અને ફેરફાર-રહિત રીતે રેકોર્ડ કરવી જોઈએ.

iii) V-CIP ઈન્ફ્રાસ્ટ્રક્ચર/એપ્લિકેશન ભારતની બહારના IP સરનામાંઓ અથવા નકલી IP સરનામાંઓથી કનેક્શનને રોકવા માટે સક્ષમ હોવા જોઈએ.

iv) વિડિયો રેકોર્ડિંગમાં V-CIP અને તારીખ-સમય સ્ટેમ્પ હાથ ધરનાર ગ્રાહકના લાઈવ GPS કો-ઓર્ડિનેટ્સ (જિયો-ટેગિંગ) હોવા જોઈએ. V-CIP માં લાઈવ વિડિયોની ગુણવત્તા ગ્રાહકની શંકા વિનાની ઓળખ કરવા માટે પૂરતી હોવી જોઈએ.

v) એપ્લિકેશનમાં ચહેરાની જીવંતતા/સ્પૂફ ડિટેક્શન તેમજ ઉચ્ચ સ્તરની ચોકસાઈ સાથે ફેસ મેચિંગ ટેક્નોલોજી ધરાવતા ઘટકો હોવા જોઈએ, જો કે, કોઈપણ ગ્રાહકની ઓળખની અંતિમ જવાબદારી કંપનીની છે. V-CIP સશક્ત છે તેની ખાતરી કરવા માટે યોગ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય છે.

vi) બનાવટી ઓળખના શોધી કઢાયેલ/પ્રયાસ કરાયેલ/'લગભગ-ચૂકી જવાયેલ' કિસ્સાઓના અનુભવના આધારે, એપ્લિકેશન સોફ્ટવેર તેમજ કાર્યપ્રવાહ સહિતના ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિયમિતપણે અપગ્રેડ કરવામાં આવશે. V-CIP દ્વારા બનાવટી ઓળખના કોઈપણ શોધી કઢાયેલ કિસ્સાની વર્તમાન નિયમનકારી માર્ગદર્શિકાઓ હેઠળ સાયબર ઘટના તરીકે જાણ કરવામાં આવશે.

vii) V-CIP ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સશક્તતા અને એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન ક્ષમતાઓને સુનિશ્ચિત કરવા માટે ભેદ્યતા (વલ્નરેબિલીટી) આકારણી, ભેદન (પેનિટ્રેશન) પરીક્ષણ અને સિક્યોરિટી ઑડિટ જેવા જરૂરી પરીક્ષણોમાંથી પસાર થશે. આ પ્રક્રિયા હેઠળ નોંધાયેલ કોઈપણ નિર્ણાયક ઊણપ તેના અમલીકરણને બહાર પાડતા પહેલાં ઘટાડવામાં આવશે. આવા પરીક્ષણો ઇન્ડિયન કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) ની પૅનલમાં સમાવિષ્ટ ઑડિટર્સ દ્વારા હાથ ધરવામાં આવવા જોઈએ. આવા પરીક્ષણો સમયાંતરે આંતરિક/નિયમનકારી માર્ગદર્શિકાઓ સાથે સુસંગતપણે હાથ ધરવામાં આવવા જોઈએ.

viii) V-CIP એપ્લિકેશન સોફ્ટવેર અને સુસંગત API/વેબસેવાઓ પણ જીવંત વાતાવરણમાં ઉપયોગમાં લેવાતા પહેલા કાર્યાત્મક, પ્રદર્શન, જાળવણી શક્તિના યોગ્ય પરીક્ષણમાંથી પસાર થશે. આવા પરીક્ષણો દરમિયાન મળી આવેલ કોઈપણ જટિલ ઊણપનો ઉકેલ કર્યા પછી જ,

એપ્લિકેશન રોલઆઉટ થવી જોઈએ. આવા પરીક્ષણો પણ સમયાંતરે આંતરિક/નિયમનકારી માર્ગદર્શિકાઓ અનુસાર હાથ ધરવામાં આવશે.

**(b) V-CIP પ્રક્રિયા**

i) કંપની V-CIP માટે સ્પષ્ટ વર્ક ફ્લો અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર ઘડશે અને તેનું પાલન સુનિશ્ચિત કરશે. V-CIP પ્રક્રિયા માત્ર આ હેતુ માટે ખાસ તાલીમ પામેલ કંપનીના અધિકારીઓ દ્વારા જ સંચાલિત કરવામાં આવશે. અધિકારી જીવંતતાની તપાસ હાથ ધરવા અને ગ્રાહકની અન્ય કોઈ છેતરપિંડી અથવા શંકાસ્પદ વર્તણૂક શોધી કાઢવા અને તેના પર કાર્યવાહી કરવા સક્ષમ હોવા જોઈએ.

ii) વિડિયોને પૉઝ કરવો, કૉલને ફરીથી કનેક્ટ કરવો વગેરે સહિત કોઈપણ પ્રકારના વિક્ષેપ, બહુવિધ વિડિયો ફાઇલોના નિર્માણમાં પરિણમવા જોઈએ નહીં. જો પૉઝ અથવા વિક્ષેપ બહુવિધ ફાઇલોના નિર્માણ તરફ દોરી ન જાય, તો કંપની દ્વારા નવું સત્ર શરૂ કરવાની જરૂર નથી. જો કે, કૉલ ડ્રોપ/ડિસ્કનેક્શનના કિસ્સામાં, નવું સત્ર શરૂ કરવામાં આવશે.

iii) ઈન્ટરેક્શન (ક્રિયાપ્રતિક્રિયાઓ) વાસ્તવિક સમયની છે અને પૂર્વ-રેકોર્ડ કરેલી નથી તે સ્થાપિત કરવા માટે વિડિયો ઈન્ટરેક્શન દરમિયાનની જીવંતતા દર્શાવતા પ્રશ્નો સહિત ક્રમ અને/અથવા પ્રશ્નોના પ્રકાર, અલગ-અલગ હોવા જોઈએ.

iv) ગ્રાહકના અંતે અવલોકન કરાયેલ કોઈપણ સંકેત ખાતું ખોલવાની પ્રક્રિયાને રિજેક્ટ કરવા તરફ દોરી જશે.

v) V-CIP ગ્રાહક હાલના અથવા નવા ગ્રાહક હોવાની હકીકત, અથવા જો તે અગાઉ રિજેક્ટ કરાયેલા કેસ સાથે સંબંધિત હોય અથવા જો કોઈ નકારાત્મક સૂચિમાં નામ દેખાય તો તે કાર્ય-પ્રવાહના યોગ્ય તબક્કે તે ધ્યાનમાં લેવું જોઈએ.

vi) V-CIP સંચાલિત કરી રહેલા કંપનીના અધિકૃત અધિકારી ઓડિયો-વિડિયો રેકોર્ડ કરશે તેમજ ઓળખ માટે હાજર ગ્રાહકનો ફોટોગ્રાફ કેપ્ચર કરશે અને નીચેનામાંથી કોઈપણ એકનો ઉપયોગ કરીને ઓળખની માહિતી મેળવશે:

a. OTP આધારિત આધાર e-KYC પ્રમાણીકરણ

b. ઓળખ માટે આધારની ઓફલાઇન ચકાસણી

c. CDD પ્રક્રિયાઓ અનુસાર CKYCR માંથી ડાઉનલોડ કરેલ KYC રેકોર્ડ્સ અને KYC માહિતીને સેન્ટ્રલ KYC રેકોર્ડ રજિસ્ટ્રી (CKYCR) સાથે શેર કરીને, ગ્રાહક દ્વારા પ્રદાન કરાયેલ KYC ઓળખકર્તાનો ઉપયોગ કરીને

d. ડિજીલૉકર (DigiLocker) દ્વારા ઈશ્યૂ કરાયેલા દસ્તાવેજો સહિત અધિકૃત રીતે માન્ય દસ્તાવેજો (OVD) ના સમકક્ષ ઈ-દસ્તાવેજ

કંપની ઉપરોક્ત પોઇન્ટ નંબર 15 ના સંદર્ભમાં આધાર નંબરને રીડેક્ટ અથવા બ્લેકઆઉટ કરવાનું (છેકવાનું અથવા કાળી સહીથી ઢાંકવાનું) સુનિશ્ચિત કરશે.

XML ફાઇલ અથવા આધાર સુરક્ષિત QR કોડનો ઉપયોગ કરીને આધારની ઓફલાઇન ચકાસણીના કિસ્સામાં, તે સુનિશ્ચિત કરવામાં આવશે કે XML ફાઇલ અથવા QR કોડ જનરેશન તારીખ V-CIP હાથ ધરવાની તારીખથી ત્રણ કાર્યકારી દિવસો કરતાં જૂની નથી.

વધુમાં, આધાર XML ફાઇલ / આધાર QR કોડના ઉપયોગ માટેના ત્રણ કામકાજના દિવસોના નિર્ધારિત સમયગાળાને અનુરૂપ, કંપની એ સુનિશ્ચિત કરશે કે V-CIP ની વિડિયો પ્રક્રિયા ઓળખ માહિતી ડાઉનલોડ/પ્રાપ્ત કર્યાના ત્રણ કામકાજના દિવસોમાં હાથ ધરવામાં આવી છે. CKYCR /આધાર પ્રમાણીકરણ /સમકક્ષ ઈ-દસ્તાવેજ, જો દુર્લભ કિસ્સાઓમાં, સમગ્ર પ્રક્રિયા એક જ સમયે અથવા એકીકૃત રીતે પૂર્ણ કરી શકાતી નથી. જો કે, આના કારણે કોઈ વાર્ષિક જોખમ ઉમેરાય નહીં તે કંપની સુનિશ્ચિત કરશે.

vii) જો ગ્રાહકનું સરનામું OVD માં દર્શાવ્યું હોય તેના કરતા અલગ હોય, તો વર્તમાન સરનામાંના યોગ્ય રેકોર્ડ્સ હાલની જરૂરિયાત મુજબ કેપ્ચર કરવામાં આવશે. તે સુનિશ્ચિત કરવામાં આવશે કે ગ્રાહક દ્વારા સબમિટ કરવામાં આવેલ આર્થિક અને નાણાકીય પ્રોફાઇલ/માહિતી પણ યોગ્ય રીતે V-CIP હાથ ધરનાર ગ્રાહક પાસેથી પુષ્ટિ કરાયેલ છે.

viii) કંપનીએ પ્રક્રિયા દરમિયાન ગ્રાહક દ્વારા પ્રદર્શિત કરવા માટે PAN કાર્ડની સ્પષ્ટ છબી કેપ્ચર કરવી જોઈએ, સિવાય કે ગ્રાહક દ્વારા e-PAN

પ્રદાન કરવામાં આવે તેવા કિસ્સાઓ સિવાય. PAN વિગતો ડિજીલૉકર (DigiLocker) દ્વારા ઈશ્યૂ કરનાર સત્તાધિકારીના ડેટાબેઝમાંથી ચકાસવામાં આવશે.

ix) e-PAN સહિત સમકક્ષ ઈ-દસ્તાવેજની પ્રિન્ટેડ કોપીનો ઉપયોગ V-CIP માટે માન્ય નથી.

x) કંપનીના અધિકૃત અધિકારી સુનિશ્ચિત કરશે કે આધાર/OVD અને PAN/e-PAN માં ગ્રાહકનો ફોટો V-CIP હાથ ધરનાર ગ્રાહક સાથે મેળ ખાય છે અને આધાર/OVD અને PAN/e-PAN માં ઓળખની વિગતો ગ્રાહક દ્વારા પૂરી પાડવામાં આવેલ વિગતો સાથે મેળ ખાય છે.

xi) પ્રક્રિયાની અખંડિતતા અને પરિણામની સ્વીકાર્યતાને સુનિશ્ચિત કરવા માટે, V-CIP દ્વારા ખોલવામાં આવેલા તમામ ખાતાઓને સમવર્તી ઑડિટને આધિન કર્યા પછી જ કાર્યરત કરવામાં આવશે.

xii) ફકરા હેઠળ ઉલ્લેખિત નથી પરંતુ અન્ય કાયદાઓ જેમ કે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) એક્ટ હેઠળ જરૂરી તમામ બાબતોનું કંપની દ્વારા યોગ્ય રીતે પાલન કરવામાં આવશે.

**(c) V-CIP રેકોર્ડ્સ અને ડેટા મેનેજમેન્ટ**

i) V-CIP ના સમગ્ર ડેટા અને રેકોર્ડિંગ્સ ભારતમાં સ્થિત સિસ્ટમ/સિસ્ટમ્સમાં સ્ટોર કરવામાં આવશે. કંપની સુનિશ્ચિત કરશે કે વિડિયો રેકોર્ડિંગ સલામત અને સુરક્ષિત રીતે સ્ટોર કરાયેલ છે અને તે તારીખ અને સમય અંગેના સ્ટેમ્પ ધરાવે છે જેનાથી સરળ ઐતિહાસિક ડેટા શોધ મેળવી શકાય. RBI KYC માસ્ટર ડાયરેક્શનમાં નિર્ધારિત રેકોર્ડ મેનેજમેન્ટ પરની હાલની સૂચનાઓ V-CIP માટે પણ લાગુ પડશે.

ii) V-CIP હાથ ધરી રહેલા અધિકારીના ક્રેડેન્શિયલ સાથેનો પ્રવૃત્તિ લૉગ સાચવવામાં આવશે.

18. **નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs)માટે સરળીકૃત પ્રક્રિયા**: લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિ ચોક્કસ દસ્તાવેજો પ્રસ્તુત કરવામાં અસક્ષમ રહે, તો કંપની તેની મુનસફી મુજબ નીચેની શરતોને આધિન રહીને લોન એકાઉન્ટ ખોલી શકે છે:

(a) કંપનીએ ગ્રાહક પાસેથી સેલ્ફ-એટેસ્ટેડ તસવીર મેળવવી જોઈએ.

(b) કંપનીના નિર્ધારિત અધિકારી પોતાના હસ્તાક્ષર હેઠળ પ્રમાણિત કરે કે લોન એકાઉન્ટ ખોલવાનારી વ્યક્તિએ તેમની હાજરીમાં સહી કરી છે કે અંગૂઠાનું નિશાન લગાવ્યું છે.

(c) લોન એકાઉન્ટ આરંભમાં બાર મહિનાના ગાળા માટે કાર્યરત રહેવું જોઈએ, જેમાં CDD હાથ ધરાવી જોઈએ.

(d) મંજૂર કરાયેલી લોન/ તેમના એકાઉન્ટમાંની શેષ સાથે મળીને કોઈ પણ તબક્કે રૂપિયા પચાસ હજારથી વધવી ન જોઈએ.

(e) તમામ એકાઉન્ટમાં સાથે મળીને કુલ જમા રકમ એક વર્ષમાં એક લાખ રૂપિયાથી વધવી ન જોઈએ.

(f) ગ્રાહકને જાગૃત કરાવો જોઈએ કે (d) ઉપરોક્તને તે ભંગ કરશે તો તે સંજોગોમાં સંપૂર્ણ KYC પ્રક્રિયા પૂર્ણ થયા સુધી તે કોઈ વધુ વ્યવહાર નહીં કરી શકે.

(g) શેષ જ્યારે રૂપિયા ચાલીસ હજારે પહોંચી જાય અથવા કુલ જમા રકમ એક વર્ષમાં રૂપિયા એંશી હજારે પહોંચી જાય ત્યારે ગ્રાહકને જાણણ કરાશે કે KYC હાથ ધરવા માટે પર્યાપ્ત દસ્તાવેજો રજૂ કરાય નહિતર એકાઉન્ટમાંની કામગીરીને રોકી દેવાશે જ્યારે તમામ એકાઉન્ટમાંનું કુલ બેલેન્સ મળીને ઉપરના નિર્દેશ (d) અને (e)માં નિર્ધારિત મર્યાદાને ઓળંગી જશે.

(h) કંપનીએ ગ્રાહકને જાણ કરીને KYC પ્રક્રિયા પૂર્ણ કરવા યોગ્ય પગલાં લેવા જોઈએ, જેમ ન થવા પર કોઈ વધારાની ઉધારને મંજૂર કરાશે નહીં.

(i) લોન ખાતાનું નિરીક્ષણ કરવામાં આવશે અને જ્યારે ML/TF પ્રવૃત્તિઓ અથવા અન્ય ઉચ્ચ-જોખમના સંજોગોની શંકા હોય, ત્યારે ગ્રાહકની ઓળખ વિભાગ 15 અથવા વિભાગ 17 મુજબ સ્થાપિત કરવામાં આવશે.

19. એકવાર KYC વેરિફિકેશન કંપનીની એક બ્રાન્ચ/ ઓફિસ ખાતે થઈ જાય એટલે તેને કંપનીની અન્ય કોઈ બ્રાન્ચ/ઓફિસ ખાતે લોન એકાઉન્ટની તબદિલી માટે માન્ય ગણાશે, જે માટે શરત એ રહેશે કે સંલગ્ન લોન એકાઉન્ટ માટે KYC વેરિફિકેશન અગાઉ થઈ ચૂક્યું છે અને તે સમયાંતરે અપડેશન માટે પડતર નથી.

## ભાગII-સોલ પ્રોપરાઈટરી પેઢી માટે CDDપગલાં

20. સોલ પ્રોપરાઈટરી પેઢીના નામે લોન એકાઉન્ટ ખોલાવવા માટે, વ્યક્તિગત (પ્રોપરાઈટર) CDD હાથ ધરાશે.

21. ઉપરના ઉપરાંત, નીચેનામાંથી કોઈ બે દસ્તાવેજો અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજ પ્રોપરાઈટરી ફર્મના નામે વ્યાપાર/ પ્રવૃત્તિના પૂરાવા તરીકે પ્રાપ્ત કરવાના રહેશે:

(a) નોંધણીનું પ્રમાણપત્ર સરકાર દ્વારા ઇશ્યૂ કરાયેલ ઉદ્યમ નોંધણી પ્રમાણપત્ર (URC) સહિત

(b) ગુમાસ્તા ધારા હેઠળ મ્યુનિસિપલ સત્તાવાળાઓએ જારી કરેલું પ્રમાણપત્ર/લાઈસન્સ.

(c) વેચાણ અને આવક વેરાનું રિટર્ન

(d) CST/VAT/GSTપ્રમાણપત્ર (પ્રોવિઝનલ/અંતિમ)

(e) વેચાણ વેરા/ સર્વિસ ટેક્સ/ વ્યાવસાયિક વેરા સત્તાવાળાઓએ જારી કરેલું પ્રમાણપત્ર /નોંધણી દસ્તાવેજ.

(f) IEC(ઈમ્પોર્ટર એક્સપોર્ટર કોડ)કે જેને DGFTની ઓફિસ સાથે સંલગ્ન પ્રોપરાઈટરી દ્વારા જારી કરાયો હોય અથવા સ્ટેચ્યુટ હેઠળ સ્થપાયેલી કોઈ પણ વ્યાવસાયિક સંસ્થા દ્વારા સંલગ્ન પ્રોપરાઈટરીના નામે પરવાના /પ્રેક્ટિસનું પ્રમાણપત્ર જારી કરાયું હોય.

(g) સંપૂર્ણ આવક વેરાનું રિટર્ન (ફક્ત એકનોલેજમેન્ટ નહીં) જ્યાં પેઢીની આવક દર્શાવાતી હોય ત્યાં સોલ પ્રોપરાઈટરના નામે, આવક વેરા સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે પ્રમાણભૂત/અનુમોદિત કરાયો હોય.

(h) લાઈટ, પાણી, લેન્ડલાઈન ટેલિફોન બિલ વગેરે જેવા વપરાશના બિલ્સ.

22. કંપની જ્યાં સંતુષ્ઠ હોય કે બે આવા દસ્તાવેજ રજૂ કરવા શક્ય નથી, તો કંપની તેની મુનસફી અનુસાર આમાંના કોઈ એક દસ્તાવેજને વ્યાપાર/ પ્રવૃત્તિના દસ્તાવેજ તરીકે સ્વીકારી શકે છે.

કંપની સંપર્ક બિંદુ વેરિફિકેશન તેમજ અન્ય આવી માહિતી એકત્ર કરીને તેના વર્ગીકરણની ખાતરી આપે કે જેની આવી પેઢીના અસ્તિત્વને સ્થાપિત કરવા જરૂર રહેશે, અને સંલગ્ન પ્રોપરાઈટરીના સરનામેથી વ્યાપાર પ્રવૃત્તિને વેરિફાય કરવા બાબતે પુષ્ટિ અને સંતોષ વ્યક્ત કરે.

## ભાગIII-કાનૂની એકમો માટે CDDપગલાં

23. કંપનીનું લોન એકાઉન્ટ ખોલાવવા માટે નીચેના દસ્તાવેજો અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજોમાંના દરેકની પ્રમાણિત નકલ પ્રાપ્ત કરવાની રહેશે:

(a) સ્થાપનાનું પ્રમાણપત્ર

(b) જોડાણનું સમજૂતિપત્ર

(c) કંપનીનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર

(d) બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનો ઠરાવ અને તેના મેનેજર્સ, ઓફિસર્સ અથવા કર્મચારીઓને તેના વતી વ્યવહાર કરવા અપાયેલું કુલમુખત્યારનામું

(e) લાભાર્થી માલિક, મેનેજર, અધિકારી અથવા કર્મચારીમાંથી જે પણ લાગુ પડે તેની સાથે સંકલિત CDD દસ્તાવેજો, જેમાં કોઈ એટર્નીને કંપની વતી વ્યવહાર કરવા અનુમતિ અપાઈ હોય.

(f) સિનિયર મેનેજમેન્ટ હોદ્દો ધરાવતા સંબંધિત વ્યક્તિઓના નામ; અને

(g) રજિસ્ટર્ડ ઓફિસ અને તેના વ્યવસાયનું મુખ્ય સ્થળ, જો તે અલગ હોય

24. કોઈ ભાગીદારી પેઢીનું લોન એકાઉન્ટ ખોલાવવા માટે નીચેના દસ્તાવેજોમાંથી દરેક અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજોની પ્રમાણિત નકલ પ્રાપ્ત કરવાની રહેશે:

(a) નોંધણીનું પ્રમાણપત્ર

(b) ભાગીદારી કરારનામું

(c) ભાગીદારી પેઢીનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર

(d) કલમ 16માં નિર્ધારિત કરાયા મુજબના, દસ્તાવેજો કે જે લાભાર્થી માલિક, મેનેજર, અધિકારી અથવા કર્મચારીમાંથી જે પણ લાગુ પડે તેને તેના વતી વ્યવહાર કરવા એટર્ની તરીકે ધારણ કરી શકાય

(e) તમામ ભાગીદારોના નામ અને

(f) રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું અને તેના વ્યવસાયનું મુખ્ય સ્થળ, જો તે અલગ હોય

25. ટ્રસ્ટ,ના લોન એકાઉન્ટને ખોલાવવા માટે, નીચેના દસ્તાવેજોમાંથી દરેક અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજોની પ્રમાણિત નકલ પ્રાપ્ત કરવાની રહેશે:

(a) નોંધણીનું પ્રમાણપત્ર

(b) ટ્રસ્ટનું કરારનામું

(c) ટ્રસ્ટનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર અથવા ફોર્મ નં. 60

(d) કલમ 16માં નિર્ધારિત કરાયા મુજબના, દસ્તાવેજો કે જે લાભાર્થી માલિક, મેનેજર, અધિકારી અથવા કર્મચારીમાંથી જે પણ લાગુ પડે તેને તેના વતી વ્યવહાર કરવા એટર્ની તરીકે ધારણ કરી શકાય

(e) લાભાર્થીઓ, ટ્રસ્ટીઓ, વસાહતી, રક્ષક, જો કોઈ હોય તો અને ટ્રસ્ટના લેખકોના નામ

(f) ટ્રસ્ટની રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું; અને

(g) વ્યક્તિઓ માટે પોઇન્ટ CDD પ્રક્રિયામાં નિર્દિષ્ટ કર્યા મુજબ ટ્રસ્ટીઓ અને દસ્તાવેજોની સૂચિ, તેમના માટે જેઓ ટ્રસ્ટી તરીકેની ભૂમિકા નિભાવી રહ્યા છે અને ટ્રસ્ટ વતી વ્યવહાર કરવા માટે અધિકૃત છે.

26. કોઈ સ્થાપના વિહોણા એસોસિયેશન અથવા લોકોની સંસ્થાનું લોન એકાઉન્ટ ખોલાવવા માટે નીચેના દસ્તાવેજોમાંથી દરેક અથવા સમકક્ષ ઈ-દસ્તાવેજોની પ્રમાણિત નકલ પ્રાપ્ત કરવાની રહેશે:

(a) આવા એસોસિયેશન અથવા લોકોની સંસ્થાની મેનેજિંગ બોડીનો ઠરાવ

(b) સ્થાપના વિહોણા એસોસિયેશન અથવા લોકોની સંસ્થાના ફોર્મ નં. 60 અથવા પરમેનેન્ટ એકાઉન્ટ નંબર

(c) તેના વતી વ્યવહાર કરવા ફાળવાયેલું કુલમુખત્યારનામું

(d) CDD દસ્તાવેજો, કે જે લાભાર્થી માલિક, મેનેજર, અધિકારી અથવા કર્મચારીમાંથી જે પણ લાગુ પડે તેને તેના વતી વ્યવહાર કરવા એટર્ની તરીકે ધારણ કરી શકાય અને

(e) આવા કોઈ એસોસિયેશન અથવા લોકોની સંસ્થાના કાનૂની અસ્તિત્વને સહિયારી રીતે સ્થાપિત કરવા કંપની દ્વારા જરૂરી આવી માહિતી.

સ્પષ્ટીકરણ: નહીં નોંધાયેલા ટ્રસ્ટ/ભાગીદારી પેઢીઓનો વણસ્થપેલા એસોસિયેશનની શરતોમાં સમાવેશ કરવો જોઈએ.

સ્પષ્ટીકરણ: શબ્દ 'વ્યક્તિઓની સંસ્થા'માં સોસાયટીઓનો સમાવેશ થાય છે.

27. એવા ગ્રાહકનું લોન એકાઉન્ટ ખોલવા માટે કે જેઓ ન્યાયિક વ્યક્તિઓ છે (અગાઉના ભાગમાં ખાસ આવરી લેવામાં આવ્યા નથી), જેમ કે સોસાયટીઓ, યુનિવર્સિટીઓ અને સ્થાનિક સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયતો, વગેરે, અથવા જે આવા ન્યાયિક વ્યક્તિ અથવા વ્યક્તિ અથવા ટ્રસ્ટ વતી કાર્ય કરવાનો આશય ધરાવે છે. નિમ્નલિખિત દસ્તાવેજોની પ્રમાણિત નકલો અથવા તેના સમકક્ષ ઈ-દસ્તાવેજો મેળવવા અને ચકાસવામાં આવશે:

(a) સંસ્થા વતી વર્તવા માટે અધિકૃત વ્યક્તિનું નામ દર્શાવતો દસ્તાવેજ;

(b) વ્યક્તિઓ માટે પોઈન્ટ સીડીડી પ્રક્રિયામાં ઉલ્લેખિત દસ્તાવેજો, તેના વતી વ્યવહાર કરવા માટે એટર્ની ધરાવનાર વ્યક્તિના અને

(c) આવા એકમ/ ન્યાયિક વ્યક્તિના કાનૂની અસ્તિત્વને સ્થાપિત કરવા જરૂરી આવા દસ્તાવેજો.

તે શરતે કે, ટ્રસ્ટના કિસ્સામાં, કંપની સુનિશ્ચિત કરશે કે ટ્રસ્ટીઓ ખાતા-આધારિત સંબંધ શરૂ કરતી વખતે અથવા RBI KYC માસ્ટર ડાયરેક્શનના વિભાગ 13 કલમ (b), (e) અને (f) માં ઉલ્લેખિત વ્યવહારો હાથ ધરતી વખતે તેમની સ્થિતિ જાહેર કરે.

## ભાગIV–લાભાર્થી માલિકની ઓળખ

28. કોઈ કુદરતી વ્યક્તિ ન હોય તેવા કાનૂની વ્યક્તિનું લોન એકાઉન્ટ ખોલવા માટે, લાભાર્થી માલિક(કો)ની ઓળખ કરીને નિયમોના નિયમ 9ના પેટા-નિયમ (3)ના સંબંધમાં તમામ વાજબી પગલાં અને ઓળખ કરાવી જોઈએ જેથી નીચેની બાબતોને ધ્યાનેલઈને તેમની ઓળખ કરી શકાય:

(a) જ્યાં ગ્રાહક અથવા નિયંત્રિત હિતના માલિક (i) ભારતમાં સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ એન્ટિટી છે, અથવા (ii) તે કેન્દ્ર સરકાર દ્વારા

સૂચિત અધિકારક્ષેત્રોમાં રહેતી એન્ટિટી છે અને આવા અધિકારક્ષેત્રોમાંના સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ છે, અથવા (iii) તે આવી લિસ્ટેડ એન્ટિટીની પેટાકંપની છે; આવી એન્ટિટીના કોઈપણ શેરહોલ્ડર અથવા લાભકારી માલિકની ઓળખ અને ચકાસણી કરવી જરૂરી નથી.

(b) ટ્રસ્ટ/નોમિની અથવા ન્યાસ એકાઉન્ટના સંજોગોમાં ગ્રાહક અન્ય વ્યક્તિ વતી ટ્રસ્ટ/ નોમિની તરીકે વર્તતી હોય અથવા અન્ય કોઈ મધ્યસ્થી નિર્ધારિત કરાયા હોય. તો આવા સંજોગોમાં, મધ્યસ્થીની ઓળખ અને જે લોકો વતી તેઓ કાર્યરત છે તેમની ઓળખના સંતોષકારક પૂરાવા તેમજ ટ્રસ્ટના પ્રકારની વિગતો અથવા અન્ય વ્યવસ્થાઓ પ્રાપ્ત કરવી જોઈએ.

## ભાગV-પ્રવર્તમાનડ્યુ ડિલિજન્સ

29. કંપનીએ ગ્રાહકનું પ્રવર્તમાન ડ્યુ ડિલિજન્સ હાથ ધરીને સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમના વ્યવહારો ગ્રાહકો વિશેના તેમના જ્ઞાન, ગ્રાહકોના વ્યાપાર અને જોખમની પ્રોફાઈલ તથા ફંડ/સંપત્તિ ના સ્ત્રોતોને અનુરૂપ છે.

30. નીચેના પ્રકારના વ્યવહારોના નિકટવર્તી નિરીક્ષણની માગ કરનારા પરિબળોના સામાન્યપણા સાથે પૂર્વગ્રહ રાખ્યા વિના તેની પર જરૂરી નિરીક્ષણ રખાવું જોઇએ:

(a) મોટા અને જટિલ વ્યવહારો, અને જે અસામાન્ય પેટર્નના હોય, ગ્રાહકની સામાન્ય અને અપેક્ષિત પ્રવૃત્તિઓ સાથે અસંગત હોય, અને જેનો કોઈ દેખીતો આર્થિક તર્ક અથવા કાનૂની ઉદ્દેશ જ ન હોય.

(b) નિર્ધારિત ટોચમર્યાદાને ઓળંગનારા વ્યવહારો.

(c) ગ્રાહકની પ્રોફાઈલ સાથે મેળ ખાતા ન હોય તેવા ઉચ્ચ એકાઉટના ટર્નઓવર.

(d) ત્રાહિત પક્ષના ચેક, ડ્રાફ્ટ વગેરે પૂરા પાડનારા નિરંતર ડ્યુ ડિલિજન્સ માટે, કંપની અસરકારક નિરીક્ષણને સપોર્ટ કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ (AI & ML) તકનીકો સહિત યોગ્ય નવીનતાઓ અપનાવવાનું વિચારી શકે છે.

31. ગ્રાહકના જોખમની કેટેગરી સાતે સુસંગત નિરીક્ષણની મર્યાદા રહેશે.

સ્પષ્ટીકરણઃ ઊંચા જોખમવાળા એકાઉન્ટ વધુ સઘન નિરીક્ષણને આધિન રહેશે.

(a) એકાઉન્ટના જોખમ વર્ગીકરણની સમયાંતરે સમીક્ષાની પ્રણાલિ, કે જેમાં આવી સમયમર્યાદા **ઓછામાં ઓછી છ મહિનામાં એક વાર** હોય અને વિસ્તારેલા ડ્યુ ડિલિજન્સના પગલાં લાગુ કરવાની જરૂરિયાતને અમલી બનાવાય.

32. **KYC નું અપડેટ/ સમયાંતરે અપડેશન**

કંપની KYC ને સમયાંતરે અપડેટ કરવા માટે જોખમ આધારિત અભિગમ અપનાવશે જેથી CDD હેઠળ એકત્રિત કરવામાં આવેલી માહિતી અથવા ડેટા અપ-ટૂ-ડેટ અને સંબંધિત રાખવામાં આવે, ખાસ કરીને જ્યાં વધુ જોખમ હોય ત્યાં. જોકે. ઉચ્ચ જોખમ ધરાવતા ગ્રાહકો માટે દર બે વર્ષમાં ઓછામાં ઓછું એકવાર, મધ્યમ જોખમ ધરાવતા ગ્રાહકો માટે દર આઠ વર્ષમાં એકવાર અને ઓછા જોખમવાળા ગ્રાહકો માટે દર દસ વર્ષમાં એકવાર લોન અકાઉન્ટ ખોલવાની તારીખ /છેલ્લા KYC અપડેટ કર્યા બાદ નીચેની પ્રક્રિયા મુજબ સમયાંતર અપડેટ હાથ ધરવામાં આવશે:

a) વ્યક્તિગત ગ્રાહકો:

કેવાયસી માહિતીમાં કોઈ ફેરફાર નહીં: કેવાયસી માહિતીમાં કોઈ ફેરફાર ન હોવાના કિસ્સામાં, ગ્રાહક પાસેથી આ સંદર્ભે સેલ્ફ-ડીક્લેરેશન કંપનીમાં નોંધણીકૃત ગ્રાહકના ઈમેઈલ આઈડી મારફત, કંપની સાથે નોંધણીકૃત ગ્રાહકના મોબાઈલ નંબર, ડિજિયલ ચનલ્સ (જેમ કે ઑનલાઈન બન્કિંગ, ઈન્ટરનેટ બન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લિકેશન), પત્ર ઈત્યાદિ મારફત મેળવવાનું રહેશે.

સરનામામાં ફેરફાર: જો ગ્રાહકના માત્ર સરનામાની વિગતોમાં ફેરફાર હોય તો ગ્રાહક પાસેથી નવા સરનામાનું સેલ્ફ-ડીક્લેરેશન કંપનીમાં નોંધણીકૃત ગ્રાહકના ઈમેઈલ આઈડી મારફત, કંપની સાથે નોંધણીકૃત ગ્રાહકના મોબાઈલ નંબર, ડિજિયલ ચનલ્સ (જેમ કે ઑનલાઈન બન્કિંગ, ઈન્ટરનેટ બન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લિકેશન, પત્ર ઈત્યાદિ મારફત મેળવવાનું રહેશે અને ઘોષિત કરાયેલું સરનામું બે મહિનાની અંદર એડ્રેસ વેરિફિકેશન લેટર, કૉન્ટેક્ટ પૉઈન્ટ ડિલીવરેબલ્સ ઈત્યાદિ જેવા માધ્યમથી સકારાત્મક પુષ્ટિ મારફત ખાતરી કરવાનું રહેશે.

વધુમાં, સમયાંતરે અપડેટ કરતી વખતે ગ્રાહક દ્વારા ઘોષિત કરાયેલ સરનામાના પુરાવાના હેતુ માટે કંપની દિશાઓના 3(a) (xiv) માં વ્યાખ્યાયિત કરેલ અથવા તેના સમકક્ષ ઈ-દસ્તાવેજોમાં દિશાઓના વિભાગ કલમ 3(a) (x) માં વ્યાખ્યાયિત કરેલ OVD ની નકલ અથવા ડીમ્ડ OVD મેળવી શકે છે, જો કે, આવી જરૂરિયાત કંપની દ્વારા તેમની આંતરિક KYC પોલિસીમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત કરવામાં આવશે જે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અથવા બોર્ડની કોઈપણ સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી છે જેને સત્તા સોંપવામાં આવી છે.

અકાઉન્ટ ખોલવા સમયે સગીર હતાં એવાં ગ્રાહકોના અકાઉન્ટ્સ તેઓ પુખ્ત બનવા પર: એ ગ્રાહકોના કિસ્સામાં કે જેમાં તેઓ સગીર હતા ત્યારે અકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું, તેઓ પુખ્ત થવા પર તેમના હાલના ફોટોગ્રાફ્સ મેળવવાના રહેશે અને તે સમયે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે

વર્તમાન સીડીડી માનકો અનુસાર સીડીડી દસ્તાવેજો કંપની પાસે ઉપલબ્ધ હોય. જ્યાં પણ આવશ્યક હોય ત્યાં, કંપની આવા ગ્રાહકોનું નવું કેવાયસી કરાવી શકે છે એટલે કે એ ગ્રાહકો જેમની માટે તેઓ સગીર હતા ત્યારે અકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું, તેઓ પુખ્ત બનવા પર.

સમયાંતરે અપડેટ માટે નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં આધાર OTP આધારિત e-KYC નો ઉપયોગ કરી શકાય છે. સ્પષ્ટતા કરવા માટે, ઉપર જણાવ્યા મુજબ પોઇન્ટ નંબર 16 માં નિર્ધારિત શરતો નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં આધાર OTP આધારિત e-KYC દ્વારા KYC ના અપડેટ / સમયાંતર અપડેટના કિસ્સામાં લાગુ પડતી નથી.

વર્તમાન સરનામાની ઘોષણા, જો વર્તમાન સરનામું આધારના સરનામાથી અલગ હોય, તો આ કિસ્સામાં હકારાત્મક પુષ્ટિની જરૂર રહેશે નહીં. કંપની એ સુનિશ્ચિત કરશે કે આધાર પ્રમાણીકરણ માટેનો મોબાઈલ નંબર ગ્રાહકની પ્રોફાઇલમાં તેમની પાસે ઉપલબ્ધ નંબર જેવો જ છે, જેથી કોઈ પણ છેતરપિંડી અટકાવી શકાય.

b) વ્યક્તિગત સિવાયના ગ્રાહકો:

કેવાયસી માહિતીમાં કોઈ ફેરફાર નહીં: લીગલ એન્ટિટી (એલઈ) ગ્રાહકની કેવાયસી માહિતીમાં કોઈ ફેરફાર ન હોવાના કિસ્સામાં, આ સંદર્ભે એલઈ ગ્રાહક પાસેથી સેલ્ફ-ડીક્લેરેશન કંપનીમાં નોંધણીકૃત તેના ઈમેઈલ આઈડી, ડિજિટલ ચનલ્સ (જેમ કે ઑનલાઈન બન્કિંગ, ઈન્ટરનેટ બન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લિકેશન) એલઈ દ્વારા આ સંદર્ભે અધિકૃત કરાયેલ અધિકારી તરફથી પત્ર, બોર્ડના ઠરાવ ઈત્યાદિ મારફત મેળવવાનું રહેશે. વધુમાં, આ પ્રક્રિયા દરમિયાન કંપનીએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તેની પાસે ઉપલબ્ધ બેનિફિશિયલ ઑનરશિપ (બીઓ) માહિતી સચોટ છે અને આવશ્યક જણાવવા પર તેને અપડેટ કરવાની રહેશે, જેથી તેને શક્ય બને તેમ અપ-ટુ-ડેટ રાખી શકાય.

કેવાયસી માહિતીમાં ફેરફાર: કેવાયસી માહિતીમાં ફેરફારના કિસ્સામાં, કંપનીએ નવા એલઈ ગ્રાહકને સામેલ કરવા માટે લાગુ હોય એને સમકક્ષ કેવાયસી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

c) વધારાનાં ઉપાયો: ઉપર જણાવેલ ઉપરાંત, કંપનીએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે,

હાલના સીડીડી માનકો અનુસાર ગ્રાહકના કેવાયસી દસ્તાવેજો તેની પાસે ઉપલબ્ધ હોય. આ ગ્રાહકની માહિતીમાં કોઈ ફેરફાર ન હોય પરંતુ કંપની પાસે ઉપલબ્ધ દસ્તાવેજો વર્તમાન સીડીડી માનકો અનુસાર ન હોય તો પણ લાગુ રહે છે. વધુમાં, જો કંપની પાસે ઉપલબ્ધ સીડીડી દસ્તાવેજોની વૈદ્યતા કેવાયસીના પીરિયડિક અપડેશન સમયે સમાપ્ત થઈ ગઈ હોય એ કિસ્સામાં, કંપનીએ નવા ગ્રાહકને સામેલ કરવા માટે લાગુ સમકક્ષ કેવાયસી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ગ્રાહકની પેન વિગતો જો કંપની પાસે ઉપલબ્ધ હોય તો તે કેવાયસીના પીરિયડિક અપડેશન સમયે જારી કરનાર સત્તાધિકારીના ડેટાબેઝ માંથી ખાતરી કરેલી છે.

ગ્રાહકને સુસંગત દસ્તાવેજ(જો) જેમાં સમયાંતરે અપડેશન કરવા માટે ગ્રાહક પાસેથી સેલ્ફ-ડીક્લેરેશન સામેલ છે તે પ્રાપ્ત થયાની તારીખ લખીને પહોંચ આપવામાં આવે છે. વધુમાં, કેવાયસીના પીરિયડિક અપડેશન સમયે ગ્રાહકો પાસેથી મળેલી માહિતી/દસ્તાવેજો કંપનીના રેકૉર્ડસ/ડેટાબેઝમાં તરત અપડેટ કરવામાં આવે તથા કેવાયસી વિગતો અપડેટ કર્યાની તારીખ જણાવતી સૂચના ગ્રાહકને આપવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગ્રાહકની સહુલિયત સુનિશ્ચિત કરવા, કંપની તેમની આંતરિક KYC પોલિસીના સંદર્ભમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અથવા બોર્ડની કોઈપણ સમિતિ દ્વારા યોગ્ય રીતે મંજૂર કરવામાં આવી છે જેને સત્તા સોંપવામાં આવી છે કોઈપણ શાખા પર કેવાયસીના પીરિયડિક એપડેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા પર વિચાર કરી શકે છે.

કંપની તેના વિકલ્પરૂપે OVDની પ્રસ્તુતિના હેતુસર ગ્રાહકની ભૌતિક ઉપસ્થિતિ પર ભાર મૂકી શકે છે અથવા આધાર પ્રમાણભૂતતા/ ઓફલાઈન વેરિફિકેશન માટે સંમતિ આપી શકે છે, જેમાં એકાઉન્ટધારક/કોની ભૌતિક ઉપસ્થિતિ તેમના બોનાફાઈડ્સને પૂરવાર કરવા જરૂરી હોવાના પર્યાપ્ત કારણોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, ગ્રાહક દ્વારા મેઈલ /ટપાલથી OVD/સંમતિ મોકલાય તે જ સ્વીકાર્ય રહે છે.

કેવાયસીના પીરિયડિક અપડેશન સંબંધે કંપની જોખમ-આધારિત અભિગમ અપનાવી શકે છે. કોઈપણ વધારાના અને અનોખા ઉપાયો કે જે અન્યથા ઉપરોક્ત સૂચનાઓ અંતર્ગત ફરજિયાત નથી અને કંપની દ્વારા અપનાવવામાં આવ્યા છે જેમ કે હાલનો ફોટોગ્રાફ મેળવવાની આવશ્યકતા, ગ્રાહકની રૂબરૂ હાજર રહેવાની આવશ્યકતા, કેવાયસીના પીરિયડિક અપડેશન જ્યાં અકાઉન્ટ હોય એ કંપનીની શાખામાં જ કરવાની આવશ્યકતા, કેવાયસી અપડેશનની ઓછામાં ઓછી નિર્ધારિત સામયિકતા કરતા વધુ વારંવારની સામયિકતા વગેરે કંપનીના બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ અથવા જેને સત્તા આપવામાં આવી હોય એવી કોઈ બોર્ડની સમિતી દ્વારા માન્ય કરાયેલ આંતરિક કેવાયસી પૉલિસીમાં સ્પષ્ટ નિર્દિષ્ટ કરેલ હોવા જોઈએ.

d) કંપની ગ્રાહકોને સલાહ આપશે કે PML નિયમોનું પાલન કરવા માટે, ગ્રાહક દ્વારા વ્યવસાયિક સંબંધ / અકાઉન્ટ-આધારિત સંબંધની સ્થાપના સમયે અને તે પછી, જરૂરી હોય તે મુજબ સબમિટ કરેલા દસ્તાવેજોમાં કોઈપણ અપડેટના કિસ્સામાં; ગ્રાહકોએ આવા દસ્તાવેજોની અપડેટ કંપનીને સબમિટ કરવી પડશે. કંપની તરફથી રેકોર્ડ અપડેટ કરવાના હેતુથી ગ્રાહકો દ્વારા તેમના દસ્તાવેજોમાં

અપડેટ થયાના 30 દિવસની અંદર આ કરવામાં આવશે.

33. પ્રવર્તમાન ગ્રાહકના સંજોગોમાં, કંપનીએ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ અથવા ફોર્મ નં. 60 કેન્દ્ર સરકાર દ્વારા નોટિફાય કર્યા મુજબની આવી તારીખ સુધીમાં પ્રાપ્ત કરવાનો રહેશે, જેમ કરવામાં નિષ્ફળ નિવડ્યે કંપની ગ્રાહક દ્વારા પરમેનેન્ટ એકાઉન્ટ નંબર અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ અથવા ફોર્મ નં. 60 રજૂ ન કરાય ત્યાં સુધી એકાઉન્ટમાંના વ્યવહારોને સ્થગિત કરી દેશે.

એ શરતે કે લોન એકાઉન્ટ માટે હંગામી ધોરણે કામગીરી સ્થગિત કરતા (એટલે કે કોઈ વધુ ડેબિટ અટકાવતા) પહેલાં કંપની ગ્રાહકને પહોંચપાત્ર નોટિસ પાઠવીને પોતાની રજૂઆત કરવાની વાજબી તક આપશે. તદુપરાંત કંપની પોતાની આંતરિક પોલિસીમાં, ગ્રાહકો માટે પ્રવર્તમાન સેવાઓ માટે યોગ્ય છૂટછાટ(ટો) આપશે કે જેઓ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ અથવા ફોર્મ નં. 60 આપવામાં ઈજા, બિમારી અથવા વૃદ્ધાવસ્થાને કારણે વિવશતા અથવા તેના જેવા અન્ય કારણસર નિષ્ફળ રહ્યા છે. આવા ગ્રાહકના સંબંધો જો કે, વિસ્તારેલા નિરીક્ષણને આધિન રહેશે.

વધુમાં એ શરતે કે જો ગ્રાહક કંપની સાથે પ્રવર્તમાન લોન-આધારિત સંબંધ ધરાવતો હોય અને લેખિતમાં કંપનીને રજૂઆત કરે કે તે પોતાનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ અથવા ફોર્મ નં. 60 રજૂ કરવા નથી માગતો, તો કંપની લોન એકાઉન્ટ બંધ કરી દેશે (એટલે કે કોઈ પણ વધુ ઉધારને અટકાવી દેશે) અને ગ્રાહકને લાગુ પડતા ઓળખના દસ્તાવેજો પ્રાપ્ત કરીને ગ્રાહકની ઓળખ સ્થાપિત કર્યા બાદ તમામ ફરજોનું યોગ્ય રીતે સમાધાન કરશે.

સ્પષ્ટીકરણ- આ વિભાગના ઉદ્દેશ માટે, એકાઉન્ટના સંબંધમાં "કામગીરીને હંગામી સ્થગિત કરવી"નો મતલબ થાય આ વિભાગની જોગવાઈઓનું ગ્રાહક અનુસરણ ન કરે ત્યાં સુધી કંપની દ્વારા આ એકાઉન્ટને લગતી તમામ પ્રવૃત્તિઓ અથવા વ્યવહારોને હંગામી ધોરણે સ્થગિત કરી દેવા. લોન એકાઉન્ટ જેવા એસેટ એકાઉન્ટના સંબંધમાં, એકાઉન્ટની કામગીરી સ્થગિત કરવાના હેતુસર ફક્ત જમા વ્યવહારને અનુમતિ અપાશે.

**ભાગVI–વિસ્તારેલી અને સરળીકૃત કરાયેલી ડ્યુ ડિલિજન્સપ્રક્રિયા**

**A. વિસ્તારેલી ડ્યુ ડિલિજન્સ**

34. **ઓનબોર્ડિંગ નોન-ફેસ-ટુ-ફેસ ગ્રાહકોના લોન એકાઉન્ટ (આધારOTP આધારિત ઓન-બોર્ડિંગ સિવાય)**:કંપની સુનિશ્ચિત કરશે કે અન્ય કંપની સાથેના ગ્રાહકના KYC-અનુપાલિત એકાઉન્ટ દ્વારા જ પ્રથમ ચૂકવણી/ વિતરણને અમલી બનાવાય, જેથી ગ્રાહકનું નોન-ફેસ-ટુ-ફેસ ડ્યુ ડિલિજન્સ થઈ શકે.

નોન-ફેસ-ટુ-ફેસ ઓનબોર્ડિંગ કંપનીને ગ્રાહક સાથે રૂબરૂ મળ્યા વિના અથવા V-CIP દ્વારા ગ્રાહક સાથે સંબંધ સ્થાપિત કરવા માટે સુવિધા આપે છે. આ વિભાગના હેતુ માટે આવા નોન-ફેસ-ટુ-ફેસ મોડ્સમાં ડિજિટલ ચેનલોનો ઉપયોગ શામેલ છે જેમ કે CKYCR, DigiLocker, સમકક્ષ ઈ-દસ્તાવેજ, વગેરે, અને બિન-ડિજિટલ મોડ્સ જેમ કે NRIs અને PIO માટે મંજૂર છે તે મુજબ વધારાના પ્રમાણિત અધિકારીઓ દ્વારા પ્રમાણિત OVD ની નકલ મેળવવાનો સમાવેશ થાય છે. નોન-ટુ-ફેસ કસ્ટમર ઓનબોર્ડિંગ માટે કંપની દ્વારા નીચેના EDD પગલાં લેવામાં આવશે (પોઈન્ટ નંબર 16 ના સંદર્ભમાં ગ્રાહક ઓનબોર્ડિંગ સિવાય):

a) જો કંપનીએ V-CIP ની પ્રક્રિયા શરૂ કરી હોય, તો તે ગ્રાહકને રિમોટ ઓનબોર્ડિંગ માટે પ્રથમ વિકલ્પ તરીકે તે જ પ્રદાન કરવામાં આવશે. તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે V-CIP માટે નિર્ધારિત ધોરણો અને પ્રક્રિયાઓનું પાલન કરતી પ્રક્રિયાઓને RBI માસ્ટર ડાયરેક્શનના હેતુ માટે ફેસ-ટુ-ફેસ CIPની સમાન ગણવામાં આવશે.
b) છેતરપિંડી અટકાવવા માટે, વૈકલ્પિક મોબાઇલ નંબરો CDD પછી વ્યવહાર OTP, વ્યવહાર અપડેટ્સ વગેરે માટે આવા અકાઉન્ટ્સ સાથે લિંક કરવામાં આવશે નહીં. લોન અકાઉન્ટ ખોલવા માટે ઉપયોગમાં લેવાતા મોબાઈલ નંબરથી જ વ્યવહારોને મંજૂરી આપવામાં આવશે. કંપનીએ તેના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો (MITC) માં આવા લોન અકાઉન્ટ્સમાં મોબાઇલ નંબર બદલવાની વિનંતીઓ સાથે વ્યવહાર કરવા માટે ડ્યુ ડિલિજન્સની મજબૂત પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરી છે.
c) વર્તમાન સરનામાનો પુરાવો મેળવવા ઉપરાંત, કંપનીએ લોન અકાઉન્ટ્સમાં કામગીરી કરવાની મંજૂરી આપતા પહેલા હકારાત્મક પુષ્ટિ દ્વારા વર્તમાન સરનામાની ચકાસણી કરશે. સરનામાં માટેના વેરિફિકેશન લેટર, કોન્ટેક્ટ પોઈન્ટ વેરિફિકેશન, ડિલિવરેબલ વગેરે જેવા માધ્યમો દ્વારા હકારાત્મક પુષ્ટિ હાથ ધરવામાં આવી શકે છે.
d) કંપની ગ્રાહક પાસેથી PAN મેળવશે અને PAN જારી કરનાર અધિકારીની ચકાસણી સુવિધા (વેરિફિકેશન ફેસિલિટી) માંથી ચકાસવામાં આવશે.
e) આવા અકાઉન્ટ્સમાં પ્રથમ વ્યવહાર એ ગ્રાહકના હાલના KYC-અનુપાલન કરેલ બેંક અકાઉન્ટમાંથી ક્રેડિટ હોવી જોઈએ.

f) આવા ગ્રાહકોને ઉચ્ચ જોખમ ધરાવતા ગ્રાહકો તરીકે વર્ગીકૃત કરવામાં આવશે અને નોન-ફેસ-ટુ-ફેસ મોડમાં ખોલવામાં આવેલ એકાઉન્ટ્સ જ્યાં સુધી ગ્રાહકની ઓળખ ફેસ-ટુ-ફેસ અથવા V-CIP દ્વારા ચકાસવામાં ન આવે ત્યાં સુધી ઉન્નત દેખરેખને આધિન રહેશે.

**35. રાજકીય રીતે એક્સપોઝ્ડ વ્યક્તિઓ(PEPs)**

A. કંપની પાસે PEP સાથે સંબંધો સ્થાપિત કરવાનો વિકલ્પ રહેશે (ગ્રાહક અથવા લાભકારી માલિક તરીકે) જો કે, સામાન્ય ગ્રાહક ડ્યુ ડિલિજન્સ કરવા ઉપરાંત:

(a) ગ્રાહક અથવા લાભકારી માલિક PEP છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે કંપની પાસે યોગ્ય જોખમ વ્યવસ્થાપન પ્રણાલીઓ છે;

(b) ફંડ /સંપત્તિના સ્ત્રોત સાબિત કરવા માટે કંપની દ્વારા વ્યાજબી પગલાં લેવામાં આવે છે;

(c) PEPનું લોન એકાઉન્ટ ખોલવાની મંજૂરી ગ્રાહક સ્વીકૃતિ પોલિસીના અનુસરણમાં વરિષ્ઠ સ્તરે લેવામાં આવે;

(d) આવા તમામ લોન એકાઉન્ટનું પ્રવર્તમાન ધોરણે નિરીક્ષણ વિસ્તારવામાં આવે;

(e) પ્રવર્તમાન ગ્રાહકઅથવા પ્રવર્તમાન લોન એકાઉન્ટના લાભાર્થી માલિક પાછળથી PEP બને તે સંજોગોમાં વરિષ્ઠ મેનેજમેન્ટની મંજૂરી વ્યાપાર સંબંધને જારી રાખવા માટે પ્રાપ્ત કરવામાં આવે;

(f) CDD પગલાં કે જે PEPsને લાગુ પડે જેમાં પ્રવર્તમાન ધોરણે વિસ્તારેલું નિરીક્ષણ લાગુ પડતું હોય.

B. આ સૂચનાઓ પરિવારના સભ્યો અથવા PEP ના નજીકના સહયોગીઓને પણ લાગુ પડશે.

*સમજૂતી:- આ વિભાગના હેતુ માટે, "રાજકીય રીતે એક્સપોઝ્ડ વ્યક્તિઓ" (PEPs) એ એવી વ્યક્તિઓ છે કે જેમને વિદેશી દેશ દ્વારા પ્રમુખ જાહેર કાર્યો સોંપવામાં આવ્યા છે, જેમાં રાજ્યો/સરકારના વડાઓ, વરિષ્ઠ રાજકારણીઓ, વરિષ્ઠ સરકારી અથવા ન્યાયિક અથવા લશ્કરી અધિકારીઓ, રાજ્યની માલિકીની કોર્પોરેશનોના વરિષ્ઠ અધિકારીઓ અને રાજકીય પક્ષોના મહત્વપૂર્ણ અધિકારીઓનો સમાવેશ થાય છે.

**36. વ્યાવસાયિક મધ્યસ્થીઓ દ્વારા ગ્રાહક લોન એકાઉન્ટ ખોલવામાં આવ્યું હોય:**

કંપની કાયદાની મંજૂરી હેઠળ, લોન એકાઉન્ટ ખોલતી વેળાએ વ્યાવસાયિક મધ્યસ્થિઓ દ્વારા સુનિશ્ચિત કરશે કે:

(a) એકલ ગ્રાહક વતી કોઈ વ્યાવસાયિક મધ્યસ્થી દ્વારા લોન એકાઉન્ટ ખોલવામાં આવે ત્યારે ગ્રાહકની ઓળખ થવી જોઈએ.

(b) કંપની પાસે 'પૂલ્ડ' એકાઉન્ટને સ્થગિત કરવાનો વિકલ્પ હોવો જોઈએ જેનું સંચાલન મ્યુચ્યુઅલ ફંડ, પેન્શન ફંડ તથા અન્ય પ્રકારના ફંડ જેવી સંસ્થાઓ વતી વ્યાવસાયિક મધ્યસ્થીઓ દ્વારા કરાતું હોય.

(c) કંપની એવા વ્યાવસાયિક મધ્યસ્થીઓના લોન એકાઉન્ટ નહીં ખોલે કે જેમને ગ્રાહક ગોપનીયતાથી બંધન થયું હોય કે જેના થકી કંપનીની ગ્રાહક વિગતોને જાહેર કરવા પર પ્રતિબંધ મૂકાય.

(d) તમામ લાભાર્થી માલિકોની ઓળખકરી લેવાય કે જ્યાં મધ્યસ્થીઓ દ્વારા ધારણ કરાયેલું ફંડકંપનીના સ્તરે સહિયારું કરાયું નથી, અને 'સબ-એકાઉન્ટ્સ' છે, જેમાંના દરેક લાભાર્થી માલિકને લગતા છે, અથવા તો જ્યાં આવા ફંડને કંપનીના સ્તરે સહિયારા કરાયા છે, અને કંપની લાભાર્થી માલિકોને શોધે છે.

(e) કંપની તેની મુનસફી મુજબ મધ્યસ્થી દ્વારા કરાયેલા 'ગ્રાહકડ્યુ ડિલિજન્સ' (CDD) પર અવલંબિત રહેશે, જેની શરત એ હશે કે મધ્યસ્થીનું સંચાલન અને નિરીક્ષણ કરનારા એકમ હશે અને તેની પાસે ગ્રાહકની KYC જરૂરિયાતોના અનુસરણ માટે યોગ્ય પ્રણાલિ કાર્યરત હશે.

(નોંધ- * 04મી જાન્યુઆરી, 2024ના આરબીઆઈના પરિપત્ર મુજબ, વ્યાખ્યા કલમ 3 (xvii)- રાજકીય રીતે એક્સપોઝ્ડ વ્યક્તિઓ દૂર કરવામાં આવી છે અને કલમ 35- રાજકીય રીતે એક્સપોઝ્ડ વ્યક્તિઓના લોન અકાઉન્ટ્સ (PEPs) માં સમજૂતી તરીકે ઉમેરવામાં આવી છે.)

(f) ગ્રાહકને જાણવાની સંપૂર્ણ અને આખરી જવાબદારી તો કંપનીની જ છે.

**B. સરળીકૃતડ્યુ ડિલિજન્સ**

**37. સ્વસહાય જૂથો (SHGs)માટે સરળીકૃત નિયમો સરળીકૃત કરાયા**

(a) SHGના તમામ સભ્યોના CDDની SHGખાતે લોન એકાઉન્ટ ખોલાવતી વેળાએ જરૂર ન પણ પડે.

(b) તમામ હોદ્દેદારોના CDD પર્યાપ્ત હોવા જોઈએ.

(c) એસએચજીના બધાં જ મેમ્બરોનું સીડીડી એસએચજીના ક્રેડિટ લિંકિંગ સમયે જ હાથ ધરી શકાય છે.

**38. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) માટે સરળીકૃત KYCશરતો**

FPIs સાથેના વ્યવહારો / સંબંધો કે જે સરકાર, RBI અને સેબી (જે યોગ્ય હોય તેના) દ્વારા જારી કરાયેલ લાગુ પડતી ફોરેન એક્સચેન્જ અને સિક્યુરિટી માર્કર ગાઈડલાઈન્સ હેઠળ પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ (PIS) હેઠળ યોગ્યતા ધરાવતા હોય, તેને પરિશિષ્ટ II હેઠળ વિગતસર KYC દસ્તાવેજો સ્વીકારીને લાગુ કરાશે, જે આવક વેરા (FATCA/CRS) નિયમોને આધિન રહેશે.

કંપની દ્વારા FPIs પાસેથી અથવા FPIs વતી કાર્યરત ગ્લોબલ કસ્ટોડિયન પાસેથી જરૂર પડ્યે ખાતરી લઈ લેવાશે એ શરતે, પરિશિષ્ટ II હેઠળ વિગતસર અપવાદ કરાયેલા દસ્તાવેજો રજૂ કરાશે.

**39.** પરિશિષ્ટ IIIમાં નિર્ધારિત કરાયા મુજબ નીચા જોખમની કેટેગરીના ગ્રાહકો માટે દસ્તાવેજોની સૂચનાત્મક યાદી.

## પ્રકરણ VII

## રેકર્ડ સંચાલન

**40.** PMLધારા અને નિયમોની જોગવાઈના સંદર્ભ સાથે ગ્રાહક એકાઉન્ટની માહિતીની જાળવણી, સંવર્ધન અને રિપોર્ટિંગ માટે નીચેનાં પગલાં લેવાશે. કંપની આમ કરશે,

(a) કંપની અને ગ્રાહક વચ્ચે, બંને ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય વ્યવહારના તમામ જરૂરી રેકર્ડને, વ્યવહારની તારીખથી **ઓછામાં ઓછા પાંચ વર્ષ** સુધી જાળવશે;

(b) લોન એકાઉન્ટ ખોલવતી/ સંબંધની શરૂઆતના સમયે પ્રાપ્ત કરેલી ગ્રાહકની ઓળખ અને સરનામાંને લગતી માહિતીને વ્યાપારી સંબંધો ચાલે તે દરમિયાન અને વ્યાપારી સંબંધો પૂર્ણ થયા પછી **ઓછામાં ઓછા પાંચ વર્ષ** સુધી જાળવશે;

(c) ઓળખના રેકર્ડ તથા વ્યવહારના ડેટાને વિનંતી કરાયે સક્ષમ સત્તાવાળાઓ સમક્ષ ઝડપથી ઉપલબ્ધ કરાવશે;

(d) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005 (PML રૂલ્સ, 2005)ના નિયમ 3 હેઠળ સૂચવેલા વ્યવહારોના યોગ્ય રેકર્ડની જાળવણી માટે એક પ્રણાલિ પ્રસ્તુત કરશે;

(e) PML રૂલ 3 હેઠળ સૂચવેલા વ્યવહારોના સંબંધમાં તમામ જરૂરી માહિતી જાળવશે જેથી નીચેની બાબતો સહિત કોઈ વ્યક્તિગત વ્યવહારના પુનઃસર્જનને અનુમતિ આપી શકાય:

(i) વ્યવહારના પ્રકાર;

(ii) જે ચલણમાં વ્યવહાર કરાયો હતો તેની રકમ સાથેની વિગતો;

(iii) જે તારીખે વ્યવહાર કરાયો હતો;અને

(iv) વ્યવહારના પક્ષકારો.

(f) એ રીતે માહિતીની યોગ્ય જાળવણી અને સંવર્ધન માટે એક પ્રણાલિ સ્થાપિત કરવી કે જેના હેઠળ ડેટાને સરળતા અને ઝડપથી પ્રાપ્ત કરી શકાય જ્યારે પણ તેની જરૂર પડે અથવા સક્ષમ સત્તાવાળાઓ દ્વારા વિનંતી કરાય;

(g) તેમના ગ્રાહકની ઓળખ અને સરનામાં અને રૂલ 3માં સંદર્ભિત વ્યવહારોના સંદર્ભમાં રેકર્ડની જાળવણી, હાર્ડ અથવા સોફ્ટ ફોર્મેટમાં.

સમજૂતી – આ વિભાગના હેતુ માટે, અભિવ્યક્તિઓ "ઓળખને લગતા રેકોર્ડ્સ", "ઓળખના રેકોર્ડ્સ", વગેરેમાં, ઓળખના ડેટા, અકાઉન્ટ ફાઇલો, વ્યવસાયિક પત્રવ્યવહાર અને હાથ ધરવામાં આવેલા કોઈપણ વિશ્લેષણના પરિણામોના અપડેટ કરેલા રેકોર્ડ્સ શામેલ હોવા જોઈએ.

**40A.** કંપની એ સુનિશ્ચિત કરશે કે જે ગ્રાહકો બિન-લાભકારી સંસ્થાઓ છે, તેવા ગ્રાહકોની વિગતો NITI આયોગના DARPAN પોર્ટલ પર નોંધાયેલ છે. જો તે નોંધાયેલ ન હોય, તો કંપની DARPAN પોર્ટલ પર વિગતો રજીસ્ટર કરશે. ગ્રાહક અને કંપની વચ્ચેના વ્યાપાર સંબંધો સમાપ્ત થયા પછી અથવા અકાઉન્ટ બંધ થઈ ગયા પછી, બેમાંથી જે પછી હોય તે પછી પાંચ વર્ષના સમયગાળા માટે કંપની આવા નોંધણી રેકોર્ડ્સ પણ જાળવી રાખશે.

## પ્રકરણVIII

## ફાયનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ- ભારતની રિપોર્ટિંગ જરૂરિયાતો

41. કંપનીએ ફાયનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ-ભારતના ડાયરેક્ટરને PML (મેન્ટેનન્સ ઓફ રેકર્ડ) રૂલ્સ, 2005ના નિયમ 3માં સંદર્ભિત તેના નિયમ 3ના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડવી જોઈએ.

સ્પષ્ટીકરણઃ સપ્ટેમ્બર 22, 2015ના રોજ નોટિફાય કરેલા થર્ડ અમેન્ડમેન્ટ રૂલ્સના સંદર્ભમાં નિયમ 7ના પેટાનિયમ 3 અને 4માં સુધારા સંબંધે FIU-INDના ડાયરેક્ટર પાસે નિયમ 3ના પેટા-નિયમ (1)ની વિવિધ જોગવાઈઓના સંદર્ભમાં વ્યવહારો શોધવા માટે એકમોને માહિતી રજૂ કરવાના સ્વરૂપ વિશે નિર્દેશ આપવા રિપોર્ટિંગ માટે માર્ગદર્શિકા જારી કરવાની અને જે રીતે માહિતી રજૂ કરવાની તેની પ્રક્રિયા સ્પષ્ટ કરવાની સત્તા છે.

42. FIU-INDઅને રિપોર્ટ જનરેશન યુટિલિટી અને રિપોર્ટ વેલિડેશન યુટિલિટી દ્વારા નિર્ધારિત/ મુક્ત કરાયેલા રિપોર્ટિંગ ફોર્મેટ અને સર્વગ્રાહી રિપોર્ટિંગ ગાઈડને સૂચિત રિપોર્ટની તૈયારી દરમિયાન નોંધ લેવા માટે એકમોને સહાયરૂપ થવા માટે તૈયાર કરાઈ છે. સુધારાપાત્ર ઈલેક્ટ્રોનિક યુટિલિટી દ્વારા ઈલેક્ટ્રોનિક કેશ ટ્રાન્ઝેક્શન રિપોર્ટ(CTR) / સશ્પિશિયસ ટ્રાન્ઝેક્શન રિપોર્ટ (STR) ફાઈલ કરવાનો રહેશે જેને FIU-IND દ્વારા તેની વેબસાઈટ પર ગોઠવાશે અને કંપનીના ઉપયોગ માટે રજૂ કરાશે જેને હજી પણ તેમના લાઈવ ટ્રાન્ઝેક્શન ડેટામાંથી CTR/STR મેળવવા માટે ઈન્સ્ટોલ કરવાના/અનુકૂળ ટેકનોલોજિકલ ટૂલ્સને મેળવવાના બાકી છે. કંપનીના પ્રિન્સિપાલ ઓફિસર્સ, કે જેમની બ્રાન્ચ હજી સંપૂર્ણ કમ્પ્યૂટરાઈઝ નથી, તેમની પાસે હજી સુધી કમ્પ્યૂટરાઈઝ નથી થઈ તેવી બ્રાન્ચમાંથી વ્યવહારની વિગતોને પ્રાપ્ત કરવાની અને CTR/STRની એડિટ કરી શકાય તેવી ઈલેક્ટ્રોનિક ઉપયોગિતાની મદદથી ઈલેક્ટ્રોનિક ફાઈલમાં ડેટાને ફીટ કરવાની અનુકૂળ વ્યવસ્થા રહેશે જે રીતે FIU-IND દ્વારા તેની વેબસાઈટ http://fiuindia.gov.in પર વ્યવસ્થા કરાય છે. રિપોર્ટ કરવા માટેના STR/CTRની નમૂના યાદી ઓળખ માટે પરિશિષ્ટ–IVમાં રજૂ કરાઈ છે.

43. FIU-IND ડાયરેક્ટરને માહિતી સુપરત કરતી વેળાએ, દરેક દિવસમાં વિલંબનું વ્યવહારમાં રિપોર્ટિંગ ન કરવું અથવા નિયમમાં નિર્ધારિત કરાયા મુજબની સમયમર્યાદા પછી ગેર-રજૂઆત કરાયેલા વ્યવહારની સુધારણામાં દરેક દિવસના વિલંબને અલગ ઉલ્લંઘન તરીકે ગણી લેવાશે. કંપની STR ફક્ત ફાઈલ કરાયું છે તેના આધારે ત્યાં લોન એકાઉન્ટમાં કામગીરી પર કોઈ નિયંત્રણ લાગુ નહીં કરે. કંપનીએ STRની રજૂઆતની હકીકતને ચુસ્તપણે ગોપનીય રાખવાની રહેશે. એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ગ્રાહકને કોઈ પણ સ્તરે ટિપ-ઓફ ન મળે.

દરેક કંપની, તેના ડિરેક્ટર્સ, અધિકારીઓ અને તમામ કર્મચારીઓએ સુનિશ્ચિત કરવું જોઈએ કે PML (મેઈન્ટેનન્સ ઓફ રેકોર્ડ્સ) નિયમો, 2005 ના નિયમ 3 માં સંદર્ભિત રેકોર્ડની જાળવણી અને ડિરેક્ટરને માહિતી પ્રદાન કરવી, તે હકીકત ગોપનીય છે. જો કે, આવી ગોપનીયતાની આવશ્યકતા માસ્ટર ડાયરેક્શનના વિભાગ 4(b) હેઠળ, વ્યવહારો અને પ્રવૃત્તિઓના કોઈપણ વિશ્લેષણની માહિતી શેર કરતા અટકાવશે નહીં જે અસામાન્ય જણાય, જો આવું કોઈ વિશ્લેષણ કરવામાં આવ્યું હોય.

44. વ્યાપારની જરૂરિયાત મુજબ આધારિત તેમજ જરૂરી લાગે તે રીતે ઈલેક્ટ્રોનિક માધ્યમ સહિત કંપની પાસે પર્યાપ્ત પ્રણાલિ, પ્રક્રિયા અને પ્રોસેસ હોવી જોઈએ જેથી શંકાસ્પદ વ્યવહારોના રિપોર્ટિંગ અને ઓળખને અસરકારક બનાવી શકાય.

જ્યારે વ્યવહારો જોખમ વર્ગીકરણ સાથે અસંગત હોય ત્યારે ચેતવણીઓ આપવા માટે સશક્ત સોફ્ટવેર, અને શંકાસ્પદ વ્યવહારોની અસરકારક ઓળખ અને રિપોર્ટિંગના ભાગ રૂપે ગ્રાહકોની અપડેટ કરેલી પ્રોફાઇલનો ઉપયોગ કરવામાં આવશે.

## પ્રકરણ IX

## આંતરિક કરારો હેઠળ જરૂરિયાતો/ફરજો

આંતરરાષ્ટ્રીય એજન્સીઓ તરફથી સંદેશાવ્યવહાર –

ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) (UAPA) અધિનિયમ, 1967 હેઠળની જવાબદારીઓ:-

**45.** કંપનીએ સુનિશ્ચિત કરવું પડે કે અનલોકુલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) (UAPA) એક્ટ, 1967ની કલમ 51A અને તેમાં કરાયેલા સુધારાના સંબંધમાં, તેઓ ત્રાસવાદી જોડાણો હોવાની શંકા ધરાવનારા વ્યક્તિઓ અને એકમોની યાદીમાં સામેલ વ્યક્તિઓ/ એકમોના નામે કોઈ લોન એકાઉન્ટ ધરાવે નહીં, કે જેને સમયાંતરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા સરક્યુલેટ કરાય છે. બે યાદીની વિગતો નીચે મુજબ છે:

(a) **"ISIL(દા'એશ)&અલ-કાયદા પ્રતિબંધ યાદી"**,જેમાં અલ-કાયદા સાથે સંકળાયેલી વ્યક્તિઓ અને એકમોના નામો સામેલ છે. ISIL&અલ-કાયદા પ્રતિબંધની સુધારેલી યાદી અહીં મળશે

https://scsanctions.un.org/ohz5jen-al-qaida.html

(b) સુરક્ષા પરિષદ 1988 (2011) ના ઠરાવ અનુસાર સ્થાપિત અને જાળવવામાં આવેલ **"તાલિબાન પ્રતિબંધોની સૂચિ"**, જેમાં તાલિબાન સાથે સંકળાયેલ વ્યક્તિઓ અને સંસ્થાઓના નામો શામેલ છે તે https://scsanctions.un.org/3ppp1en-taliban.htm પર ઉપલબ્ધ છે.

કંપનીએ સમયાંતરે સુધારેલા આતંકવાદ નિવારણ અને દમન (સિક્યોરિટી કાઉન્સિલ રિઝોલ્યુશનનો અમલ) ઓર્ડર, 2007ના શિડ્યુલ્સમાં ઉપલબ્ધ યાદીઓનો સંદર્ભ લેવાનું પણ સુનિશ્ચિત કરશે. ઉપરોક્ત સૂચિઓ, એટલે કે, UNSC પ્રતિબંધોની સૂચિઓ અને આતંકવાદ નિવારણ અને દમન (સુરક્ષા પરિષદના ઠરાવોનો અમલ) ઓર્ડર, 2007ના શિડ્યુલ્સમાં ઉપલબ્ધ યાદીઓ, સમયાંતરે સુધારેલા, દૈનિક ધોરણે ચકાસવામાં આવશે અને કોઈપણ ફેરફારોની યાદીમાં ઉમેરાઓ, ડિલિશન અથવા અન્ય ફેરફારોની બાબતમાં કંપની દ્વારા ઝીણવટપૂર્વક અનુપાલન માટે ધ્યાનમાં લેવામાં આવશે.

**46.** આ યાદીમાંની વ્યક્તિ/ એકમ સાથે કોઈને પણ મળતા આવતા લોન ખાતાની વિગતોનું રિપોર્ટિંગ 14 માર્ચ, 2019/ 2 ફેબ્રુઆરી, 2021 તારીખ ધરાવતા UAPA જાહેરનામાં હેઠળની જરૂરિયાત મુજબ ગૃહ મંત્રાલયની સલાહ ઉપરાંત FIU-INDને પણ રિપોર્ટિંગ કરવાનું રહેશે જેમાં સમયાંતરે સુધારો થઈ શકે છે.

**47.** ઉપરોક્ત ઉપરાંત, UNSCRના રિઝર્વ બેંક દ્વારા અન્ય કોઈ ન્યાયક્ષેત્ર/ એકમ દ્વારા સમયાંતરે થનારા પરિપત્રને પણ ધ્યાને લેવાશે.

**48.** **અનલોકુલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) એક્ટ, 1967ની કલમ 51Aને અનુરૂપ લોન એકાઉન્ટને સ્થગિત કરવું**
UAPA હેઠળ સરકાર દ્વારા નિર્ધારિત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવું અને તેના શબ્દસઃ અનુસરણને લાગુ પડે ત્યાં સુધી સુનિશ્ચિત કરવું.

ચોક્કસપણે, કંપનીએ લાગુ પડતી માર્ગદર્શિકાનું અનુસરણ સુનિશ્ચિત કરવું જેની જરૂરિયાત મુજબ:

(i) સુધારેલી અપડેટેડ યાદીને ઈલેક્ટ્રિક સ્વરૂપમાં જાળવવી અને નિયમિત ધોરણે અપાયેલા માપદંડોની ચકાસણી હાથ ધરવી જેથી ખરાઈ કરી શકાય કે પરિશિષ્ટમાં સામેલ વ્યક્તિઓ અથવા એકમો ક્રમાનુસાર છે કે કેમ, અને અહીં હવે પછીથી, તેને નિર્ધારિત વ્યક્તિઓ/એકમો તરીકે સંદર્ભિત કરાશે કે જેઓ ફંડ, નાણાકીય અસ્ક્યામતો અથવા આર્થિક સંસાધનો અથવા સંલગ્ન સેવાઓને બેંક એકાઉન્ટ, સ્ટોક અથવા વીમા પોલિસીઓ વગેરે સ્વરૂપમાં તેમની સાથે ધારણ કરે છે.

(ii) નિર્ધારિત વ્યક્તિઓ/એકમોની વિગતો સાથે તેમના કોઈ પણ ગ્રાહકની વિગતો મેળ ખાય છે, તો કંપની આવા ગ્રાહકને શોધી કાઢ્યાના 24 કલાકમાં આવા ગ્રાહક દ્વારા ધારણ કરાયેલા ફંડ, નાણાકીય અસ્ક્યામતો અથવા આર્થિક સંસાધનો અથવા સંલગ્ન સેવાઓની વિગતોની જાણ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ (CTCR)ને ફેક્સ નં. 011-23092569 પર અને ટેલિફોન નં. 011-23092736 પર તાત્કાલિક જાણ કરશે. ટપાલથી આ વિગતો મોકલવા ઉપરાંત તેઓ ઈમેઈલ આઈડી: jsctcr-mha@gov.in પર પણ જાણ કરશે.

(iii) કંપની દ્વારા ઉપરોક્ત (ii)માં ઉલ્લેખિત સંદેશાવ્યવહારની એક નકલ એ રાજ્ય/ UTના UAPA નોડલ ઓફિસર અને નિયમનકાર તથા FIU-INDને જે-તે સંજોગો મુજબ મોકલશે જ્યાં લોન એકાઉન્ટ ધારણ કરાયું છે.

(iv) કોઈ સંજોગોમાં કોઈ પણ ગ્રાહકની કોઈ પણ વિગતો નિર્ધારિત વ્યક્તિ/ એકમ સાથે નિઃશંકપણે મેળ ખાતી હોય, તો કંપની નિર્ધારિત વ્યક્તિઓને નાણાકીય વ્યવહાર કરતા રોકશે, જે માટેની જાણકારી તે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ (CTCR)ને ફેક્સ નં. 011-23092569 પર અને ટેલિફોન નં. 011-23092736 પર તાત્કાલિક આપશે. ટપાલથી આ વિગતો મોકલવા ઉપરાંત તેઓ ઈમેઈલ આઈડીઃ jsctcr-mha@gov.in પર પણ જાણ કરશે.

(v) કંપની FIU-IND સમક્ષ શંકાસ્પદ વ્યવહાર રિપોર્ટ (STR) ફાઈલ કરશે જેમાં ઉપરના ફકરા (ii) હેઠળ આવરી લેવાયેલા એકાઉન્ટના તમામ વ્યવહારને આવરી લેવાશે, જે કરાયા હશે અથવા નિર્ધારિત ફોર્મેટ અનુસાર જેના પ્રયાસ કરાયા હશે.

(vi) લાગુ પડે તે રીતે સ્થગિત કરાશે. લોન એકાઉન્ટના કિસ્સામાં, કોઈ વધુ ઉધારને અનુમતિ નહીં અપાય. પ્રવર્તમાન ડિપોઝિટના સંજોગોમાં, ફંડને સ્થગિત કરાશે.

**સ્થગિત કરવાની પ્રક્રિયા દ્વારા અપ્રતિમ રીતે અસરગ્રસ્ત વ્યક્તિઓ/એકમોને લગતી સેવાઓ અથવા આર્થિક સંસાધનો અથવા ફંડ, નાણાકીય અસ્ક્યામતોને અનફ્રીઝ કરવા માટેની પ્રક્રિયા એ વેરિફિકેશન પછી થશે કે જે-તે વ્યક્તિ અથવા એકમ નિર્ધારિત વ્યક્તિ નથી.**

(a) કોઈ પણ વ્યક્તિ અથવા એકમ સામે, જો એ પૂરવાર કરવા પૂરાવો મળશે કે તેમના દ્વારા ધારણ કરાયેલા/ માલિકીના લોન એકાઉન્ટ અથવા પ્રવર્તમાન ડિપોઝિટને સ્થગિત કરવાની કામગીરી અપ્રતિમરીતે કરાઈ છે, તો તેઓ લેખિતમાં જરૂરી પૂરાવા સાથેની અરજી આપશે.

(b) કંપનીને આવી અરજી મળ્યે, જાણ કરશે અને તે અરજીની એક નકલ સાથે જે-તે વ્યક્તિ અથવા એકમ દ્વારા સંલગ્ન અસ્ક્યામતોની સંપૂર્ણ વિગતો સાથે અપાયેલા પૂરાવાની એક નકલ કામકાજના બે દિવસમાં MHAના CTCR ડિવિઝનના નોડલ ઓફિસરને આપીને જાણ કરશે કે જે-તે ફંડ, નાણાકીય અસ્ક્યામતો અથવા આર્થિક સંસાધનો અથવા સંલગ્ન સેવાઓને અપ્રતિમ રીતે સ્થગિત કરાઈ છે.

(c) MHAના CTCR ડિવિઝનના નોડલ ઓફિસર તરીકે સંયુક્ત સચિવ (CTCR), MHA દ્વારા જે-તે વ્યક્તિ/ એકમ તરફથી મળેલા પૂરાવાના આધારે જરૂર મુજબ આવા વેરિફિકેશનને MHAના CTCR ડિવિઝન માટે લાગુ કરશે, અને જો તેમને સંતોષ થશે, તો તેઓ કામકાજના 15 દિવસમાં આદેશ આપીને, ફંડ, નાણાકીય અસ્ક્યામતો અથવા આર્થિક સંસાધનો અથવા સંકલિત સેવાઓને અનફ્રીઝ કરવાનો આદેશ આપશે કે જેની માલિકી/ કબજો આવા અરજદાર પાસે છે, અને કંપની સહિત અન્યને વિગતોની જાણ કરશે, જો કે, કોઈ કારણસર કામકાજના 15 દિવસમાં અસ્ક્યામતોને અનફ્રીઝ કરવાનો આદેશ પસાર ન કરાય, તો UAPAના CTCR ડિવિઝનના નોડલ ઓફિસર અરજદારને જાણ કરશે.

**49. વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન (WMD) અને તેમની ડિલિવરી સિસ્ટમ્સ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) એક્ટ, 2005 (WMD એક્ટ, 2005) હેઠળની જવાબદારીઓ:**

(a) કંપની WMD અધિનિયમની કલમ 12A ની શરતોમાં નિર્ધારિત "વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન (WMD) અને તેમની ડિલિવરી સિસ્ટમ્સ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો પ્રતિબંધ) અધિનિયમ, 2005" ના વિભાગ 12A ના અમલીકરણ માટેની પ્રક્રિયા સાથે સાવચેતીપૂર્વક પાલન સુનિશ્ચિત કરશે, ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા 01 સપ્ટેમ્બર, 2023 ના રોજના આદેશ દ્વારા WMD એક્ટ, 2005 ના વિભાગ 12A ની શરતોમાં નિર્ધારિત (RBI માસ્ટર ડાયરેક્શનનું પરિશિષ્ટ III).

(b) ઉપરોક્ત ઓર્ડરના ફકરા 3 અનુસાર, કંપની સુનિશ્ચિત કરશે કે વ્યક્તિ/એન્ટિટીની વિગતો નિયુક્ત સૂચિમાંની વિગતો સાથે મેળ ખાતી હોય તો વ્યવહારો હાથ ધરવા નહીં.

(c) વધુમાં, કંપની ગ્રાહક સાથે સંબંધ સ્થાપિત કરતી વખતે આપેલા પરિમાણો પર અને સમયાંતરે ચકાસવા માટે કે નિયુક્ત સૂચિમાંની વ્યક્તિઓ અને સંસ્થાઓ કોઈ ફંડ, નાણાકીય અસ્કયામતો વગેરે, બેંક અકાઉન્ટના સ્વરૂપમાં, વગેરે, ધરાવે છે કે કેમ તે ચકાસવા માટે, આપેલ પરિમાણો ની તપાસ કરશે.

(d) ઉપરોક્ત કિસ્સાઓમાં મેચ થવાના કિસ્સામાં, કંપનીએ WMD એક્ટ, 2005 ના વિભાગ 12A હેઠળ સત્તાનો ઉપયોગ કરવાની સત્તા તરીકે નિયુક્ત સેન્ટ્રલ નોડલ ઓફિસર (CNO)ને સામેલ ફંડ, નાણાકીય અસ્કયામતો અથવા આર્થિક સંસાધનોની સંપૂર્ણ વિગતો સાથે તરત જ વ્યવહારની વિગતોની જાણ કરશે. સંદેશાવ્યવહારની એક નકલ રાજ્ય નોડલ અધિકારીને , જ્યાં અકાઉન્ટ /વ્યવહાર થાય છે અને RBI ને મોકલવામાં આવશે. કંપનીએ FIU-IND સાથે STR ફાઈલ કરશે, જેમાં ઉપર આવરી લેવામાં આવેલા, કરવામાં આવેલા અથવા પ્રયાસ

કરાયેલા અકાઉન્ટ્સમાંના તમામ વ્યવહારો આવરી લેવામાં આવશે.

નોંધનીય છે કે ઓર્ડરના ફકરા 1ની શરતોમાં ડિરેક્ટર, FIU-India ને CNO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

(e) કંપની FIU-India ના પોર્ટલ પર ઉપલબ્ધ, સમયાંતરે સુધારેલી નિયુક્ત સૂચિનો સંદર્ભ લઈ શકે છે.

(f) જો ગ્રાહક દ્વારા રાખવામાં આવેલ ફંડ અથવા અસ્કયામતો WMD એક્ટ, 2005ની સેક્શન 12A ના સબ-સેક્શન (2) ના કલમ (a) અથવા (b) ના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે શંકા વિના તેવું માનવાનાં કારણો હોય તો, કંપની CNO ને ઇમેઇલ, FAX અને પોસ્ટ દ્વારા, વિલંબ કર્યા વિના, નાણાકીય વ્યવહારો કરવા માટે આવી વ્યક્તિ/એન્ટિટી અટકાવશે.

(g) જો કંપનીને CNO તરફથી સેક્શન 12A હેઠળ અસ્કયામતો ફ્રીઝ કરવાનો આદેશ મળે, તો કંપની, વિલંબ કર્યા વિના, ઓર્ડરનું પાલન કરવા માટે જરૂરી પગલાં લેશે.

(h) ઓર્ડરના ફકરા 7 મુજબ ફંડ વગેરેને અનફ્રીઝ કરવાની પ્રક્રિયાનું અવલોકન કરવામાં આવશે. તદનુસાર, અનફ્રીઝિંગ સંબંધિત વ્યક્તિ/એન્ટિટી પાસેથી મળેલી અરજીની નકલ કંપની દ્વારા અરજદાર દ્વારા આપવામાં આવેલી સ્થિર સંપત્તિની સંપૂર્ણ વિગતો સાથે, બે કામકાજના દિવસોમાં ઇમેઇલ, FAX અને પોસ્ટ દ્વારા CNOને મોકલવામાં આવશે.

50. કંપની ઉમેરાઓ, ડીલીશનો અથવા અન્ય ફેરફારોના સંદર્ભમાં સૂચિમાં કોઈપણ ફેરફારોને ધ્યાનમાં લેવા, દરરોજ https://www.mea.gov.in/Implementation-of-UNSC-Sanctions-DPRK.htm પર ઉપલબ્ધ 'UNSCR 1718 નિયુક્ત વ્યક્તિઓ અને એન્ટિટીઝની મંજૂરીઓની સૂચિ' ચકાસશે અને કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે સુધારેલ 'ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયા ઓર્ડર, 2017 પર સુરક્ષા પરિષદના ઠરાવના અમલીકરણ'નું પાલન પણ સુનિશ્ચિત કરશે.

**50A.** ઉપરોક્ત ઉપરાંત, કંપની - (a) અન્ય UNSCRs અને (b) UAPA, 1967 ના પ્રથમ શેડ્યૂલ અને ચોથા શેડ્યૂલની સૂચિ અને UAPA ના સેકશન 51A અને WMD એક્ટ ના સેકશન 12A ના અમલીકરણ અંગેના સરકારી આદેશોના પાલન માટે તેમાં કોઈપણ સુધારાને ધ્યાનમાં લેશે.

**50B.** કંપની સંરક્ષણાત્મક પગલાં હાથ ધરશે જ્યારે કોઈપણ આંતરરાષ્ટ્રીય અથવા આંતર-સરકારી સંસ્થા દ્વારા આવું કરવા માટે કહેવામાં આવે, જેનો ભારત સભ્ય હોય અને કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃત હોય.

**51. FATFભલામણોને અપર્યાપ્ત રીતે લાગુ નથી પડતી અથવા તો આવરી નથી લેતું તેવું ન્યાયક્ષેત્ર**

(a) ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમયાંતરે સરક્યુલેટ કરાતા FATF સ્ટેટમેન્ટ, અને એવા દેશોને ઓળખવા માટે જાહેરમાં ઉપલબ્ધ માહિતી, કે જેઓ FATF ભલામણોનો અપર્યાપ્ત અમલ કરે છે કે બિલકુલ કરતા નથી તેની વિચારણા કરશે. AML/CFT ન્યાયક્ષેત્ર શાસનમાં રહેલી ખામીઓના જોખમનો FATF સ્ટેટમેન્ટમાં સમાવેશ કરવા બાબતે વિચારણા કરાશે. FATF દ્વારા જે દેશો માટે આની માંગણી કરવામાં આવી છે તે દેશોના કુદરતી અને કાનૂની વ્યક્તિઓ (નાણાકીય સંસ્થાઓ સહિત) સાથેના વ્યવસાયિક સંબંધો અને વ્યવહારો માટે કંપની ઉન્નત ડ્યુ ડિલિજન્સ પગલાં લાગુ કરશે, જે અસરકારક અને જોખમોના પ્રમાણમાં છે.

(b) જેઓ FATF ભલામણોનો અપર્યાપ્ત અમલ કરે છે કે બિલકુલ કરતા નથી અને FATF સ્ટેટમેન્ટમાં સામેલ અધિકારક્ષેત્રો અથવા તેમાંથી આવતી વ્યક્તિઓ (કાનૂની વ્યક્તિઓ અથવા નાણાકીય સંસ્થાઓ સહિત) સાથેના બિઝનેસ સંબંધો અને વ્યવહારો પર વિશેષ ધ્યાન અપાશે.

*સ્પષ્ટીકરણ:ઉપરોક્ત a) અને (b) માં સંદર્ભિત પ્રક્રિયામાંથી કંપનીને FATF સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત દેશો અને અધિકારક્ષેત્રો સાથેના બિઝનેસ વ્યવહારો અને કાયદેસરના વ્યાપારમાંથી બાકાત રખાતી નથી.*

(c) જેઓ FATF ભલામણોનો અપર્યાપ્ત અમલ કરે છે કે બિલકુલ કરતા નથી અને FATF સ્ટેટમેન્ટમાં સામેલ અધિકારક્ષેત્રો અથવા તેમાંથી આવતી વ્યક્તિઓ (કાનૂની વ્યક્તિઓ અથવા નાણાકીય સંસ્થાઓ સહિત) સાથેના વ્યવહારોની પૃષ્ઠભૂમિ અને ઉદ્દેશોની ચકાસણી કરાશે, અને તમામ દસ્તાવેજો સાથેના લેખિત તારણોને જાળવાશે અને વિનંતી કરાયે રિઝર્વ બેંક/ અન્ય સંલગ્ન સત્તાવાળાઓને ઉપલબ્ધ કરાવાશે.

51A. કંપનીને મંજૂરીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે નામ સ્ક્રિનિંગના અસરકારક અમલીકરણ માટે નવીનતમ તકનીકી

નવીનતાઓ અને સાધનોનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## પ્રકરણX

## અન્ય સૂચનાઓ

**52. ગુપ્તતાની ફરજ અને માહિતીની વહેંચણી:**

(a) કંપની અને ગ્રાહક વચ્ચે કરાર આધારિત સંબંધમાંથી ઉદભવતી ગ્રાહક માહિતી સંબંધે ગુપ્તતાને કંપની જાળવી રાખશે.

(b) લોન એકાઉન્ટ ખોલવાના હેતુસર ગ્રાહક પાસેથી એકત્ર કરેલી માહિતીને ગોપનીય ગણી લેવાશે અને તેની વિગતોને ક્રોસ સેલિંગના ઉદ્દેશ માટે, અથવા ગ્રાહકની અભિવ્યક્ત મંજૂરી મેળવ્યા વિના અન્ય હેતુસર કોઈને અપાશે નહીં.

(c) સરકારી અને અન્ય એજન્સીઓ તરફથી ડેટા/માહિતી માટેની વિનંતી પર વિચાર કરતી વેળાએ, કંપની દ્વારા એ સંતુષ્ટિ કરાશે કે માગવામાં આવી રહી છે તે વિગતો એવા પ્રકારની નથી જેનાથી કંપનીના વ્યવહારમાં ગુપ્તતાને લગતા કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન થાય.

(d) કથિત નિયમમાંના અપવાદો નીચે મુજબ રહેશે:

i. જ્યાં કાયદાની ફરજ મુજબ જાહેરાત કરવી પડે

ii. જ્યાં જનતાને વિગતો જાહેર કરવાની ફરજ પડે,

iii. કંપનીના હિતો હેઠળ જાહેરાત કરવી જરૂરી હોય અને

iv. જ્યાં ગ્રાહકની અભિવ્યક્ત અથવા છૂપી સંમતિ સાથે જાહેરાત કરાય.

**52A. ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ, 2010 ની જોગવાઈઓનું અનુપાલન**

કંપની ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ, 2010 અને તેના હેઠળ બનાવેલ નિયમોની જોગવાઈઓનું અનુપાલન સુનિશ્ચિત કરશે. વધુમાં, કંપની ભારત સરકારના ગૃહ મંત્રાલય તરફથી મળેલી સલાહના આધારે રિઝર્વ બેંક દ્વારા સમયાંતરે ઈશ્યૂ કરવામાં આવતી કોઈપણ સૂચના/સંચારનું ઝીણવટપૂર્વક પાલન કરવાનું પણ સુનિશ્ચિત કરશે.

**53. CDDપ્રક્રિયાઅને KYC માહિતીની સેન્ટ્રલ KYC રેકર્ડ રજિસ્ટ્રી (CKYCR) સાથે વહેંચણી**

(a) ભારત સરકારે સેન્ટ્રલ રજિસ્ટ્રી ઓફ સિક્યોરિટાઈઝેશન એસેટ રિકન્સ્ટ્રક્શન એન્ડ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ ઓફ ઈન્ડિયા (CERSAI) ને ગેઝેટ નોટિફિકેશન નંબર S.O.S.O. 3183(E) તારીખ 26 નવેમ્બર, 2015 દ્વારા CKYCR ના કાર્યો કરવા અને તેવી ભૂમિકા નિભાવવા માટે અધિકૃત કરી છે. કાયદા હેઠળ જરૂરી હોય તેવા તમામ જરૂરી પગલાં કંપની લેશે.

(b) PML રૂલ્સના નિયમ 9(1A)ની જોગવાઈઓના સંદર્ભમાં, કંપની ગ્રાહકનો KYC રેકર્ડ કેપ્ચર કરીને તેને ગ્રાહક સાથે એકાઉન્ટ-આધારિત સંબંધની શરૂઆતના 10 દિવસમાં જ CKYCR પર અપલોડ કરશે.

(c) KYC ડેટા અપલોડ કરવા માટેની ઓપરેશનલ માર્ગદર્શિકાઓ CERSAI દ્વારા બહાર પાડવામાં આવી છે.

(d) કંપની નિયમોમાં ઉલ્લેખિત કર્યા મુજબ CKYCR સાથે શેર કરવા માટે KYC માહિતી કેપ્ચર કરશે, 'વ્યક્તિઓ' અને 'કાનૂની એન્ટિટી' (LEs) માટે તૈયાર કરવામાં આવેલા KYC ટેમ્પ્લેટ્સ મુજબ, જેમ લાગુ પડે તે અનુસાર. ટેમ્પ્લેટ્સ સમય સમય પર સુધારવામાં આવી શકે છે, CERSAI દ્વારા જે જરૂરી હોય અને બહાર પાડવામાં આવે તે મુજબ.

(e) CKYCR નું 'લાઇવ રન' 15 જુલાઇ, 2016 થી તબક્કાવારપણે નવા 'વ્યક્તિગત ખાતાઓ' થી શરૂ થયું. તે અનુસાર, અનુસૂચિત વાણિજ્યિક બેંકો (SCBs) CKYCR સાથે 1 જાન્યુઆરી, 2017 ના રોજ અથવા તે પછી ખોલવામાં આવેલા તમામ નવા વ્યક્તિગત ખાતાઓ સંબંધિત KYC ડેટા હંમેશા અપલોડ કરે તે જરૂરી છે. SCB ને શરૂઆતમાં જાન્યુઆરી 2017 દરમિયાન ખોલવામાં આવેલા ખાતાઓના સંદર્ભમાં ડેટા અપલોડ કરવા માટે 1 ફેબ્રુઆરી, 2017 સુધીનો સમય આપવામાં આવ્યો હતો.
SCB સિવાયના REs એ નિયમો ibid ની જોગવાઈઓના સંદર્ભમાં CKYCR સાથે 1 એપ્રિલ, 2017 ના રોજ અથવા તે પછી ખોલવામાં આવેલા તમામ નવા વ્યક્તિગત ખાતાઓ સંબંધિ KYC ડેટાને અપલોડ કરવાનું શરૂ કરવું જરૂરી હતું.

(f) કંપની 1 એપ્રિલ, 2021 ના રોજ અથવા તે પછી ખોલેલા LEs ના ખાતાઓ સંબંધિત KYC રેકોર્ડ્સ, નિયમો ibid ની જોગવાઈઓના સંદર્ભમાં CKYCR સાથે અપલોડ કરશે. CERSAI દ્વારા બહાર પાડવામાં આવેલ LE ટેમ્પલેટ મુજબ KYC રેકોર્ડ્સ અપલોડ કરવાના રહેશે.

(g) એકવાર CKYCR દ્વારા KYC આઇડેન્ટિફાયર જનરેટ થઈ જાય, પછી કંપની એ સુનિશ્ચિત કરશે કે તે વ્યક્તિ/LE ને, જેમ લાગુ પડે તે મુજબ તેની જાણ કરવામાં આવે.

(h) આ પોલિસીના પોઈન્ટ 32 માં નિર્દિષ્ટ સમયાંતરે અપડેટ સમયે, અથવા તે પહેલાં, જ્યારે અપડેટ કરેલ KYC માહિતી ગ્રાહક પાસેથી મેળવવામાં/પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે તમામ KYC રેકોર્ડ્સ CKYCR પર વાર્ષિક રીતે અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, કંપની અનુક્રમે (e) અને (f) મુજબ ઉપરોક્ત તારીખો પહેલાં ખોલવામાં આવેલા વ્યક્તિગત ગ્રાહકો અને LEs ના ખાતાઓ સંબંધિત KYC ડેટા અપલોડ/અપડેટ કરશે.

(i) કંપની સુનિશ્ચિત કરશે કે સમયાંતરે અપડેશન દરમિયાન, ગ્રાહકને વર્તમાન CDD માપદંડમાં માઈગ્રેટ કરાય.

(j) જ્યાં ગ્રાહક, એકાઉન્ટ આધારિત સંબંધ સ્થાપવાના હેતુસર KYC આઈડેન્ટિફાયર કંપનીને સુપરત કરે છે, જેની સાથે CKYCRમાંથી રેકર્ડ ડાઉનલોડ કરવા અભિવ્યક્ત સંમતિ આપે છે, તો કંપની દ્વારા KYC આઈડેન્ટિફાયરનો ઉપયોગ કરીને CKYCRમાંથી KYC રેકર્ડને ઓનલાઈન રિટ્રાઈવ કરી શકાશે અને ગ્રાહકે એના એ જ KYC રેકર્ડ અથવા માહિતી અથવા અન્ય કોઈ વધારાના ઓળખ દસ્તાવેજો અથવા વિગતો રજૂ કરવાની જરૂર નહીં રહે, સિવાય કે–

(i) CKYCRના રેકર્ડમાં પ્રવર્તમાન તરીકે ગ્રાહકની માહિતીમાં કોઈ ફેરફાર હોય;

(ii) ગ્રાહકના વર્તમાન સરનામાંને વેરિફાય કરવાની જરૂર ઊભી થાય;

(iii) કંપની દ્વારા ગ્રાહકના સરનામા અથવા ઓળખને વેરિફાય કરવાનું મુનાસિબ મનાય, અથવા વિસ્તારેલી ડ્યુ ડિલિજન્સ અદા કરવા અથવા ગ્રાહક માટે યોગ્ય જોખમ પ્રોફાઈલ રચવાની જરૂરિયાત જણાય.

(iv) CKYCR પરથી ડાઉનલોડ કરેલા દસ્તાવેજોનો માન્યતા સમયગાળો સમાપ્ત થઈ ગયો છે.

54. **ફોરેન એકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયન્સ એક્ટ (FATCA) અને કોમન રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (CRS) હેઠળ રિપોર્ટિંગની જરૂરિયાત**

FATCA અને CRS હેઠળ, કંપનીએ આવક વેરાના નિયમો 114F,114G અને 114Hની જોગવાઈઓનું અનુસરણ કરવું પડે અને એ નિર્ધારિત કરવું પડે કે તે આવકવેરા ધારાના નિયમો 114F મુજબ અને તેમ છે કે કેમ, અને રિપોર્ટિંગ જરૂરિયાતો સાથે અનુસરણ માટે નીચેનાં પગલાં ભરવા પડે કંપનીને જ્યાં સુધી લાગુ પડતું હોય ત્યાં સુધી:

(a) રિપોર્ટિંગ નાણાકીય સંસ્થા તરીકે આવકવેરા વિભાગના સંલગ્ન ઈ-ફાઈલિંગ પોર્ટલ પર રજિસ્ટર કરવું આ લિંક પર https://incometaxindiaefiling.gov.in/postlogin-->MyAccount-->Register as ReportingFinancialInstitution.

(b) 'નિર્ધારિત ડાયરેક્ટર'ના ડિજિટલ હસ્તાક્ષરનો ઉપયોગ કરીને ઓનલાઈન રિપોર્ટ ફોર્મ 61B તરીકે અપલોડ કરીને અથવા તો 'નિલ' ફાઈલ કરીને સુપરત કરવો, જેના માટે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) દ્વારા તૈયાર કરાયેલી સ્કીમમાં સંદર્ભ અપાશે.

*સ્પષ્ટીકરણ: કંપની દ્વારા ફોરેન એક્સચેન્જ ડીલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (FEDAI)દ્વારા તેની વેબસાઈટ http://www.fedai.org.in/ પર પ્રકાશિત કરેલા સ્પોટ રેફરન્સ રેટ્સને જોઈ જવું જોઈએ*

*RevaluationRates.aspx નિયમ114Hના સંદર્ભમાં રિપોર્ટ કરવા યોગ્ય એકાઉન્ટને ઓળખવાના હેતુ માટે ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયા હાથ ધરવા માટે.*

(c) ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયા હાથ ધરવા અને તેને રેકર્ડ કરવા અને જાળવવા, નિયમ 114Hમાં કરાયેલી જોગવાઈ માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) માળખું ઘડવું.

(d) IT માળખા અને આવક વેરા નિયમોના નિયમ 114F, 114G અને 114Hના અનુસરણ માટે ઓડિટ પ્રણાલિ કેળવવી.

(e) "ઉચ્ચ સ્તરીય નિરીક્ષણ સમિતિ" અથવા જોખમ સમિતિની નિર્ધારિત ડાયરેક્ટર હેઠળ અથવા અન્ય સમકક્ષ નિયમનકારી હેઠળ રચના કરીને અનુસરણ સુનિશ્ચિત કરવું.

(f) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) દ્વારા સમયાંતરે વિષય પર અપડેટેડ સૂચના/ નિયમો/ માર્ગદર્શન નોંધ/ અખબારી યાદી/ જારી કરવા સાથે અનુસરણ સુનિશ્ચિત કરવું અને તે વેબસાઈટ http://www.incometaxindia.gov.in/Pages/default.aspx.પર ઉપલબ્ધ હશે. કંપની નીચેની વિગતોની નોંધ લેશે:

i. FATCAઅનેCRS વિશે અપડેટેડ માર્ગદર્શિકા નોંધ

ii. 'ક્લોઝર ઓફ ફાયનાન્સિયલ એકાઉન્ટ્સ'ની નિયમ 114H(8) હેઠળ અખબારી યાદી.

55. **પેમેન્ટ સૂચના પ્રસ્તુત કરવા માટેની અવધિ**

ચેક/ડ્રાફ્ટ/પે ઓર્ડર/બેંકર્સ ચેકને જો તેમને આવા સાધનોની તારીખથી ત્રણ મહિનાની અવધિ પછી પ્રસ્તુત કરાય તો તેનું પેમેન્ટ નહીં કરાય.

56. **એકાઉન્ટ્સ અને નાણાંની હેરફેરનું ઓપરેશન**

એકાઉન્ટ ખોલવા અને વ્યવહારોના નિરીક્ષણની સૂચનાઓનું કડકપણે પાલન થવું જોઈએ, જેથી "નાણાંની હેરફેર"ની કામગીરીને લઘુતમ કરી શકાય કે જેનો ઉપયોગ ઠગાઈયુક્ત સ્કીમોની આવકોની હેરફેર માટે કરાય છે (દા.ત. ફિશિંગ અને ઓળખની ચોરી) કે જે ગુનેગારો દ્વારા ત્રાહિત પક્ષકારોને "નાણાંની હેરફેર"ની કામગીરી તરીકે વર્તતા ત્રાહિત પક્ષકારોની ભરતી કરીને ડિપોઝિટ એકાઉન્ટ સુધી ગેરકાયદે પહોંચ પ્રાપ્ત કરવા માટે આચરવામાં આવે છે, જેને HFC તરીકે કંપનીને સંદર્ભિત હોય તે મર્યાદા સુધી અને લાગુ હોય તે મુજબ લાગુ કરવું. કંપની તેના ગ્રાહકોના લોન એકાઉન્ટ માટે ડિલિજન્સના પગલાં અને ઝીણવટપૂર્વક નિરીક્ષણ હાથ ધરશે અને FIU-IND ને શંકાસ્પદ વ્યવહારોની જાણ કરવા સહિત યોગ્ય પગલાં લેશે. તમામ સંલગ્ન સાવધાનીઓ, લાગુ અને જરૂર પડે તે મુજબ, હાથ ધરીને અનુસરણ સુનિશ્ચિત કરવું.

57. **એકાઉન્ટ પેયી ચેકનું કલેક્શન**

લોન એકાઉન્ટ માટે, એકાઉન્ટ પેયી ચેકને ગ્રાહક સિવાયની અન્ય કોઈ વ્યક્તિ માટે એકત્રિત કરાશે નહીં, કંપની તેના મતાનુસાર તેમના સહકારી ક્રેડિટ સોસાયટી હોય તેવા ગ્રાહકના એકાઉન્ટમાં રૂપિયા પચાસ હજારની મર્યાદાને ઓળંગે નહીં તેવી રકમ માટે લખાયેલા એકાઉન્ટ પેયી ચેકને એકત્રિત કરી શકે છે, જેની શરત એ છે કે આવા ચેકના ચૂકવનાર (પેયી) આવી સહકારી ક્રેડિટ સોસાયટીના ઘટક હોય.

58. a) યુનિક ગ્રાહકઓળખ કોડ (UCIC)ની કંપની અને NBFCs દ્વારા પ્રવર્તમાન વ્યક્તિગત ગ્રાહક તેમજ વ્યક્તિગત ગ્રાહકની સાથે નવા સંબંધમાં પ્રવેશતી વેળાએ ફાળવણી કરવી જોઈએ.

b) કંપની, તેમના વિકલ્પ પર, તમામ વૉક-ઇન/પ્રસંગોત્તર ગ્રાહકોને યુસીઆઈસી ઈશ્યૂ કરશે નહીં, તે શરતે કે સુનિશ્ચિત કરવામાં આવે કે આવા વૉક-ઇન ગ્રાહકોને ઓળખવા માટે પર્યાપ્ત તંત્ર છે કે જેઓ તેમની સાથે વારંવાર વ્યવહારો કરે છે અને ખાતરી કરે છે કે તેઓને યુસીઆઈસી ફાળવવામાં આવે.

59. **નવી ટેકનોલોજીની પ્રસ્તુતિ**કે જે લોન ખાતા સાથે સંબંધિત હોય તે HFC તરીકે લાગુ પડતી મર્યાદા સુધી–

મની લોન્ડરિંગ અને ત્રાસવાદના કોઈ પણ જોખમના ધિરાણ માટે પૂરતું ધ્યાન અપાશે કે જે નવી અથવા વિકસતી ટેકનોલોજીથી ઉદભવી શકે છે અને તે સુનિશ્ચિત કરાશે કે સમયાંતરે યોગ્ય KYC પ્રક્રિયા જારી કરાય અને તેનો HFC તરીકે કંપનીને સંલગ્ન મર્યાદા સુધી નવી પ્રોડક્ટ્સ/સેવાઓ/ટેકનોલોજીઓને પ્રસ્તુત કરતા પહેલાં સુયોગ્ય રીતે લાગુ કરવામાં આવે.

નવા ડિલિવરી મિકેનિઝમ્સ અને નવા અને પૂર્વ-અસ્તિત્વમાં રહેલા બંને ઉત્પાદનો માટે નવી અથવા વિકાસશીલ તકનીકોના ઉપયોગ સહિત કંપની ML/TF જોખમોને ઓળખશે અને તેની આકારણી કરશે કે જે નવા ઉત્પાદનોના વિકાસ અને નવી વ્યાસાયિક પ્રથાઓના સંબંધમાં ઉદ્દભવી શકે છે.
વધુમાં, કંપની નિમ્નલિખિત સુનિશ્ચિત કરશે:
(a) આવા ઉત્પાદનો, પ્રથાઓ, સેવાઓ, તકનીકોના લૉન્ચ અથવા ઉપયોગ પહેલાં ML/TF જોખમ અકારાણીઓ હાથ ધરવી; અને
(b) યોગ્ય EDD પગલાં અને વ્યવહાર નિરીક્ષણ વગેરે દ્વારા જોખમોનું સંચાલન કરવા અને તેને ઘટાડવા માટે જોખમ આધારિત અભિગમ અપનાવવો.

60. **PANને ક્વોટ કરવો**
ગ્રાહકનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (PAN) અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટને કંપનીને લાગુ પડતી આવકવેરા ધારાના નિયમ 114Bની જોગવાઈ અને તેમાં સમયાંતરે થયેલા સુધારા અનુસાર વ્યવહાર હાથ ધરતી વેળાએ મેળવીને વેરિફાય કરવાની રહેશે. જે વ્યક્તિ પાસે PAN અથવા સમકક્ષ ઈ-ડોક્યુમેન્ટ ન હોય તેમની પાસેથી ફોર્મ 60 પ્રાપ્ત કરાશે.

61. **થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ વેચવી-**
સમયાંતરે અમલી એવા નિયમનો અનુસાર થર્ડ પાર્ટીની પ્રોડક્ટ્સ વેચતી વેળાએ કંપની એજન્ટ તરીકે કાર્યરત થાય છે અને તેણે આ પોલિસીના હેતુ માટે નીચેનાં પાસાંનું અનુસરણ કરવું પડશે:

(a) વોક-ઈન ગ્રાહકની ઓળખ અને સરનામાંની આ પોલિસીની જરૂરિયાત મુજબ પચાસ હજાર રૂપિયાથી વધુના વ્યવહાર માટે વેરિફાય કરવી પડે.

(b) થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ અને સંલગ્ન રેકર્ડના વેચાણની વ્યવહાર વિગતોની જાળવણી આ પોલિસી હેઠળની જરૂરિયાતો મુજબ કરવાની રહેશે.

(c) AML સોફ્ટવેર કે જે CTR/STR ફાઈલ કરવાના હેતુસર એલર્ટના સર્જન અને વિશ્લેષણ, કેપ્ચર કરવા સક્ષમ હોય તેને વોક-ઈન ગ્રાહક સહિતના ગ્રાહક સાથેની થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ સંબંધે વ્યવહાર માટે ઉપલબ્ધ કરાવવું.

(d) રૂપિયા પચાસ હજાર અને તેથી ઉપરના વ્યવહારો ફક્ત આના દ્વારા જ કરી શકાશે:

- ચેક સામે ગ્રાહકના ખાતામાં ઉધાર;અને
- ગ્રાહકે આપેલા PANને પ્રાપ્ત કરીને વેરિફાય કરવું.

(e) ઉપરના 'd'ની સૂચના કંપનીની પોતાની પ્રોડક્ટ્સ, ક્રેડિટ કાર્ડ/ વેચાણના બાકી દેવાની ચૂકવણી તેમજ પ્રિપેઈડ/ ટ્રાવેલ કાર્ડ અને અન્ય પ્રોડક્ટ્સને રિલોડિંગ કરવા જેનું મૂલ્ય રૂપિયા પચાસ હજાર અને વધુ હોય.

**62. કર્મચારીને નોકરીએ રાખવા અને કર્મચારી તાલીમ**

(a) તેમના માણસોની ભરતી/ નોકરીએ રાખવાની પ્રક્રિયાના અભિન્ન અંગ તરીકે નો યોર એમ્પ્લોયી/સ્ટાફ પોલિસી સહિત પર્યાપ્ત સ્ક્રીનિંગની પ્રણાલિ અસ્તિત્વમાં હોવી જોઈએ.

(b) કંપની એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે કે KYC/AML/CFT બાબતો માટે કામ કરતા/તૈનાત કરાયેલા કર્મચારીઓ નિમ્નલિખિત ધરાવે છે: ઉચ્ચ અખંડિતતા અને નૈતિક ધોરણો, હાલના KYC/AML/CFT ધોરણોની સારી સમજણ, અસરકારક સંચાર કૌશલ્ય અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા KYC/AML/CFT લેન્ડસ્કેપને જાળવી રાખવાની ક્ષમતા. કંપની એવા વાતાવરણને વિકસાવવા માટે પણ પ્રયત્ન કરશે જે કર્મચારીઓ વચ્ચે નિખાલસ સંચાર અને ઉચ્ચ અખંડિતતાને પ્રોત્સાહિત કરે.

(c) પ્રવર્તમાન કર્મચારી તાલીમ કાર્યક્રમ અમલમાં હોવો જોઈએ જેથી સ્ટાફના સભ્યોને KYC /AML/CFT પોલિસીમાં પૂરતી તાલીમ આપી શકાય. તાલીમનું સમગ્ર ધ્યાન ફ્રન્ટલાઈન સ્ટાફ, અનુસરણ સ્ટાફ અને નવા ગ્રાહક સાથે કામ પાર પાડનારા સ્ટાફ માટે અલગ-અલગ દિશામાં કેન્દ્રિત હોવું જોઈએ. ફ્રન્ટ ડેસ્ક સ્ટાફને ગ્રાહકમાં શિક્ષણના અભાવને કારણે ઉદભવતા પ્રશ્નોને ઉકેલવા ખાસ તાલીમ અપાયેલી હોવી જોઈએ. ઓડિટ કામગીરી માટે પર્યાપ્ત તાલીમબદ્ધ અને કંપનીની KYC /AML/CFT પોલિસીની સુવ્યવસ્થિત જાણકારી ધરાવનારા કર્મચારીઓનું સુયોગ્ય સ્ટાફિંગ, નિયમન અને સંલગ્ન મુદ્દાઓને સુનિશ્ચિત કરવા જોઈએ.

## પરિશિષ્ટ I

## <u>ડિજિટલ KYCપ્રક્રિયા</u>

A. કંપની દ્વારા શક્ય હોય ત્યાં સુધી ડિજિટલ KYC વેરિફિકેશન માટે એક એપ્લિકેશન વિકસાવવાની રહેશે, જે તેમના ગ્રાહકો માટે KYC હાથ ધરવાના કસ્ટમર ટચ પોઈન્ટ ખાતે ઉપલબ્ધ હશે અને KYC પ્રક્રિયા શક્ય હોય ત્યાં સુધી માત્ર કંપનીની આ ઓથેન્ટિકેટેડ એપ્લિકેશન દ્વારા જ હાથ ધરાશે. તમામ પ્રકારના ગ્રાહકો પાસેથી કંપનીના બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી ક્રેડિટ પોલિસી અનુસાર એકત્રિત કરાયેલા KYC દસ્તાવેજોને માન્ય તથા બંધનકર્તા ગણાશે, જે RBI/ NHB દ્વારા નોટિફાય અને સરક્યુલેટ કરાયેલી નિયમનકારી જોગવાઈઓના અનુસરણને આધિન રહેશે.

B. એપ્લિકેશન સુધીની પહોંચ કંપની દ્વારા નિયંત્રિત રહેશે અને તેણે સુનિશ્ચિત કરવું જોઈએ કે તેનો અનધિકૃત વ્યક્તિઓ દ્વારા ઉપયોગ કરાય નહીં. આ એપ્લિકેશન સુધી ફક્ત લોગિન-આઈડી અને પાસવર્ડ અથવા લાઈવ OTP અથવા ટાઈમ OTP નિયંત્રિત મિકેનિઝમ દ્વારા જ પહોંચ પ્રાપ્ત થવી જોઈએ જે કંપની દ્વારા તેના અધિકૃત અધિકારીઓને અપાશે.

C. ગ્રાહક KYCના ઉદ્દેશથી, કંપનીના અધિકૃત અધિકારીના સ્થળની અથવા અધિકારી ગ્રાહકની મુલાકાત લઈ શકે છે. અસલ OVD ગ્રાહકના કબજામાં જ રહેશે.

D. કંપનીએ સુનિશ્ચિત કરવું પડે કે અધિકૃત અધિકારી દ્વારા ગ્રાહકનો લાઈવ ફોટોગ્રાફ લેવામાં આવે અને તે ફોટોગ્રાફ જ ગ્રાહકના અરજીપત્રમાં (CAF) ચોંટાડાય. તદ્દુપરાંત કંપનીની સિસ્ટમએપ્લિકેશનમાં CAF નંબર, GPS કોઓર્ડિનેટ્સ, અધિકૃત અધિકારીનું નામ, યુનિક એમ્પ્લોઈ કોડ (કંપની દ્વારા ફાળવેલો) અને તારીખ (DD:MM:YYYY)અને ગ્રાહકના કેપ્ચર કરેલા લાઈવ ફોટોગ્રાફ પર ટાઈમ સ્ટેમ્પ(HH:MM:SS) ધરાવતા હોય તે રીતે વાંચી શકાય તેમ વોટર-માર્ક રાખવો પડશે.

E. કંપનીની એપ્લિકેશનમાં એવું ફીચર હોવું જોઈએ કે ફક્ત ગ્રાહકનો લાઈવ ફોટોગ્રાફ જ કેપ્ચર થાય અને તેનો કોઈ પ્રિન્ટેડ કે વિડિયો-ગ્રાફ કરેલો ફોટો કેપ્ચર ન થઈ શકે. ગ્રાહકનો લાઈવ ફોટોગ્રાફ કેપ્ચર કરતી વેળાએ તેનું બેકગ્રાઉન્ડ સફેદ રંગનું હોવું જોઈએ અને આ વેળાએ કોઈ અન્ય વ્યક્તિ ફ્રેમમાં આવવી ન જોઇએ.

F. આ પ્રકારે જ, અસલ OVDના લાઈવ ફોટોગ્રાફ અથવા જ્યાં ઓફલાઈન વેરિફિકેશન કરી શકાયું ન હોય ત્યાં આધારના કબજાનો પૂરાવો (આડો ગોઠવવો), ઉપરથી ઊભો કેપ્ચર કરાવો જોઈએ અને ઉપરોક્ત ઉલ્લેખ મુજબ વાંચી શકાય તેવા સ્વરૂપમાં વોટર-માર્કિંગ કરાવું જોઈએ. મોબાઈલ ડિવાઈસમાં કોઈ ટિલ્ટ અથવા ડાઘા અસલ દસ્તાવેજોના લાઈવ ફોટોગ્રાફ કેપ્ચર કરતી વેળાએ

આવવા જોઈએ નહીં.

G. ગ્રાહક અને તેના અસલ દસ્તાવેજોના લાઈવ ફોટોગ્રાફ યોગ્ય સૂર્યપ્રકાશમાં લેવા જોઇએ જેથી તે સ્પષ્ટ રીતે વાંચી શકાય અને ઓળખી શકાય.

H. ત્યારબાદ, CAFમાં બધી એન્ટ્રી દસ્તાવેજો અને ગ્રાહકે પૂરી પાડેલી માહિતી અનુસાર ભરવાની રહેશે. તે દસ્તાવેજો કે જેમાં ક્વિક રિસ્પોન્સ (QR) કોડ ઉપલબ્ધ છે, ત્યાં આવી વિગતોને મેન્યુઅલી ભરવાને બદલે QR કોડને જ સ્કેન કરીને ઓટો-પોપ્યુલેટેડ કરી શકાશે. ઉદાહરણ સ્વરૂપે, UIDAIમાંથી ડાઉનલોડ કરેલા ફિઝિકલ આધાર/ઈ-આધારના સંજોગોમાં કે જ્યાં QR કોડ ઉપલબ્ધ છે, ત્યાં આધાર/ઈ-આધાર પરનો QR કોડ સ્કેન કરીને નામ, જાતિ, જન્મની તારીખ અને સરનામાં જેવી વિગતોને ઓટો-પોપ્યુલેટેડ કરી શકાશે.

I. ઉપરોક્ત પ્રક્રિયા એક વાર પૂર્ણ થઈ જાય એટલે, 'OTP શેર કરતા પહેલાં ફોર્મમાં ભરેલી વિગતોને કૃપા કરીને વેરિફાય કરો' તેવું લખાણ ધરાવતો એક વન ટાઈમ પાસવર્ડ (OTP) ગ્રાહકના પોતાના મોબાઈલ નંબર પર કલાશે. OTPના સફળ વેરિફિકેશન થવા પર તેને ગ્રાહકના CAF પરના હસ્તાક્ષર તરીકે ગણી લેવાશે. જો કે, ગ્રાહક પાસે પોતાનો મોબાઈલ નંબર નહીં હોય તો તેના પરિવાર/ સંબંધી/ જાણીતી વ્યક્તિના મોબાઈલ નંબરનો પણ આ હેતુસર ઉપયોગ કરી શકાશે અને CAFમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થશે. કોઈ પણ સંજોગોમાં કંપનીમાં નોંધાયેલા અધિકૃત અધિકારીના મોબાઈલ નંબરનો ગ્રાહકના હસ્તાક્ષર માટે ઉપયોગ નહીં કરાય. કંપનીએ એ ચકાસવું પડશે કે ગ્રાહકના હસ્તાક્ષર માટે ઉપયોગમાં લેવાયેલો મોબાઈલ નંબર કોઈ પણ સંજોગોમાં કંપનીના અધિકૃત અધિકારીનો નથી.

J. અધિકૃત અધિકારીએ ગ્રાહક અને અસલ દસ્તાવેજોના લાઈવ ફોટોગ્રાફને કેપ્ચર કરવા બાબતે ડેક્લેરેશન પૂરું પાડવું પડે. આ હેતુસર, અધિકૃત અધિકારીને વન ટાઈમ પાસવર્ડ (OTP) વડે વેરિફાય કરવાના રહેશે. OTPના સફળ વેરિફિકેશન પર તેને ડેક્લેરેશન પર અધિકૃત અધિકારીના હસ્તાક્ષર તરીકે ગણી લેવાશે. અધિકૃત અધિકારીના લાઈવ ફોટોગ્રાફને પણ આ અધિકૃત અધિકારીના ડેક્લેરેશનમાં કેપ્ચર કરાશે.

K. આ તમામ પ્રવૃત્તિઓ પૂર્ણ થયા બાદ, એપ્લિકેશન દ્વારા પ્રક્રિયા પૂર્ણ થયાની માહિતી અપાશે અને કંપનીના એક્ટિવેશન અધિકારીને એક્ટિવેશન વિનંતી મોકલાશે, અને પ્રોસેસ કરવા માટે ટ્રાન્ઝેક્શન-આઈડી/ રેફરન્સ-આઈડી જનરેટ કરશે. અધિકૃત અધિકારીએ ભાવિ સંદર્ભ માટે ગ્રાહકને આ ટ્રાન્ઝેક્શન-આઈડી/ રેફરન્સ-આઈડી સંબંધિત વિગતો મોકલવાની રહેશે.

L. કંપનીના અધિકૃત અધિકારી ચકાસણી અને વેરિફાય કરશે કેઃ-(i) દસ્તાવેજની તસવીરમાં ઉપલબ્ધ માહિતી CAFમાં અધિકૃત અધિકારીએ એન્ટર કરેલી માહિતી સાથે મેળ ખાય છે. (ii) ગ્રાહકનો લાઈવ ફોટોગ્રાફ દસ્તાવેજમાં ઉપલબ્ધ ફોટો સાથે મેળ ખાય છે; અને (iii) ફરજિયાત ખાનાં સહિત CAFમાં તમામ જરૂરી વિગતો યોગ્ય રીતે ભરાયેલી છે.;

M. વેરિફિકેશન સફળતાપૂર્વક થવા પર, CAF પર કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ડિજિટલ હસ્તાક્ષર થયેલા હોવા જોઈએ કે જેઓ CAFની પ્રિન્ટ લેશે, યોગ્ય સ્થળે ગ્રાહકના હસ્તાક્ષર/ અંગૂઠાનું નિશાન મેળવશે, અને પછી સ્કેન કરી સિસ્ટમમાં તેને અપલોડ કરશે. અસલ હાર્ડ કોપી ગ્રાહકને પરત કરાઈ શકે છે.

## પરિશિષ્ટ ॥

**PIS હેઠળ યોગ્યતા ધરાવતાFPIs માટેનાKYCદસ્તાવેજો**

| 1)કેટેગરી | | FPIType | | |
|---|---|---|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | | કેટેગરીI | કેટેગરીII | કેટેગરીIII |
| એકમ /કંપની સ્તર | ઘટકરૂપ દસ્તાવેજો (મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિયેશન, સ્થાપનાનું પ્રમાણપત્ર વગેરે) | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |
| | રહેઠાણનો પૂરાવો | ફરજિયાત (કુલમુખત્યારનામું {POA}જેમાં ઉલ્લેખ હોય કે સરનામું એ રહેઠાણના પૂરાવા તરીકે સ્વીકાર્ય છે) | ફરજિયાત (કુલમુખત્યારનામું {POA}જેમાં ઉલ્લેખ હોય કે સરનામું એ રહેઠાણના પૂરાવા તરીકે સ્વીકાર્ય છે) | ફરજિયાત otherthanકુલમુખત્યાર નામું |

| | | | | |
|---|---|---|---|---|
| | PAN | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |
| | નાણાકીય ડેટા | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | ફરજિયાત |
| | SEBIનોંધણીનું પ્રમાણપત્ર | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |
| | બોર્ડનો ઠરાવ @@ | મુક્તિ અપાયેલ* | ફરજિયાત | ફરજિયાત |
| સિનિયર મેનેજમેન્ટ (પૂર્ણકાલીનડાયરેક્ટર્સ/ભાગીદારો/ ટ્રસ્ટીઓ/વગેરે) | યાદી | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |
| | ઓળખનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | એકમ ઘોષિત* લેટર હેડ પર જેમાં પૂરું નામ, રાષ્ટ્રીયતા, જન્મની તારીખ હોય અથવા ફોટો ઓળખપત્ર રજૂ કરાયું હોય |
| | રહેઠાણનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | લેટરહેડ પર ડેક્લેરેશન* |
| | ફોટોગ્રાફ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ* |
| અધિકૃત હસ્તાક્ષરકર્તા | યાદી અને હસ્તાક્ષર | ફરજિયાત – ગ્લોબલ કસ્ટોડિયન હસ્તાક્ષરકર્તાની યાદી આપી શકાય જો PoA ગ્લોબલ કસ્ટોડિયન હોય | ફરજિયાત - ગ્લોબલ કસ્ટોડિયન હસ્તાક્ષરકર્તાની યાદી આપી શકાય જો PoA ગ્લોબલ કસ્ટોડિયન હોય | ફરજિયાત |
| | ઓળખનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | ફરજિયાત |
| | રહેઠાણનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | લેટરહેડ પર ડેક્લેરેશન* |
| | ફોટોગ્રાફ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ* |
| અંતિમ લાભાર્થી માલિક(UBO ) | યાદી | મુક્તિ અપાયેલ* | ફરજિયાત(જાહેરાત કરી શકે "કોઈ UBO25%થી વધુ નથી") | ફરજિયાત |
| | ઓળખનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | ફરજિયાત |
| | રહેઠાણનો પૂરાવો | મુક્તિ અપાયેલ* | મુક્તિ અપાયેલ* | લેટરહેડ પર ડેક્લેરેશન* |
| | ફોટોગ્રાફ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ | મુક્તિ અપાયેલ* |

નોંધ:- * બેંક એકાઉન્ટ ખોલાવતી વેળાએ જરૂર નથી. જો કે, સંલગ્ન FPIs બાંહેધરીપત્ર આપી શકે કે નિયમનકારો/ કાયદાપાલન એજન્સીઓ દ્વારા માગણી કરાયે કંપનીને સંલગ્ન દસ્તાવેજો સુપરત કરી દેવાશે.

@@ FPIs જે ચોક્કસ અધિકારક્ષેત્ર ધરાવે છે કે જ્યાં બેંક એકાઉન્ટ ખોલાવવાના હેતુ માટે બોર્ડનો ઠરાવ પસાર કરવાની પ્રણાલિ ફોક નથી, તેઓ બોર્ડ ઠરાવના બદલામાં વૈશ્વિક કસ્ટોડિયન/ સ્થાનિક કસ્ટોડિયનને અપાયેલું કુલમુખત્યારનામું સુપરત કરી શકે છે.

| 2) કેટેગરી | **વિદેશી રોકાણકારો માટે લાયક** |
|---|---|
| I. | વિદેશી સેન્ટ્રલ બેંકો, સરકારી એજન્સીઓ, સોવેરિન વેલ્થ ફંડ, આંતરરાષ્ટ્રીય/ બહુરાષ્ટ્રીય સંગઠનો, એજન્સીઓ જેવા સંબંધિત સરકારી અને સરકાર સંબંધિત વિદેશી રોકાણકારો. |
| II. | a) મ્યુચ્યુઅલ ફંડ, રોકાણ ટ્રસ્ટ, વીમા/ પુનઃવીમા કંપનીઓ, અન્ય બોર્ડ આધારિત ફંડ વગેરે જેવા સુયોગ્ય નિયમન હેઠળના ફંડ.<br>b) બેંક, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ, ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ/ એડવાઈઝર્સ, પોર્ટફોલિયો મેનેજર્સ વગેરે જેવા સુયોગ્ય નિયમન હેઠળના એકમો.<br>c) જેમના રોકાણ મેનેજર યોગ્ય રીતે નિયમન હેઠળ હોય તેવા બૃહદ ફંડ.<br>d) યુનિવર્સિટી ફંડ અને પેન્શન ફંડ.<br>e) યુનિવર્સિટી સંબંધિત એન્ડોવ્મેન્ટ કે જે અગાઉથી SEBIસમક્ષ FII/પેટા એકાઉન્ટ તરીકે રજિસ્ટર્ડ છે. |

| | |
|---|---|
| III. | PIS રૂટ હેઠળ ભારતમાં રોકાણ કરતા અન્ય તમામ લાયક ઠરેલા વિદેશી રોકાણકારો કે જેઓ કેટેગરી । અને ॥ હેઠળ એન્ડોવ્મેન્ટ, ચેરિટેબલ સોસાયટી/ ટ્રસ્ટ, ફાઉન્ડેશન, કોર્પોરેટ બોડી, ટ્રસ્ટ, વ્યક્તિગત, પારિવારિક કચેરી, વગેરે જેવા માટે લાયક ઠરતા ન હોય. |

**પરિશિષ્ટ III**

**વધારાના KYC દસ્તાવેજોની યાદીને નીચા જોખમની કેટેગરીના ગ્રાહકો માટે ગણી શકાય:**

**આ એક સંકેતાત્મક દસ્તાવેજોની યાદી છે કે જેને નીચા જોખમની કેટેગરીવાળા ગ્રાહકો પાસેથી મેળવી શકાય. વધુ માર્ગદર્શન માટે કૃપા કરીને આ પોલિસીના સંલગ્ન વિભાગો તેમજ ક્રેડિટ પોલિસીને વાંચી જશો.**

3) **વ્યક્તિગત ગ્રાહકો માટેનાKYCદસ્તાવે**

| **અનુ. નં.** | **સ્વીકાર્ય દસ્તાવેજો** | **ઓળખ** | **રહેઠાણનો પૂરાવો** | **હસ્તાક્ષર** | **જન્મ ની તારીખ** |
|---|---|---|---|---|---|
| 1 | PANકાર્ડ | હા | ના | હા | હા |
| 2 | આધારUID કાર્ડ | હા | હા | ના | હા |
| 3 | મતદાર ઓળખ કાર્ડ | હા | હા | ના | હા |
| 4 | ડ્રાઈવિંગ લાઈસન્સ | હા | હા | ના | હા |
| 5 | નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલ પત્ર જેમાં નામ અને સરનામાંની વિગતો છે. | હા | હા | ના | ના |
| 6 | માન્ય પાસપોર્ટ | હા | હા | હા | હા |
| 7 | રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારના વિભાગો, વૈધાનિક અથવા નિયમનકારી સંસ્થાઓ, જાહેરક્ષેત્રના સાહસો, શિડ્યુલ કોમર્શિયલ બેંકો અને જાહેર નાણાકીય સંસ્થાઓ દ્વારા જારી કરાયેલા અરજદારના ફોટોગ્રાફ સહિતના ઓળખ કાર્ડ. | હા | ના | ના | હા |
| 8 | NREGA/ સરકારી એજન્સી/ સાહસો દ્વારા જારી કરાયેલા જોબ કાર્ડ | હા | ના | ના | હા |
| 9 | ગેઝેટેડ ઓફિસર દ્વારા વ્યક્તિના યોગ્ય એટેસ્ટેડ ફોટોગ્રાફ સહિત જારી કરાયેલો પત્ર | હા | ના | ના | ના |
| 10 | ગ્રાહકની ઓળખ/ ફોટોને વેરિફાય કરતા ગેઝેટેડ ઓફિસર અથવા માન્ય જાહેર સત્તાવાળાનો પત્ર | હા | ના | ના | ના |
| 11 | બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટનું 1લું પાનું/ પાસબુક **જેની પર ફોટોગ્રાફ અને ફોટા પર બેંકનો સિક્કો હોય** | હા | હા | ના | ના |
| 12 | યુટિલિટી બિલ (વીજળી, લેન્ડલાઈન ટેલિફોન, પોસ્ટ પેઈડ મોબાઈલ, પાઈપ્ડ ગેસ લાઈન, પાણી)ના બિલ કે જે 2 મહિના કરતા જૂના ન હોય. | ના | હા | ના | ના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | લાગુ પડે તે રીતે પોલિસી/ પ્રક્રિયા અનુસાર ગ્રાહકના નામે યોગ્ય રીતે નોંધાયેલા અસલ/ એટેસ્ટેડ વેચાણખત/ કરારને એકત્ર કરવાના રહેશે<br><br>હાલના સરનામા કરતા ભિન્ન સરનામું ધરાવતા સ્વીકાર્ય OVD દસ્તાવેજ અનુસાર રહેઠાણનો પૂરાવો સુપરત કરવાનો હોય તો તે સંજોગોમાં આવા OVD સરનામાંના પૂરાવાને ઓરિજિનલ અને FI/વેરિફિકેશન સાથે શ્રેષ્ઠ પ્રયાસોપૂર્વક વેરિફાય કરવાના રહે. વર્તમાન રહેઠાણના પૂરાવા તરીકે ગ્રાહક ભાડાકરાર/ રહેઠાણ અને પરવાના કરાર અથવા સ્વ-ડેક્લેરેશન રજૂ કરી શકે અને FI એજન્સી/કંપની/ બ્રાન્ચ અધિકારી દ્વારા રૂબરૂ મુલાકાત થકી તેને વેરિફાય કરવાનું રહેશે. | ના | હા | ના | ના |
| 14 | લેટેસ્ટ મિલ્કત અથવા મ્યુનિસિપલ વેરાની રસીદ | ના | હા | ના | ના |
| 15 | રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારી વિભાગ, વૈધાનિક અથવા નિયમનકારી સંસ્થા, જાહેર ક્ષેત્રના સાહસો, શિડ્યુલ કોમર્શિયલ બેંક, નાણાકીય સંસ્થાઓ અને લિસ્ટેડ કંપનીઓ દ્વારા જારી કરાયેલા નોકરીદાતા તરફથી રહેઠાણની ફાળવણીનો પત્ર તેમજ સત્તાવાર નિવાસની ફાળવણી માટે આવા નોકરીદાતા સાથે થયેલા રજા અને પરવાના કરાર | ના | હા | ના | ના |
| 16 | પેન્શન અથવા ફેમિલિ પેન્શન પેમેન્ટ ઓર્ડર્સ (PPO) કે જે સરકારી વિભાગો અથવા જાહેર સાહસો દ્વારા નિવૃત્ત કર્મચારીઓને અપાય છે, જો તેમાં સરનામું હોય તો | ના | હા | ના | ના |
| 17 | યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલો પત્ર જેમાં નામ, સરનામું અને આધાર નંબર હોય | ના | હા | ના | ના |
| 18 | જન્મનું પ્રમાણપત્ર(સરકારી એજન્સી) | ના | ના | ના | હા |
| 19 | સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (10મું/12મું) | ના | ના | ના | હા |
| 20 | ઋણલેનારનું જ્યાં એકાઉન્ટ છે તે બેંક તરફથી હસ્તાક્ષરના વેરિફિકેશનનું પ્રમાણપત્ર | ના | ના | હા | ના |

**3.1.પેઢી/ કંપની પાસેથી સરનામાંના પૂરાવા તરીકે પ્રાપ્ત કરવાના દસ્તાવેજોની યાદી(કોઈ એક)**

| અનુ. નં. | દસ્તાવેજ | પેઢી | કંપની |
|---|---|---|---|
| 1 | પેઢીનું છેલ્લું વીજળીનું અથવા ટેલિફોન બિલ (2 મહિના કરતા જૂનું નહીં) | હા | હા |
| 2 | વ્યાપાર નોંધણીનું પ્રમાણપત્ર, કોઈ હોય તો(GST) | હા | હા |
| 3 | નેશનલાઈઝ્ડ /શિડ્યુલ કોમર્શિયલ બેંકનું બેંક સ્ટેટમેન્ટ | હા | હા |
| 4 | લેટેસ્ટ સુધારેલા ભાગીદારી કરારની પ્રમાણિત નકલ | હા | ના |
| 5 | PAN કાર્ડ એલોટમેન્ટ લેટરની નકલ | હા | હા |

## પરિશિષ્ઠ-IV

**A.બિલ્ડર/ પ્રોજેક્ટ/ કોર્પોરેટ ગ્રાહકોને લગતા STRની નિર્દેશાત્મક યાદી**

1. ગ્રાહકના કાનૂની માળખાને અસંખ્યવાર બદલવામાં આવ્યા હોય (નામ બદલાય, માલિકીપણામાં ફેરફાર, કોર્પોરેટ સીટમાં ફેરફાર) ;

2. AHFLનો પ્રોજેક્ટના કુલ ખર્ચની તુલનામાં નાની લોન માટે સંપર્ક કરતા બિલ્ડર;
3. પ્રોજેક્ટના ફન્ડિંગના સ્ત્રોતોને સમજાવવામાં બિલ્ડર અસમર્થ રહે;
4. વિવિધ સત્તાવાળાઓની મંજૂરી/અનુમતિઓ નકલી જણાય અથવા એવું લાગે કે ગ્રાહક જરૂરી સરકારી મંજૂરીઓ/ ફાઈલિંગ, વગેરે મેળવવા ઈચ્છતો જ નથી;
5. મેનેજમેન્ટ અજાણ્યા અથવા અયોગ્ય વ્યક્તિ(ઓ)ની સૂચનાઓ મુજબ કાર્યરત હોવાનું જણાય;
6. કર્મચારીઓની સંખ્યા અથવા માળખું વ્યાપારના પ્રકાર અથવા કદની બહારનું હોય (ઉદાહરણ સ્વરૂપે કંપનીનું ટર્નઓવર કર્મચારીઓની સંખ્યા અને ઉપયોગમાં લેવાતી અસ્ક્યામતની તુલનામાં ગેરવાજબી રીતે ઊંચુ હોય);
7. પર્યાપ્ત કેન્દ્રીયકૃત કોર્પોરેટ વિહંગાવલોકન ન ધરાવતા બહુધા ન્યાયક્ષેત્રવાળી કામગીરીવાળા ગ્રાહકો;
8. કાનૂની વ્યવસ્થા નિર્ધારિત કરવા અંગેની સલાહનો માલિકીપણા અથવા વાસ્તવિક આર્થિક ઉદ્દેશને જાણવા ઉપયોગ કરાઈ શકે છે (ટ્રસ્ટ, કંપનીની સ્થાપના અથવા નામ/કોર્પોરેટ સીટ અથવા અન્ય જટિલ ગ્રુપ માળખામાં ફેરફાર સહિત);
9. રોકડમાં ઉચ્ચ સ્તરના વ્યવહારો ધરાવતા એકમો અથવા ત્વરિત તબદિલી માટેની અસ્ક્યામતો કે જેમાં ગેરકાયદે ફંડને સામેલ કરી શકાય તેમ હોય.
10. બેરર શેરને અનુમતિ આપનારા દેશોમાં ગ્રાહકની સ્થાપના થઈ હોય.

**B.રિપોર્ટ કરવા માટેના CTR/STRવ્યવહારોની નિર્દેશાત્મક યાદી (વ્યક્તિગતગ્રાહકો)**

1. ગ્રાહકને લગતી વિગતોમાં અસંખ્યવાર બદલવામાં આવ્યા હોય (નામ બદલાય, માલિકીપણામાં ફેરફાર, કોર્પોરેટ સીટમાં ફેરફાર);
2. બિનજરૂરી રીતે જટિલ ગ્રાહક માળખું;
3. વ્યક્તિગત અથવા વ્યવહારોના વર્ગો કે જે બિઝનેસ પ્રોફાઈલને અસંબંધ રીતે થયા હોય, અને અપેક્ષિત પ્રવૃત્તિઓ/અજાણ્યા વ્યવહાર;
4. ગ્રાહકમાહિતી, ડેટા, દસ્તાવેજો પૂરા પાડવા અંગે ખચકાતો હોય;
5. ખોટા ડોક્યુમેન્ટ, ડેટા, લોનનો ઉદ્દેશ, એકાઉન્ટની વિગતોની પ્રસ્તુતિ;
6. આવકના સોતની વિગતો કે જેનાથી પ્રારંભિક યોગદાન કરાયું હોય તે રજૂ કરવાથી ઈનકાર કરે, બન્ક ખાતામાં ફંડ્સના સોતો શંકાસ્પદ હોય વગેરે;
7. રૂબરૂમાં મળવાનો ખચકાટ, ત્રાહિત પક્ષ/કુલમુખત્યારનામું ધારક દ્વારા વિના કારણે પ્રતિનિધિત્વ કરે;
8. લોન અરજૂમાં પૂરા પડાયા હોય તેવા ગ્રાહકના રહેઠાણ અથવા બિઝનેસના સરનામાંથી દૂર હોય તેવી AHFL બ્રાન્ચ/ઓફિસનો સંપર્ક કરૂ, જ્યારે કે AHFLની કોઈ બ્રાન્ચ/ઓફિસ અપાયેલા સરનામાની નજીક હોય;
9. એ સ્પષ્ટીકરણ આપવામાં અસમર્થ કે શા માટે બન્ક એકાઉન્ટ સ્ટેમેન્ટ/ બહુધા એકાઉન્ટમાં આટલી બધી ટ્રાન્સફર છે;
10. પ્રારંભિક યોગદાન અસંબંધ થર્ડ પાર્ટી અકાઉન્ટ્સ મારફત ફંડના સોતની યોગ્ય ખાતરી વગર કરવામાં આવ્યું હોય;
11. ટૉપ-અપ લોન અને/અથવા ઈક્વિટી લોન મેળવવી, લોનની રકમના ઉપયોગની પૂરતી ખાતરી કર્યા વગર અને લોનના આખરી ઉપયોગના અનુપાતમાં ન હોય.
12. લોન મંજૂર કરવા માટે આવકના સોતના બનાવટી માધ્યમોની ભલામણ કરે;
13. વ્યવહારથી જ્યાં આર્થિક વિચારણા મળતી ન હોય;
14. ઠગાઈ જણાય;ગ્રા હ ક પા સે થી બ્રા ન્ય ને કો ઈ ન ક લી ચ લ ણી નો ટો મ ળે તો તે ને NHB/RBIપરિપત્ર/ નોટિફિકેશન હેઠળ રિપોર્ટ કરવાનું રહેશે;
15. અજાણ્યા સ્ત્રોત સાથે અસામાન્ય નાણાકીય વ્યવહારો;
16. અસંકલિત અથવા અજાણ્યા ત્રાહિત પક્ષકારો પાસેથી મળેલું પેમેન્ટ અને રોકડમાં ફી માટે પેમેન્ટ જ્યાં પેમેન્ટ માટે આ પરંપરાગત રીત નથી હોતી;
17. લોનના ખરા લાભાર્થી અને ખરીદવાના રહેતા ફ્લેટ વિશે ગંભીર શંકાઓ હોય;
18. કાલ્પનિક બેંક એકાઉન્ટ ખોલાવીને લોનની રકમનું એન્કેશમેન્ટ;
19. એ જાણકારી સાથે લોન માટે અરજી કરવી કે ફાઈનાન્સ કરવાની રહેતી પ્રોપર્ટી/ડ્વેલિંગ યુનિટને અગાઉ ફંડ આપવામાં આવ્યું છે અને તે હજી બાકી છે અને આ વિગત છુપાવવી;
20. વેચાણ માટેનાં કરારમાં જણાવેલ વેચાણ મૂલ્ય એરિયા ઑફ પર્ચેઝમાં સૂચિત પ્રકાશિત દરોમાં પ્રવર્તમાન દરો કરતા અસાધારણ રીતે વધારે/ઓછું છે.
21. એ જ મિલ્કત/રહેઠાણના યુનિટ માટે મલ્ટિપલ ફન્ડિંગ;

22. વ્યવહાર સાથે જેનો નાતો નથી તે ત્રાહિત પક્ષકારની તરફેણમાં પેમેન્ટ માટેની વિનંતી;
23. વેન્ડર/ બિલ્ડર/ ડેવલપર/ બ્રોકર/ એજન્ટ વગેરે સાથે સાંઠગાંઠ સાધીને લોનની રકમો ગ્રાહક દ્વારા નિર્ધારિત કરતા અલગ ઉદ્દેશ માટે ઉપયોગ.
24. મલ્ટિપલ ફન્ડિંગ/NGOને સમાવતુંફાયનાન્સિંગ/ ચેરિટેબલ સંસ્થા/ નાના / મિડિયમ સાહસો (SMEs) / સ્વ સહાય જૂથો (SHGs)/ માઈક્રો ફાઈનાન્સ જૂથો (MFGs)
25. સરનામામાં ફેરફાર માટે વારંવાર વિનંતીઓ;
26. હપ્તાની ઉપર વધુ રકમની ચૂકવણી અને સાથે વધુ ચૂકવાયેલી રકમના રિફંડની વિનંતી.
27. રીઅલ એસ્ટેટમાં અપેક્ષિત અથવા સરકાર દ્વારા સૂચિત દરો કરતા વધારે/ઓછી કિંમતમાં રોકાણ.

*****************************